આકાશ મહેક મહેક, ધરતીનીં પ્રીતથી

IBGA1 42.

આકાશ મહેક મહેક, ધરતીની પ્રીતથી

લેખિકા: લિલિયન પ્રોક્ટર
રૂપાંતર: ભગવતપ્રસાદ ચૌહાણ

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

પ્રકાશક:
ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી,
સાહિત્ય સેવાસદન, એલિસબ્રિજ,
અમદાવાદ, ૩૮૦૦૦૬

આકાશ મહેક મહેક, ધરતીની પ્રીતથી

પ્રથમ આવૃત્તિ: સપ્ટેમ્બર, ૧૯૭૭

મૂલ્ય: ત્રણ રૂપિયા

મુદ્રક: એસ. એબ્રિલ એસ. જે., આણંદ પ્રેસ, ગામડી-આણંદ

નિવેદન

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીએ એની ૧૨૫ મી જ્યુબિલી નિમિત્તે Creative Literature એટલે કે સર્જનાત્મક સાહિત્યક્ષેત્રે, ખાસ કરીને નવલકથા અને નાટકમાં વિશેષ સક્રિય થવાનો નિર્ણય કર્યો છે. રસમાં તરબોળ કરી દે તેવી આ નવલકથાનો સમય ઈસુના સેવાકાર્ય (ministry) નો છે, અને તેનો આંખે દેખ્યો અહેવાલ રજૂ થાય છે રોમન ટ્રિબ્યૂન ક્લોડિયસ લુસાનિયસના મુખે. ઈસુના જીવન સાથે સંકળાયેલાં લગભગ બધાં પાત્રો આ રસસભર ચિત્રાત્મક કથામાં પોતાનો ભાગ ભજવી જાય છે. બળવાન પાત્રચિત્રણ અને સુંદર વસ્તુગૂંથનને કારણે કથા અંત સુધી વાચનરસ ટકાવી રાખી કથાનાયક ઈસુના જીવનમાંથી પ્રેરણા આપનાર બની રહે છે.

આ નવલકથાની હસ્તપ્રતનું વાચન કરી ઉપયોગી સૂચનો કરવા બદલ રેવ. જયાનંદભાઈ ચૌહાનનો હું આભારી છું. પ્રકાશન બદલ ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીનો પણ આભાર માનું છું.

— ભગવતપ્રસાદ ચૌહાણ

લેખકનાં અન્ય પ્રકાશનો

- સૂરજમાં લોહીની કૂંપળ (કાવ્ય સંગ્રહ)
  (રૂપાલી પ્રકાશન)
- વેદના અને વિજય (નાટક)
- બેનહૂર (નવલકથા)—પ્રેસમાં
- સ્રીપુરુષસંબંધ (I Married You નો અનુવાદ)
- ગુલમહોર અને ગગન (નવલકથા)

આકાશ મહેક મહેક, ધરતીની પ્રીતથી

રૂપાંતર: ભગવતપ્રસાદ ચૌહાણ

અર્પણ: રેવ. સી. કે. યંગને

યરૂશાલેમ

અમારી આગળ પોર્ટ્રિજ (તેતર જેવાં) પક્ષીઓની એક મંડળી રસ્તાની ધારે ધારે દોડતી હતી. મારી સાથે જ, ઘોડો દોડાવતા, મિસરી સરદાર ઝોલ્ડી પ્રતિ મેં જોયું. એનું મન આગળના પ્રવાસમાં, અમારી પાછળ પાછળ આવતા સિપાઈઓમાં, અને થોડું થોડું લંગડાતા એના પોતાના અશ્વમાં પરોવાયેલું છે એ હું જાણતો હતો.

વહેલી પરોઢે, એથેન્સનું વહાણ ગોદીમાં નાંગર્યું હતું, અને દરિયાઈ સફરથી ત્રાસેલા મને પુનઃ એકવાર અશ્વારૂઢ થતાં આનંદ થયેલો. સફર કંઈ બહુ આનંદદાયક નહોતી. યરૂશાલેમના કિલ્લામાં રખાયેલા લશ્કરના થોડા સૈનિકો સાથે ટ્રિબ્યૂન (સરદાર) ઝોલ્ડી અમારી વાટ જોતા હતા, અને વધારાના અશ્વો નજીકમાં જ બંધાયેલા હતા. મને ઝોલ્ડી એકદમ ગમી ગયો. કાળી ચમકતી આંખોવાળો, સૂર્યના તાપને લીધે કાળી પડેલી ચામડીવાળો મજબૂત માણસ,—એટલો બધો મારા જેવો કે અમે મળ્યા ત્યાં તો હસી પડયા. રાજમાર્ગો પ્રવાસીઓથી ઊભરાતા હતા.

"પાસ્ખા* નામના પર્વનો સમય," ઝોલ્ડીએ મને કહ્યું: "મહાન પર્વોમાંનું એક, જ્યારે યરૂશાલેમમાં લાખો યાત્રાળુઓ ભેગા થાય છે."

સૂર્ય મધ્યાહ્ને આવ્યો ત્યારે ઝોલ્ડીએ બધાને થોભાવ્યા, જેથી અમે ખોરાક લઈ શકીએ અને માટીના કૂજાઓમાં પાણી ભરી લઈએ. "આપણે જાતે ખાઈ લેવું પડશે," તેણે કહ્યું: "યહૂદીઓ પોતાના જાતભાઈઓની સારી પરોણાગત કરે, પરંતુ વિદેશીઓને તો સામાજિક વ્યવહારોમાં ઘણા ઊતરતા માને."

ઉષ્માભર્યા પ્રભાતના સોનેરી સૂર્યપ્રકાશમાં મારા ખુશનુમા સાથીદાર અને સૈનિકો સાથે ઘોડેસ્વારી કરવામાં, આ પૂર્વીય પ્રદેશ, જ્યાં હું અનિચ્છાથી આવ્યો હતો, તે પ્રત્યેનો અણગમો ક્ષણભર ભૂલી ગયો હતો. હવે મારો ક્રોધ

---

* પાસ્ખા એટલે બેખમીર રોટલીનું પર્વ. યહૂદી નિશાન મહિનાનો ચૌદમો દિવસ (લગભગ પહેલી એપ્રિલ) જ્યારે યહૂદીઓ મિસરની ગુલામગીરીમાંથી મળેલી મુક્તિની ઉજવણી કરતા.

અને રીસ પુન: ખળભળવા માંડયાં. ખેડૂતો! પોતાને ઊંચા અને ચઢિયાતા માનનારા! ઝાલ્ડીએ મારા પ્રત્યે સહેજ કતરાતી-ત્રાંસી દૃષ્ટિએ જોયું: "લુસાનિયસ, દરેક પહેલાં તો આને ધિક્કારે છે," તેણે માયાળુપણે કહ્યું. સૂર્ય હવે ઢળવા માંડયો હતો, અને માર્ગ પરની હકડેઠઠ ભીડ ઓછી થવા માંડી. માર્ગની બાજુ પરની સખત જમીન પર મોટા ભાગના યાત્રાળુઓએ રાત્રિના પડાવ નાંખ્યા. રસ્તા પર આમથી તેમ દોડાદોડી કરતાં બાળકોને કારણે અમારે અશ્વોને ધીમેધીમે કાળજી-પૂર્વક ચલાવવા પડતા.

રાતભર અશ્વોને દોડાવવાનું ઝાલ્ડીએ ડહાપણભર્યું માન્યું. રાત્રિ લાંબી તો લાગી પરંતુ સૈનિકોના વૃંદગાનને લીધે રાહત રહી.

બીજે દિવસે અમે યરૂશાલેમમાં દાખલ થયા, અને મારી નામરજી છતાં, ઉત્સાહના પ્રક્ષોપભર્યા વાતાવરણે અને ઉત્સવના ગુલાબી આનંદપ્રમોદે મારા લોહીને પણ ઉશ્કેરી મૂકયું.

ટોળાંઓની ભીડ વચ્ચેથી એન્ટોનિયાના ટાવર તરફ અમારા અશ્વોએ ધીમેધીમે પ્રયાણ કર્યું. સફેદ આરસની આ વિલક્ષણ ઇમારતની ચાર ભવ્ય દીવાલો તેને એક કિલ્લાનો દેખાવ આપતી, પરંતુ મેં જોયું કે તે દુર્ભેદ્ય ગઢ પણ બની શકે.

મારી બારીમાંથી નીચેનું નિહાળતાં મને નીચેથી આવતા અવાજોના દરિયામાં એક નવા જ પ્રકારના જુદા અવાજો અચાનક સંભળાયા. આ કોઈ ઉત્સવની મીઠી મજાક મશ્કરીના સ્વરો નહોતા, પરંતુ ભયંકર રોષની છાંટવાળા અવાજો હતા.

"તેને બહાર ફેંકી દો!" "તેને બહાર ફેંકી દો!" મેં તેમને ગર્જતા સાંભળ્યા.

ગાલ ઉપર મોટાં ચાઠાં — કશોક ઘા હશે! — વાળો એક માણસ, કોઈ આગેવાન, ટોળાંને ઉશ્કેરી રહ્યો હતો. "બરાબ્બાસ!" તેઓએ બૂમ પાડી કહ્યું: "તું તેને ભગાડી મૂક, હાંકી કાઢ!"

બારણે ટકોરા પડયા, અને એક હવાલદારે નમ્રતાથી કહ્યું: "ટ્રિબ્યૂન લુસાનિયસને વિદેશીઓના ન્યાયાલયમાં જઈને ત્યાંની ધમાલ શાંત પાડવા વિનંતી કરવામાં આવે છે."

હું આ કાર્યસોંપણી સમજી શક્યો નહિ. એ મને ગમી પણ નહિ. આ હુલ્લડખોર પ્રદેશમાં હું તો નવોસવો હતો છતાં શિસ્તબદ્ધ રોમન સૈનિકનો જુસ્સો જાગી ઊઠતાં હું ક્ષણભર દાદરને છેલ્લે પગથિયે ઊભો રહ્યો, અને ધક્કાધક્કી કરતા, શોરબકોરથી આકાશ ગજવતા, યહૂદીઓનાં ઉશ્કેરાયેલાં ટોળાંઓને જોઈ રહ્યો.

આ વિચિત્ર તમાશો નિહાળવામાં મને આશ્ચર્ય ઊપજ્યું. દીવાલની નજદીક અણઘડ નાની નાની દુકાનો બંધાઈ ગઈ હતી, અને બરુમાંથી બનાવેલાં પક્ષીઓનાં પિંજરાં ઊભાં કરાયેલાં. એક બાજુએ નીચે ખાનાં પાડેલાં નીચાં ટેબલો હતાં. પિંજરાનાં બારણાં અને માંડવા જેવા સ્ટોલોના દરવાજા ખુલ્લા પડયા હતા. શરાફોના ગલ્લા ઊંધા પડેલા. ઢોરઢાંખર અને ઘેટાં મારી સામે ધસી આવ્યાં, અને મારા મુખ ઉપર સેંકડો કબૂતરો અને હોલાંઓએ પાંખો ફફડાવી.

ગુનેગારે શું કર્યું હશે? મેં ધાર્યું કે તે કોઈક દુકાન કે સ્ટોલની પાછળ અથવા કોઈ ઊંધા પડેલા મેજની પાછળ સંતાયો હશે. ચોક્કસ, કોઈ ધંધાદારી ગુંડો, મેં જોયેલા વિનાશને માટે જવાબદાર હોવો જોઈએ. મેં તલવારની મૂઠ પર હાથ મૂકયો.

તે છુપાઈ ગયો નહોતો. મંદિરના હૃદયભાગમાંથી તે શાંતિથી ચાલ્યો આવતો હતો, તેના મુખનો દેખાવ કોઈ લૂંટારા કે ધાડપાડુ જેવો બિહામણો કે હિંસક નહોતો. તે યુવાન હતો, છતાં ડહાપણની એવી મીઠી સુવાસ તેનામાંથી ફોરતી હતી, કે મને લાગ્યું, તેના વ્યકિતત્વ વિશે મેં ભૂલથાપ ખાધી છે.

પરંતુ લોકટોળાંએ ભૂલ નહોતી કરી. "તેને બહાર હાંકી કાઢો", તેઓ એકબીજાને સલાહ આપતા હતા: "તેને મંદિરમાંથી હઠાવો."

મેં ધ્યાનથી જોયું તો એ જ કામ એ જુવાન કરતો હતો — તેમને મંદિરમાંથી હાંકી કાઢવાનું, મંદિરના પ્રાંગણમાંથી હઠાવી દેવાનું. તેના હાથમાં એક લાંબી ચાબુક હતી, અને ટોળું તેની આજ્ઞા પાળતું હતું.

તે વારેવારે કહેતો હતો: "તમે મારા પિતાના ઘરને — પ્રાર્થનાગૃહને — લૂંટારુઓનો અડ્ડો બનાવી દીધું છે," અને જો કે તે ટોળાંની જેમ બૂમો પાડતો નહોતો, છતાં દરેક જણ તેની રણકતી વાણી સ્પષ્ટ રીતે સાંભળી શકતું.

હું, તલવાર સાથેનો રોમન સૈનિક, તેનો ક્રિયાત્મક વિરોધ કરવાની ટોળાંની અનિચ્છા, સમજી શક્યો. મેં તેના જેવી શક્તિ ક્યારેય જોઈ હોય તેવું યાદ નથી. એ તો શાંત શક્તિ હતી, સ્વસ્થ પરાક્રમશીલતા હતી. કોઈ આંતરિક બળથી — પ્રેરણાથી તેની શક્તિ અનેક સ્વરૂપે ખીલતી, અનેક સ્રોતમાં પ્રગટતી દેખાતી.

તેની આંખોએ મારી આંખોને જાણે વશ કરી લીધી, ક્ષણભર પકડી રાખી. મેં એ નેત્રોમાં સખ્તાઈ નિહાળી, પરંતુ તે સાથે જ માત્ર સ્નેહને કારણે, અનિચ્છાએ, પોતાના બાળકને શિક્ષા કરતા પિતાની આંખોમાં દેખાય તેવી કોમળ ખિન્નતા, ઉદાસીનતા પણ હતી જ.

ગરીબ ખેડૂતનાં વસ્ત્રો પરિધાન કર્યાં હોવા છતાં, આ અજાણ્યા યુવાનમાં એવી કોઈ દૃઢતા, સ્થિરતા અને ભવ્યતા હતી, કે મને તેને ઓળખવાની ઇચ્છા થઈ આવી. મને એકાએક તેની સાથે બેસવાની, તે કોણ છે તે પૂછવાની, તેનું વતન જાણવાની અને તેના આદર્શો કે હેતુઓથી માહિતગાર થવાની તીવ્ર ઉત્કંઠા થઈ આવી. મને લાગ્યું કે તે ચોક્કસ યહૂદી છે, પરંતુ તેનાથી મને કશી નારાજગી કે નાખુશી ઊપજી નહિ.

હું ટાવરનાં પગથિયાં ચઢતો હતો ત્યારે રક્ષકે મને થોભાવીને જણાવ્યું "રોમન પ્રોક્યુરેટર,* પોંતિયૂસ પિલાત, તરફથી મારા માટેનું આમંત્રણ લઈને કોઈ સંદેશાવાહક આવ્યો છે."

ઝોલ્ડીના ખંડમાં, હું મંદિરમાં જોયેલા જુવાન વિશે પૃચ્છા કરવા ઘણું ચાહતો હતો, પરંતુ તેને બદલે હવે કાંઈક અગત્યનો કહેવાય તેવો પ્રશ્ન પૂછી બેઠો:

"મને આજે સાંજના ભોજનસમારંભમાં જવાનું આમંત્રણ મળ્યું છે," મેં કહ્યું: "આ સમારંભ પોંતિયૂસ પિલાતે ગોઠવ્યો છે, પરંતુ આટલા શ્રમ પછી એક રાતની મીઠી નિદ્રા કરતાં આ મિજબાની કાંઈ વિશેષ નહિ હોય. શું તને લાગે છે કે હું ન જાઉં તો પકડાઈ જાઉં?"

ઝોલ્ડી પોતાની બેઠક પરથી ઊભો થયો, હું ઊભો હતો ત્યાં આવ્યો, અને મારે ખભે હાથ મૂક્યો.

"ક્લોડિયસ લુસાનિયસ, તું જા," તેણે કહ્યું: "તારા ખભા ઉપર

---

* પ્રોક્યુરેટરઃ રોમન વહીવટકર્તા, ગવર્નર કરતાં થોડી નીચી પદવી ધરાવનાર

પરવાળાના લાલ રંગનો તારો શ્રેષ્ઠ પોશાક પહેરીને જા. મૃત્યુની શય્યા ઉપર પોઢયો હો તે સિવાય રોમન પ્રોક્યુરેટરે આપેલું આમંત્રણ ટાળવાનું—મૂર્ખાઈભર્યું પરાક્રમ — કયારેય કરતો નહિ."

"મને લાગે છે કે, લુસાનિયસ, તને મિજબાનીમાં મજા પડશે." ઝ્રલ્ડીએ કહ્યું, અને પોતાની બેઠક તરફ પાછો ગયો.

હું મારા ખંડમાં ગયો ત્યારે મેં મારો ગણવેશ તપાસી લીધો, પરવાળાંના રંગવાળો લોહી જેવો લાલ ઝભ્ભો બરોબર જોઈ લીધો. હવે મને પાર્ટીની વાટ જોવામાં આનંદ થવા લાગ્યો.

ઓહ! થોડા જ કલાકોમાં મને સમજાયું કે રોમન પ્રોક્યુરેટરના જલસામાં કેવો ભવ્ય ઠાઠ અને ભભકો હોય છે! મેં ઘણા મહત્ત્વના સમારંભોમાં હાજરી આપી છે, પરંતુ તે રાત્રિએ જોવા મળ્યો તેવો શણગારનો ઠાઠ, આભૂષણો અને વસ્ત્રોનો આંજી નાખે તેવો ઝાકમઝોળ, અને શોભાનો વૈભવ — મેં કયારેય જોયો નહોતો.

મેં આ માણસ પિલાત વિશે ઘણું સાંભળ્યું હતું, અને તેમને જોવા ખૂબખૂબ આતુર હતો. બહુ ઊંચો નહિ તેવો, લગભગ પચાસેકની વયનો, રોમન લોકોના પૌષ્ટિક ખોરાકને દાદ આપે તેવા ભરાવદાર ઉદરવાળો. તેના વાળ ભૂખરા રંગનાં અને તદ્દન ટૂંકા હતા. સોનેરી પટ્ટીઓવાળો, રંગીન જડીબુટ્ટીના ભરતકામ વાળો, ચળકતો, રોમન ઝભ્ભો તેમણે પરિધાન કર્યો હતો. અરે! તેમના સેન્ડલ પણ કિંમતી રત્નોથી જડેલાં હતાં.

ઘણો સમય વીત્યો હતો, અને હું તથા બીજા રોમન સરદારો મહેમાનોથી થોડે દૂર ગોષ્ઠિ કરતા ઊભા હતા, ત્યાં ઝ્રલ્ડીએ મને કાનમાં કહ્યું:

"જો, લુસાનિયસ!" તેણે કહ્યું: "પેલા જે સદ્ગૃહસ્થ હમણાં જ પધારે છે તેમને જો."

"તે કોણ છે?" મેં પૂછ્યું.

"તેમનું નામ છે નિકોદિમસ, અને રોમનો તથા યહૂદીઓ તેમને સન્માનપાત્ર માને છે. સાન્હેદ્રિમ નામે ઓળખાતી યહૂદી સુપ્રિમ કોર્ટ (વડી ન્યાયસભા) ના તે સભ્ય છે; એક આગેવાન કાયદાવિશારદ હોવા ઉપરાંત એ આ સમયના સૌથી મહાન શિક્ષણશાસ્ત્રી છે."

મને તથા અન્ય સરદારોને એ વાતનું મહાન આશ્ચર્ય થયું, જ્યારે જે માણસ વિશે તેઓ અહોભાવ અને નમ્રતાથી વાત કરતા હતા, તે વિશાળ દીવાનખંડ પાર કરીને અમે ઊભા હતા ત્યાં સીધા આવ્યા.

તે મારી જ તરફ આવ્યા, મારે ખભે સ્નેહથી હાથ મૂક્યો અને કહ્યું: "નવી નિમણૂકોમાં મેં તમારું નામ સાભળ્યું હતું, અને આ બીજા સરદારોને હું ઓળખતો હોવાથી કહી શકું, કે તમે જ એથેન્સના ટ્રિબ્યૂન ક્લોડિયસ લુસાનિયસ હશો."

"હા જી, હું જ તે છું."

"હું ઘણા સમયથી તમારા પિતાની વિદ્વતાનો આશક છું," નિકોદિમસે કહ્યું; "અને જો આ મિત્રોને વાંધો ન હોય તો આપણે કોઈ શાંત સ્થળે જઈ થોડી વાત કરીએ. શું આ બારી પાસેનો ઝરૂખો ફાવશે?"

"મેં તમારા પિતાનાં ઘણાં પુસ્તકો વાંચ્યાં છે," નિકોદિમસ કહેતા હતા, "અને હું તેમને તત્ત્વજ્ઞાનના આપણા યુગના સૌથી મહાન શિક્ષક માનું છું."

"જો કે એક વાત હું તેમના ગ્રંથોમાં સમજી શકતો નથી કે, તેઓ કોઈક સર્જનહારનું અસ્તિત્વ નકારે છે, છતાં એવા સેંકડો દેવોની હસ્તી સ્વીકારવાનું વાજબી ગણે છે, જે આપણા જેવાં નબળાં, ઝઝૂમતાં માનવીઓમાં કશો રસ લેવાને બદલે માત્ર પોતાનામાં જ મગ્ન કે ડૂબેલા રહે છે."

"સાહેબ, શું તમે આ માનતા નથી?" મેં પૂછયું.

"ના, ખરેખર નહિ," નિકોદિમસે ઉત્તર આપ્યો. "હું તો મનુષ્યને, ધરતીને, આકાશને, સૂર્યને, સાગરને, અને પ્રત્યેક જીવંત પ્રાણીને સર્જનાર પરમેશ્વરમાં માનું છું. હું માનું છું કે મારા ઈશ્વરમાં એટલું બધું ઝળહળતું પરાક્રમ છે કે માત્ર આંગળીના ટેરવાથી તે આખી પૃથ્વીને ભસ્મ કરી નાખે; છતાં તે એટલા અમાપ માયાળુ અને અનંત સમજશક્તિવાળા છે કે, તેમના મનથી તો ગરીબમાં ગરીબ ગુલામ સૌથી પ્રતાપી રાજા જેટલો જ અગત્યનો છે."

"સાહેબ, તમે તો તમારા પરમેશ્વરને ભારે લોભામણા અને આકર્ષક બનાવો છો!"

"ના, લોભામણા નહિ," નિકોદિમસે મને સુધારતાં કહ્યું: "તે કોઈ

પરવા વગરના પરમેશ્વર નથી, પ્રશંસા માટે આતુર કે ઉતાવળા ભગવાન નથી, કે વિચાર કર્યા વિના પોતાની પ્રજાનો ન્યાય તોળનાર નથી. તે તો અનંત સ્નેહ-યુકત પિતા છે, અને તે સાથે જ તેમના ડહાપણને કોઈ જ સીમા નથી. તેમનાં બાળકોનો ન્યાય તે સ્નેહને કેન્દ્રમાં રાખી કરે છે, અને તેમના ન્યાયચુકાદા ચોકકસ અને ક્ષતિ વિનાના હોય છે."

કશા જ કારણ વિના, મને મંદિરનો યુવાન યાદ આવ્યો. તેના અવાજમાંનો કઠોર અણગમો, અને તેની આંખોમાંની કોમળ ખિન્નતા યાદ આવ્યાં. મને લાગ્યું કે નિકોદિમસના પરમેશ્વર જેવું જ કશુંક.

"શું તમે ઈસુ નામના માણસને ઓળખો છો?" મેં પૂછયું.

"ઘણાં માણસોનાં નામ ઈસુ હોય છે," તેમણે જવાબ આપ્યો.

ઊભા થતાં તેમણે કહ્યું: "ભાઈ, હું ક્ષમા યાચું છું! રોમન પ્રોક્યુરેટરે કેવી ખર્ચાળ અને ભવ્ય મિજબાની ગોઠવી છે — તમારી પ્રથમ — અને છતાં હું યહૂદીઓના ઈશ્વર વિષે તમને વાતો કહેતો આ ઝરૂખામાં રોકી રાખું છું."

"મને આ વાતચીતમાં ખરેખર આનંદ આવ્યો છે." મેં કહ્યું, અને આશ્ચર્ય અનુભવ્યું કે હું સાચ્ચે જ તેમ માનતો હતો.

નિકોદિમસ સાથે રાત્રિભોજન

અમારી વાતચીતને સપ્તાહ પણ વીત્યું નહોતું ત્યાંતો મને નિકોદિમસને ત્યાં જવાનું નિમંત્રણ મળ્યું. અમારી વયમાં દેખીતો તફાવત છતાં અમારે ભારે મેળ બેઠો. તેમની બૌદ્ધિક સિદ્ધિઓ તો મારે મન અતિ મહત્ત્વની હતી જ, અને તે ઉપરાંત તેમની આંતરિક સચ્ચાઈને કારણે હું તેમનો પ્રશંસક બની ગયો. તેમનામાં બનાવોના મૂલ્યાંકનની અનોખી સૂઝ હતી અને વ્યકિતઓ વિશેનો સાચો, સમભાવી અભિગમ હતો.

મે મહિનાના લગભગ અંતમાં એક સાંજે નિકોદિમસને ત્યાં મને રાત્રિ-ભોજનનું આમંત્રણ એક ચાકર દ્વારા મળ્યું. જ્યારે જ્યારે તેમને ત્યાં સાંજ ગાળવાનું થતું ત્યારે જેવી ઉષ્માભરી આતુરતા હું અનુભવતો તેવી જ તેમના મહેલને દ્વારે મેં અનુભવી. લગભગ બે મહિનાથી હું યરૂશાલેમમાં હતો, અને તેમની સાથે કલાકો વીતાવ્યા હતા, છતાં મને આજે એ વાતનું આશ્ચર્ય થયું કે મેં તેમના કુટુંબ વિશે ભાગ્યે જ વિચાર્યું હતું. મને ખબર હતી કે તેમનાં પત્ની અને પુત્રી રોમની મુલાકાતે ગયાં છે, પણ તેથી વિશેષ કશું જ નહિ.

એ સાંજે નિકોદિમસે દ્વાર ઉઘાડયું ત્યારે તેમનાં પત્ની અને વાસંતી પરોઢ શી ગુલાબી પુત્રી મીરિયમ પાસે જ ઊભાં હતાં. ત્રણેના ચહેરા પર ચમકતી ગુલાલી આનંદની લિપિ મેં વાંચી.

અમે બેઠકો લીધી ત્યાં તો મીરિયમે સૂચવ્યું: "પિતાજી, તમને કાલે રાત્રે જે વિચિત્ર અનુભવ થયો તેની વાત સરદાર લુસાનિયસને કેમ કહેતા નથી?"

"લુસાનિયસ", નિકોદિમસ બોલ્યા, "જેની આપણે ઘણીવાર ચર્ચા કરી છે તે યુવાન ઉપદેશક ઈસુ વિશેની વાત છે. ગઈકાલનો દિવસ મારે માટે આનંદનો કે શુભ દિવસ નહોતો. એવો દિવસ જ્યારે બધું જ અણધાર્યું અને અણગમતું બને છે. મને લાગ્યું કે કદાચ ખુલ્લી હવામાં થોડી લટાર મારી આવું તો ઉશ્કેરાયેલા મગજને રાહત મળે."

"મંદિરની પાસે ફરવામાં મને હંમેશાં મજા આવે છે, અને દક્ષિણની દીવાલ પાસે તોતિંગ દરવાજાનાં પગથિયાં ઉપર એક માણસને બેઠેલો મેં જોયો. યરૂ-

શાલેમમાં ભિક્ષુકોની વિશાળ સંખ્યા છે, તેથી આ કાંઈ નવું દૃશ્ય નહોતું, તેથી હું તેને કશી મદદ જોઈએ છે કે કેમ એ પૂછવા તેના તરફ ગયો.

પરંતુ જેને સહાય કરવાની ઇચ્છા મારા મનમાં ઊગેલી તેનો ચહેરો જોવા હું પાસે ગયો તે જ ક્ષણે મને સમજાયું કે આ માણસ કોઈ ભિક્ષુક નહોતો.

જે કંઈ વાતો તમે અને અન્ય મિત્રોએ મને કહી છે તે મને યાદ આવી, અને જરાય અચકાટ અનુભવ્યા વિના, મેં તેને કહ્યું: "તમે ઈસુ છો!" અને પગથિયાં ઉપર તેની પાસે બેસી ગયો. મને તે વખતે પણ સમજાયું નહોતું અને અત્યારે પણ સમજાતું નથી પણ મને ચોક્કસ લાગ્યું કે હું તેની સાથે કોઈ રાજ-સિંહાસન પર આરૂઢ થયો છું."

"ઉપદેશક," મેં તેને કહ્યું, "હું જાણું છું કે, 'તમે પરમેશ્વરના મોકલાયેલા પયગંબર છો,' અને તમે માની નહિ શકો, તેમણે જે પ્રત્યુત્તર આપ્યો તે!"

"તેમણે મારા બાપુને કહ્યું કે 'તમારે નવો જન્મ લેવો જોઈએ'," મીરિયમે ઉશ્કેરાયેલા અવાજે વાતમાં સૂર પુરાવ્યો.

"મેં તેમને પૂછ્યું: 'તમારા કહેવાનો શો અર્થ છે?'"

"તેમણે કહ્યું, 'પરમેશ્વરે આપણા જેવા માનવદેહમાં તેમના પુત્રને મોકલ્યો છે જેથી ઈશ્વર કેવા છે તે મનુષ્યો જોઈ શકે, અને જેથી જેઓ ઈશ્વર-પુત્ર પર વિશ્વાસ કરે તેઓ વિનાશ નહિ પરંતુ સાર્વકાલિક જીવન પામે!'"

નિકોદિમસે ધીમેથી વધુમાં ઉમેર્યું, "મને લાગે છે કે સૈકાંઓથી આપણાં સાંકડાં, નાનકડાં, મર્યાદાવાળાં મનોમાં આજ વસ્તુ ઈશ્વર ઠસાવવા—સમજાવવા માંગે છે. મને લાગે છે કે ઈસુનું કહેવું છે કે, પ્રત્યેક વ્યકિતમાં—તે ગમે તેટલી નીતિમાન હોય, ભલાઈનાં કામ કરવામાં પાછી પાની ન કરનાર હોય, વિધિઓ અને કર્મકાંડોમાં ભારે ચુસ્ત હોય—તે છતાં દરેકને નવા જન્મેલા શિશુ જેવા થવાની અગત્ય છે; અને પોતે જે પોતાના માટે કરવું શકય નથી તે પોતામાં ઈશ્વર દ્વારા થવા દે, ઈશ્વરને તેમ કરવામાં સહકાર આપે."

"સાહેબ, કદાચ," મેં ઉત્તર વાળ્યો, "મને તમારા પરમેશ્વરને સમજવામાં ભારે મુશ્કેલી પડે છે."

અંધારી શેરીઓમાં થઈને ટાવર તરફ પાછા ફરતાં હું વિચારવા લાગ્યો કે,

આ યહૂદી પ્રજા શા માટે બાકીના બધાંથી અલગ કરવામાં આવી છે તે હવે મને સમજાવા લાગ્યું છે; આ પ્રજાને વૈશિષ્ટય આપનાર તત્ત્વો વિશે અન્ય દેશો શું ધારે છે તે પણ મેં વિચાર્યું. મને લાગ્યું કે આ નાનકડા દેશને ધર્મ સાગર જેમ ચોપાસથી વ્યાપી વળ્યો છે, અને તેનાં ઝરણાં અનેકરૂપે જ્યાં ત્યાં ફૂટી રહ્યાં છે.

મને વેદીઓ, મંદિરો અને મૂર્તિઓથી છલકાતું એથેન્સ યાદ આવ્યું — આરસમાં, સોનામાં, ચાંદીમાં, કાંસામાં, લાકડામાં ઢાળેલાં મૂર્તિશિલ્પો — કશાકની ભકિત કરવાની ખોજ કરતા શ્રદ્ધાશીલ માનવીના જીવતા પુરાવાઓ. આ વસ્તુઓ મારાં કુટુંબીજનોને અને મિત્રોને દીનદલિતોનો દિલાસો અને બિન-સલામતીની લાગણી અનુભવનારાઓની જરૂરિયાતો રૂપે જ દેખાતી.

રોમન લશ્કરના એક ઉચ્ચ અધિકારીને નિ:સંકોચપણે પોતાના પરમેશ્વર વિશેની વાત કરતી, આંસુભર્યા ચહેરાવાળી, હાથમાં લાલ સૂપ (પીણું)ના વાસણવાળી, જર્જરિત વસ્રોવાળી સ્રીના શબ્દો મને હૂંફાળા સૂર્યપ્રકાશ જેવા યાદ આવી ગયા: "પરમેશ્વર તમને આશીર્વાદ આપો અને તમારું રક્ષણ કરો," તેણીએ કહ્યું હતું, "પરમેશ્વર પોતાના મુખનો પ્રકાશ તમારા ઉપર પાડો."

અચાનક મને એથેન્સનું એક ભવ્ય શિલ્પ યાદ આવ્યું, જેના પર કોતર્યું હતું, "અજાણ્યા દેવને," અને મને વિચાર આવ્યો કે શું એ નિકોદિમસનો ઈશ્વર નહિ હોય?

બીજા દિવસે યહૂદી ધર્મ વિશે મેં વિચાર્યું નહિ. મેં મીરિયમ વિશે વિચાર્યું. પંખી ટહૂકારથી ઊઘડતા પ્રભાતની કુમાશ, વાસંતી ગુલાબ જેવો રૂપવૈભવ, અને તેમાંય અમીના કટોરા જેવી આંખો! નિકોદિમસ પોતાને ત્યાં મને નોતરું આપતા, એ બે નોતરાં વચ્ચેનો ગાળો હું ગણવા લાગ્યો. કદાચ, મને લાગ્યું, તે હવે એકાકી નથી, તેથી કદાચ મને ન પણ નિમંત્રે; પરંતુ એક સપ્તાહ વીતે તે પહેલાં હું તેમના દીવાનખંડમાં બિરાજમાન હતો.

છોકરીઓની વાત આવે ત્યારે મારી જીભ ભારે લપલપ કરતી, પરંતુ તે દિવસ ગ્રંથોના ગ્રંથો મનમાં ઊભરાતા છતાં હું કશું બોલી શકયો નહિ.

"ટ્રિબ્યૂન લુસાનિયસ, લાગે છે કે તમે અમારા પર ભાવ રાખો છો", મીરિયમે સ્મિત કરીને કહ્યું.

"હા, મને તમે જરૂર ગમો છો," મેં ઘુવડની જેમ ગંભીરતાથી ઉત્તર વાળ્યો.

"બધા કંઈ તેમ કરતા નથી," તેણે કહ્યું, "જો કે અમારી પ્રજા ઈશ્વરે પસંદ કરેલી અને તેનો ખરો પ્રેમ પામેલી છે, છતાં અમે અમારા સાથી માનવો દ્વારા કાયમ પસંદગી પામતા નથી, અને નથી પામતા સ્નેહ."

તે એક મેજ તરફ ગઈ, અને કશાક હૂંફાળા, મધુર પીણાંથી અમારા ગ્લાસ ફરી ભર્યા. તેણે પુન: બેઠક લીધી ત્યારે ક્ષણભર પોતાનો ગ્લાસ હાથમાં પકડી રાખ્યો, તેના તરફ જોઈ રહી, અને પછી તે બોલી ત્યારે તેની વાતચીતમાંની હળવાશ, આનંદની લાગણી, ઊડી ગઈ હતી. હવે તે ગંભીર હતી, કશુંક કહેવા આતુર હતી.

"કદાચ, ટ્રિબ્યૂન લુસાનિયસ, અમે અમારા ધર્મ અને પરમેશ્વર વિશે ઘણું ઘણું બોલીએ છીએ, પરંતુ અમારે શિરે એક મહાન જવાબદારી છે. બે હજાર વર્ષ પહેલાં મૂર્તિપૂજકોના દેશમાંથી પરમેશ્વરે અબ્રાહમ નામના માણસને પસંદ કર્યો, અને તેને જણાવ્યું, 'જો તું તારું વતન અને તારાં સગાં-વહાલાંને મૂકી દઈને, જે દેશ હું તને બતાવું તેમાં જશે તો હું તારામાંથી એક મહાન દેશજાતિ ઉત્પન્ન કરીશ, એવી પ્રજા જેનાથી દુનિયાની બધી જ પ્રજાઓ આશીર્વાદિત થશે.' અબ્રાહમે ઈશ્વર પર વિશ્વાસ કર્યો, અને અમે પણ તેના પર વિશ્વાસ કરીએ છીએ. અમે જાણીએ છીએ કે પરમેશ્વર કદી નિષ્ફળ જતા નથી, કે પોતાનાં વચનોનું વિસ્મકરણ કરતા નથી."

મીરિયમે તેની મોટી, શ્યામ આંખોથી મારી આંખો સામે જોયું, "હું જાણતી નથી કે આ બધું ક્યારે બનશે, પરંતુ મને પૂરી ખાતરી છે કે અમારી પ્રજામાંથી, પેલેસ્ટાઈનના આ નાનકડા દેશમાંથી, કશુંક કે કોઈક આવશે, અને સમગ્ર વિશ્વને અને તેની પ્રજાઓને વિશુદ્ધ કરશે અને આશીર્વાદ આપશે."

મેં વધુ રસથી તેની સામે જોયું! તેની આંખોમાં ઉજ્જવળ પ્રકાશ હતો, અને તેના મુખ પર માધુર્યની ચમક. મેં મારી જાતને કહ્યું કે મીરિયમ સુંદર નથી તેમ કોણ કહી શકે? પ્રભાતનાં પુષ્પોની સુવાસને કોણ ઠુકરાવી શકે?

"ટ્રિબ્યૂન લુસાનિયસ, થોડા સમય પછી મારે તમને અલવિદા આપવી પડશે."

"શું તમે કંઈ બીજે જાઓ છો?" મારું હૃદય એક ધડકારો ચૂકી ગયું

"હા, કાપરનાહૂમમાં રહેતા માથ્થીની પુત્રી અને મારી બહેનપણી સુશાન્નાને મળવા હું જવાની છું. બચપણથી અમે સખીઓ છીએ. ગાલીલના સમુદ્ર કિનારા પરના માથ્થીના મહાલય પાસે જ અમારું ગ્રીષ્મગૃહ છે. અમે દરિયા કિનારે છીપલાં વીણવામાં આખો દિવસ વીતાવી દેતાં ત્યારથી અમે બહેનો કરતાં વધુ એવી સહિયરો છીએ. હું સુશાન્નાના પિતાને પણ ચાહું છું."

"એની માતા?"

"સુશાન્ના જન્મી તે જ વખતે એની જનેતા મૃત્યુ પામી, અને હવે માથ્થી માતા અને પિતા બંનેની ફરજો અદા કરે છે. મારા પિતા કયારેક કર ઉઘરાવનાર તરીકે માથ્થીની કેટલીક અનૈતિક કાર્યપદ્ધતિથી દુ:ખ અનુભવે છે, પરંતુ એની પુત્રી સુશાન્નાને જન્મથી જ પગની ખોડ છે, તેથી કદાચ વધુ ધન એકઠું કરી લેવાનો તેમને લોભ થતો હશે. કાપરનાહૂમ અને યરૂશાલેમની મારી કે બીજી કોઈ પણ છોકરી પાસે જે કંઈ હોય તે સુશાન્નાને ન અપાવે ત્યાં સુધી તેમને કદી સંતોષ થતો નથી."

મીરિયમ હવે યરૂશાલેમ છોડીને જશે એ વિચારથી મને ચોકકસ કશુંક ગુમાવવાની લાગણી થઈ આવી. હૃદયબાગના એક ખૂણામાં જાણે ભાવથી રોપેલા, સ્નેહથી સિંચેલા સુવાસિત છોડને કોઈક ખેંચી કાઢતું હતું.

પોંતિયૂસ પિલાત
—એક વિલક્ષણ વ્યક્તિત્વ

બીજે દિવસે મને પોંતિયૂસ પિલાતનો તાકીદનો સંદેશો મળ્યો કે મારે બપોરને સમયે તેમને ઑફિસમાં મળવું. મેં તો રોમન પ્રોક્યુરેટરને માત્ર એક જ વખત જોયા હતા, અને પોતાનું મહત્ત્વ દર્શાવવાના — પ્રભાવ પાડવાના તેમના વલણથી, મને આ મુલાકાત વખતે પણ ભય લાગ્યો. કોઈ વ્યક્તિ પોતાનુંજ મહત્ત્વ પુરવાર કરવા કટિબદ્ધ હોય તેથી વિશેષ ચીડજનક બીજું કશું ન હોઈ શકે.

હું તેમના ખાનગી આરામખંડમાં પ્રવેશ્યો, ત્યારે પિલાત તેમના હાથીદાંતના વિશાળ પલંગ પર આડા પડયા હતા.

"બેસો, ટ્રિબ્યૂન લુસાનિયસ," તેમણે ભાવથી કહ્યું, "હું કલ્પી શકું છું કે આજે તમને મેં અહીં બોલાવ્યા તેથી તમને જરૂર આશ્ચર્ય થયું હશે, અસ્વસ્થતા લાગી હશે."

મેં પણ જે સરળતાથી, ઠંડકથી તે વાત કરતા હતા તેવી જ રીતે વાત કરવાનો ભારે પ્રયત્ન કરતાં કહ્યું, "હા, ગવર્નર, મને આપનું ફરમાન મળ્યું ત્યારથી નિશાળે ભણતો ત્યારે પ્રિન્સિપાલની ઑફિસમાં હાજર થવાની સૂચના મળતાં જેવી લાગણી થાય તેવી લાગણી અનુભવું છું."

પિલાત ખડખડાટ, મોકળે મને હસી પડયા, અને મને લાગ્યું કે મેં તેમને પ્રોક્યુરેટર કહેવાને બદલે ગવર્નર તરીકે સંબોધ્યા તે એક નસીબદાર યુક્તિ નીવડી હતી.

"ટ્રિબ્યૂન લુસાનિયસ", તેમણે એકદમ વ્યવહારુ અને ગંભીર બની જતાં કહ્યું, "મેં એન્ટોનિયાના ટાવર પરના એક સામાન્ય સૈનિક દ્વારા તમારા વર્તનની સતત તપાસ કરાવી છે, અને શક્તિ, કાર્યક્ષમતા, સચ્ચાઈ અને તમારા સાથીઑફિસરો સાથેના નમૂનેદાર વર્તાવની મારી બધી જ પરીક્ષામાં તમે ઉત્તીર્ણ થયા છો. જો તમે આ યહૂદીઓને થોડો વધુ સમય ખમી શકો તો તમે કયારેક યરૂશાલેમના લશ્કરના અધિકારી તરીકે નીમાશો એવી હું કલ્પના કરી શકું છું."

"સાહેબ, મને ખાતરી છે કે એવી કોઈક નિમણુક માટે વધુ સમય અને વધુ ઉચ્ચ લાયકાતોની જરૂર પડે," મેં જણાવ્યું. "આ યહૂદીઓને ખમવાની વાતમાં, હું કહું કે મેં અમુક યહૂદી નાગરિકો સાથે મિત્રતા કેળવી છે, જેનું મૂલ્ય હું ઊંચું આંકું છું."

"ટ્રિબ્યૂન, હું જાણું છું. નિકોદિમસ સાથેની તમારી મિત્રતા એ તો મારી દૃષ્ટિએ સૌથી કિંમતી મૂડી છે. તે કાંઈ સત્તા કે ભભકાથી અંજાઈ જાય તેવા નથી, અને તેના જેવી આબરૂદાર વ્યક્તિ તમારી મિત્રતા શોધે, તમને પોતાને ઘેર આમંત્રણ આપે, તે તો રોમન યહૂદી સંબંધો માટે અમાપ મૂલ્યની વસ્તુ છે."

"સાહેબ, મેં એ રીતે એ વાતનો કદી વિચાર કર્યો નહોતો."

તેમણે સ્હેજ ખભા ઉલાળ્યા અને કહ્યું: "ટ્રિબ્યૂન, મારે માટે એક જવાબદારી ઉઠાવવા મેં તમને અહીં બોલાવ્યા છે. રોમન સરકારની એક અનિષ્ટ પદ્ધતિ કે રીતને એ સ્પર્શે છે, જેને કારણે પેલેસ્ટાઈનની જનતા સતત આપણી સામે રોષે ભરાયેલી રહે છે."

"રોમન સરકારને જે ભારે કરવેરા આપવા પડે છે તે યહૂદીઓના અસંતોષનું એક મુખ્ય કારણ છે. મારે કહેવું જોઈએ કે પેલેસ્ટાઈનના ઘણા ભાગોમાં કર અંગેની તેમની સતત ફરિયાદમાં કંઈક વજૂદ છે. જો કે કરવેરા ભારે નથી, પરંતુ તે ઉઘરાવવાની પદ્ધતિ સંપૂર્ણપણે દોષપાત્ર છે."

"કઈ પદ્ધતિ ઉપયોગમાં છે, સાહેબ?" મેં પૂછ્યું. "નિયમિત કે કાયમી ધોરણે કર ઉઘરાવવા મહેસૂલી અધિકારીઓ નીમવાને બદલે સીઝર આગ્રહ રાખે છે કે અમુક નિયમિત સમયે મારે હરાજી જેવું કશુંક રાખવું. અતિ શ્રીમંત માણસો આ હરાજીમાં ભાગ લે છે, એમાંના ઘણા તો આ ધંધામાંથી જ પુષ્કળ ધન કમાયા છે. અહીંની હરાજી પૂરી થાય છે ત્યારે જુદા જુદા જિલ્લાઓમાં આ કર ઉઘરાવનારનો હોદ્દો મેળવવા પાછી બીજી હરાજી થાય છે, જેમાં પણ પુષ્કળ નાણાં ખર્ચાય છે, ચૂકવાય છે. તેથી સ્તો, આ દાણીઓ યહૂદીઓ હોવા છતાં તેમની જ પ્રજામાં ધિક્કારાય છે. નાગરિક અધિકારીઓ કરતાં તે જુલમ કે જબરદસ્તીથી પૈસા ઉઘરાવતા હોવાથી ઢગલે-ઢગલા ધન કમાય છે. રોમને ચોક્કસ રકમનો આંકડો ચૂકવવો જોઈએ, પરંતુ કેટલું આપવું એ આ અધિકારીઓ ઠરાવે છે. મારા ધ્યાન પર લવાયું છે કે જે અનેકવિધ વસ્તુઓ પર કર લેવાય છે, ઝિંકાય છે, તેણે હવે માઝા મૂકી છે."

"તેથી ટ્રિબ્યૂન, આવતીકાલથી તમે દીર્ઘ તપાસમાં લાગી જાઓ એમ હું ઇચ્છું. ગાલીલ પ્રાંતના કાપરનાહૂમ સુધી તમારે પ્રવાસ કરવો પડશે એવી મારી યોજના છે. પહેલાં તમે બેથાનિયામાં માર્થાને ઘેર થોડા દિવસ ગાળો. ત્યાં કોઈ કર ઉઘરાવનાર નથી, પરંતુ તમે ઇઝરાયલના રીતરિવાજો, માન્યતાઓ, ખેતીની અને ઔદ્યોગિક પેદાશો વગેરે અંગે એક લેખ તૈયાર કરી ગ્રીસ મોકલવાના છો એવો દેખાવ કરવો પડશે. આ યહૂદીઓ કાચીપોચી માયા નથી. અને, જો કોઈને ખબર પડી કે તમે મારી સાથે થોડો સમય ગાળ્યો છે, અને પછી દાણીઓ અને દાણચોરોની મુલાકાતે નીકળ્યા છો, તો તો તમે અહીંથી સત્તર માઈલ દૂર યરેખોમાં પહોંચશો તે પહેલાં અનૈતિક વર્તણુકના બધા પુરાવા ક્યાંના ક્યાં ભંડારાઈ જશે, અદૃશ્ય થઈ જશે. જો તમારો અંતરઆત્મા તમને મૂંઝવે, તો તમે લેખ જરૂર તૈયાર કરજો."

પિલાત ઊભા થઈ ગયા અને બોલ્યા: "હું સૂચવું છું કે તમે તમારા નિવાસસ્થાને પાછા ફરો, અને મુસાફરીની તૈયારી કરો."

હું ટાવર તરફ પાછો ફર્યો, અને જે ઉશ્કેરાટ અને ઉલ્લાસનું મોજું મારામાં પ્રવાસના વિચારમાત્રથી ફરી વળ્યું તે તાત્કાલિક સમજી શક્યો નહિ.

મેં મનની હરિયાળીમાં ઉત્તરની ખોજ કરી. અને એક નાનકડી વાતચીત યાદ આવી. એક નવયૌવના સાથેની વાત, જેની પ્રકાશિત આંખોએ અને ગુલાબના ફૂલ જેમ ઊઘડતા ચહેરાએ મને તેના પરમેશ્વર વિશેની તેની જવાબદારી જણાવી હતી. તેથી તો એ વધુ સુંદર, સુંદરતાના અભિષેકવાળી જણાયેલી. "મારે તમને અલવિદા કહેવી પડશે," તેણે કહ્યું હતું, "હું મારી બહેનપણી સુશાન્નાને મળવા ગાલીલના કાપરનાહૂમમાં જઉં છું."

મને સમજાયું કે એ વિચિત્ર ઉશ્કેરાટ અને આનંદનો તણખો, હું મીરિયમને પુન: મળી શકીશ એ વિચારે પ્રદીપ્ત કર્યો હતો, પુન: મળતાં કોના હૃદયના ધબકારા વધી જશે? મારું તો સમગ્ર અસ્તિત્વ જાણે અત્યારથી જ આંદોલિત થઈ રહ્યું હતું. લાગણીઓને પાંખો ફૂટતી હતી.

બેથાનિયામાં સાદગીની સુગંધ

લગભગ સાંજના વાળુનો સમય થયો હતો ત્યારે શેરીઓમાં માત્ર થોડીક પૂછપરછને અંતે હું સહેલાઈથી માર્થાને ત્યાં પહોંચ્યો.

"મારું નામ ક્લોડિયસ લુસાનિયસ, રોમન લશ્કરનો એક સરદાર," મેં કહ્યું, "નામદાર પિલાતે મારે માટે એક ખંડ રાખ્યો છે."

"ટ્રિબ્યૂન લુસાનિયસ, અંદર પધારો," યુવતીએ ખરા દિલથી કહ્યું: "અમે તમારી વાટ જોતાં હતાં. મારું નામ મેરી. મારી બહેન માર્થા સાંજના વાળુની તૈયારીમાં પરોવાયેલી છે." પોતાનો નાજુક હાથ એક ઊંચા યુવક પ્રતિ દર્શાવીને તેણે કહ્યું: "આ અમારો ભાઈ લાઝરસ છે." અંદરથી એક બારણું ઊઘડયું, અને એક સ્ત્રી પ્રવેશી.

"હું માર્થા," તેણે કહ્યું, "તમે અમારે ત્યાં પધારીને અમને માન આપ્યું છે. થોડી જ વારમાં ભોજન તૈયાર થઈ જશે, ત્યાં સુધીમાં લાઝરસ તમને તમારો ખંડ બતાવશે, જેથી આપણે જમવા બેસીએ તે પહેલાં તમે સ્ફૂર્તિમાં આવી જાઓ." લાઝરસ મને સીધાં પગથિયાં ચઢાવી, એક નાનકડા, ઓછા ફર્નિચરવાળા ખંડમાં લઈ ગયો. સૂવાનો બાંકડો સાંકડો હતો, પણ હાથથી ભરેલી ચાદર સ્વચ્છતાથી ઝગઝગતી હતી.

મેરી બારણે આવી, "ભોજન તૈયાર છે," તેણે કહ્યું.

હું ઉત્તમ ભોજનો જમ્યો છું, પણ બેથાનિયાના જમણ જેવું અત્યંત સ્વાદિષ્ઠ ભાગ્યે જ જમ્યો હોઈશ.

બેથાનિયા મને આવે ત્રણ દિવસ તો બંધ આંખ ઉઘાડો એટલી ઝડપથી પસાર થઈ ગયા. ચોથા દિવસે મને દુ:ખ થયું કે મારે વહેલી સવારે ચરેખો ઊપડી જવું જ જોઈએ. મકાનની પશ્ચિમે આવેલા, નાનકડા પણ સુંદર બાગમાં, હું, માર્થા અને મેરી તથા લાઝરસ બેઠાં. દિવસનું કામ પૂરું થતાં તે થાકી ગયાં હતાં.

લાઝરસ, પોતાના હાથ લાંબા કરી, મખમલ જેવી લોન ઉપર, આકાશને તાકતો આડેપડખે થયો.

"ટ્રિબ્યૂન લુસાનિયસ, તમને કદાચ જાણીને આશ્ચર્ય થશે, કે એક વખત એવો પણ હતો જ્યારે હું ઘરકામમાં મદદ કરવાનો ચોખ્ખો નન્નો ભણતો." લાઝરસે કહ્યું.

"ટ્રિબ્યૂન, તે અતિશયોક્તિ કરે છે," માર્થાએ મને કહ્યું, "અને ઈસુ અમારે ઘેર પ્રથમવાર પધાર્યા ત્યારથી તે એટલો બધો બદલાઈ ગયો છે, કે હવે તો અમારે એ વાત કહેવાની કોઈ જરૂર જ રહી નથી."

"ઈસુ?" મેં પૂછ્યું. "શું એ એજ ઈસુ છે, જે યરૂશાલેમમાં પ્રબોધ કરે છે? મેં એકવાર તેમને મંદિરમાં જોયા, અને મારા મિત્ર નિકોદિમસને તેમની સાથે ટૂંકી મુલાકાત થયેલી."

લાઝરસ બેઠો થઈ ગયો. "શું તમે એમ કહેવા માંગો છો, કે, સાન્હેડ્રિમની વડી અદાલતના સભ્ય, મહાન નિકોદિમસ, એક વિદેશી રોમન સૈનિક સાથે મિત્રતા રાખે છે?"

"હા, એ સત્ય છે, લાઝરસ," મેં ઉત્તર આપ્યો. "નિકોદિમસ અને તેમનું કુટુંબ મારાં નિકટનાં અને મૂલ્યવાન મિત્રો છે." સખત કામથી થાકી ગયેલી માર્થા થોડી મુશ્કેલીથી, ખુરસીમાંથી બેઠી થઈ, પોતાનો હાથ મેરીના હાથ પર મૂકી બોલી. "ટ્રિબ્યૂન, તમે મને અને મારી બહેનને માફ કરશો. મોડી રાત સુધી જાગવા અમે ટેવાયેલાં નથી."

"અમે યહૂદીઓ સવારના નવ વાગ્યા સુધી ઉપવાસ તોડતા નથી, પણ મેરી અને હું વહેલાં ઊઠીને તમારે માટે ગરમાગરમ નાસ્તો તૈયાર કરી દઈશું. લાઝરસ થોડેક સુધી તમને રસ્તો બતાવવા આવશે."

તે મારા તરફ આવી, મારા હાથને નાજુકતાથી સ્પર્શી. "અહીંથી યરેખો તરફ જવાનો રસ્તો ઘણો ભયંકર છે. હું પ્રાર્થના કરીશ કે પરમેશ્વર તમારી સાથે આવો."

"રાત્રિની સલામ, માર્થા," મેં ઉત્તર આપ્યો, "મને અહીંથી જતાં જરૂર દુ:ખ થાય છે."

છલકાતો સમુદ્ર ને ભીંજાતા કાંઠા

મારે માટે જવાનો જે નકશો પિલાતે દોરી આપ્યો હતો તે તેમની કુશળ વ્યૂહરચનાની નિપુણતાની સાબિતીરૂપ હતો. તે મારી મુસાફરીની મૂળ યોજનાને ગુપ્ત રાખવા ઈચ્છતા હોવાથી હું અવારનવાર આગેવાન નાગરિકોને મળું, ખેતી-વાડીને લગતી બાબતોનું સંશોધન કરું, ઘરવખરીની ચીજો બનતી હોય તેવાં કારખાનાંની મુલાકાત લઉં—વગેરે બધાંનું આયોજન હેતુપૂર્વકનું હતું. હું મારું લખાણ પણ સાથે જ રાખતો.

પ્રેરિયાનો પ્રાંત વટાવી, હું ઉત્તરમાં દેકાપોલીસના વિસ્તારમાં પ્રવેશ્યો.

ગદ્રાના શહેરમાં મેં મારા અશ્વને ખીલે બાંધ્યો ત્યારે લગભગ સૂર્ય પશ્ચિમે ઢળવા લાગ્યો હતો. ત્યાંની સૂનકાર વીશીમાં થોડો વખત થોભી મેં નક્કી કર્યું કે હું ઘોડેસ્વાર થઈ દરિયાકિનારે જઉં, અને પહેલી જ હોડીમાં દરિયો ઓળંગી કાપરનાહૂમના શહેરમાં પહોંચું.

વીશીના રખેવાળે બે ભાઈઓની નૌકાની ભલામણ કરી—તે ધંધાદારી માછીમારોનાં નામ પીતર અને આંદ્રિયા જણાવ્યાં, જે કાપરનાહૂમના વતની છે, અને જેમની હોડી આ કાંઠે નાંગરી છે. "પીતર તમને જરૂર ત્યાં પહોંચાડશે," તેણે હસીને મને વિશ્વાસ આપ્યો હતો.

માત્ર એક જ હોડી મારી દૃષ્ટિએ પડી, જે ઠીકઠીક સંખ્યામાં મુસાફરો લઈ શકે તેવી મોકળાશવાળી અને તોફાનમાં રક્ષણ આપે તેવી લાગી. માત્ર એક જ માણસ દેખાયો, અને મચ્છીમારીની જાળો અને અન્ય સાધનો વટાવી, આથમતા સૂર્યપ્રકાશમાં, હું તેના તરફ ગયો. તે તો પહાડો તરફ મીટ માંડી યોગી જેમ બેઠો હતો. બે વાર મેં તેને બોલાવ્યો ત્યારે તો તેણે મારું સાંભળ્યું.

"શું તમે જ માલિક છો?" "મેં પ્રશ્ન પૂછ્યો. "આ હોડી તો પીતર અને તેના ભાઈ આંદ્રિયાની છે. બંને કાપરનાહૂમના." તેણે ઉત્તર આપ્યો. "મારું નામ છે ફિલીપ, અને મારું કામ તેમને ધંધામાં મદદ કરવાનું છે."

"મારું નામ ટ્રિબ્યૂન ક્લોડિયસ લુસાનિયસ. મારે કાપરનાહૂમ જવા અંગે પૂછપરછ કરવી છે."

"મને ખાતરી છે કે તમને આ હોડીમાં ચોક્કસ આવકાર મળશે, પણ અમે ક્યારે લંગર ઉપાડીશું તે હું કહી શકું નહિ."

ગાલીલના સમુદ્રથી ગદ્રાનું શહેર આશરે પાંચેક માઈલ દૂર છે, ફિલિપથી હું છૂટો પડયો ત્યારે અંધારું છવાઈ ગયું હતું. મને થયું કે જો વીશીવાળો બત્તીઓ બુઝાવી દઈ, તાળાં મારી દેશે, તો હું કેવી રીતે મારી ઓરડીમાં જઈ સરસામાન બહાર કાઢી શકીશ? વીશીમાં બત્તીઓ પ્રકાશતી જોઈ મને ધરપત વળી.

મેં જે વિચાર્યું હતું તે અંગે લખવાની તૈયારી કરતો હતો, ત્યાં તો આગળનું બારણું ઉઘાડી, એક પહાડ જેવો કદાવર માણસ અંદર ધસી આવ્યો.

મને થયું જ, કે આ પીતર હશે, "શું તમે જ ટ્રિબ્યૂન લુસાનિયસ?" તેણે પહાડી અવાજે પૂછ્યું, અને ઉત્તર મેળવવા પણ થોભ્યો નહિ. "ફિલિપે મને કહ્યું કે તમારે અમારી સાથે કાપરનાહૂમ આવવું છે. અમે આવતી કાલ સવાર સુધી ઊપડવાના નથી, ગદ્રામાં અમારું કામ હજી હમણાં જ પત્યું. અમે હવે જમવા બેસીશું. ફિલિપને તમે પસંદ પડયા."

અમે પાંચ માઈલ સુધી સાથે ઘોડા પર બેસીને ગયા ત્યારે મેં રાહતની લાગણી અનુભવી. હવે જ, મારા પેલેસ્ટાઈનના આગમન પછી, જે વ્યકિત અમારી વાતચીતનું મધ્યબિંદુ કે કેન્દ્ર રહી છે, તેને હું મળી શકીશ. હવે જ, અંતે હું ઈસુ સાથે વાત કરી શકીશ.

અમે નૌકા પાસે પહોંચ્યા ત્યારે મારું હૈયું જોરજોરથી ધબકતું હતું તેથી મને પોતાને આશ્ચર્ય થયું. હું એક એવા માણસને મળવાનો હતો, જે એટલો બધો માનવીય ગુણોથી ભરપૂર હતો—માનવતાથી છલકાતો હતો—કે દરેક વર્ગ અને સ્થિતિનાં માણસો તેની સાથે રહેવા ચાહતાં, અને છતાં તેનામાં એવું કોઈ અદ્દભુત દિવ્ય પરાક્રમ હતું કે માત્ર હાથથી સ્પર્શીને તે રોગિષ્ઠ શરીરને સ્વાસ્થ્ય બક્ષતો અને બીમાર કે દુ:ખિત મનને શાંતિ આપતો.

જ્યારે ઓળખનો વિધિ પૂરો થયો ત્યારે "ઈસુ કયાં છે?" મેં તોછડો કે અણઘડ પ્રશ્ન પૂછી નાંખ્યો.

થોમા નામના માણસે ઉત્તર આપ્યો: "તે હોડીના પાછળના ભાગમાં ઊંઘી ગયા છે. તેમને એટલાં બધાં ટોળાં ઘેરી વળે છે કે તેમને સૂવાનો પણ સમય મળતો નથી."

"તે જાગતા હોત તો કેટલું સારું!" હું દિલગીર થઈ બોલી ઊઠયો.

ગાલીલ—સ્વપ્ન અને સિદ્ધિ

આમ તો એ સાદોસીધો દિવસ; મારું જીવન ગમે તેટલું લંબાય, પણ મેં ગાલીલના સમુદ્ર પર ઈસુ સાથે પ્રવાસ કર્યો તે દિવસ હું ક્યારેય ભૂલી શકીશ નહિ.

હું આ લખું છું ત્યારે લાગે છે કે ઈસુ અને હું હોડી પર એકલા હતા. બીજાં માણસો પણ ત્યાં હતાં જ, અને વિસ્મયજનક તો એ હતું, કે તેમનાં વ્યક્તિત્વો ડઘાઈ-દબાઈ ગયાં નહોતાં, પણ ઈસુની હાજરીથી ઊર્દ્વ બન્યાં હતાં, છતાં મારે માટે તો કાયમ એ દિવસ ઈસુ સાથેની મુસાફરીનો સુવર્ણદિવસ બની રહેશે.

ઈસુને મંદિરમાં જોયા તે સિવાય મેં તેમને જોયા નહોતા. છતાં તેમને મોઢામોઢ થવાની, બેસીને તેમનું સાંભળવાની અને વાતચીત કરવાની અભિલાષા જેવી અન્ય કોઈ ઇચ્છા મેં ક્યારેય અનુભવી નહોતી.

પરોઢના પંખીના કૂજન—પ્રાગટ્ય સમયે ગદ્રાથી નૌકાપ્રવાસે ઊપડવાની મેં તૈયારી કરી, ત્યારે ઈસુ મને શું કહેશે તે વિશે હું વિચારતો હતો. હું યહૂદી ન હતો. હું નહોતો બુદ્ધિમાન, નહોતો હતાશ કે આશાભંગ, કે નહોતો બીમાર. કદાચ, મને થયું કે, તે મારામાં જરાપણ રસ લેશે નહિ. કદાચ, મારી સાથે એક શબ્દની વાત કરવાનો સમય પણ તેમને નહિ મળે.

હું જેવો હોડી પર ચઢ્યો, કે મેં તેમને જોયા. હું આગળ વધ્યો તો એ મને મળવા સામેથી આવ્યા, "તમે એ જ જુવાન છો જેણે મને મંદિરમાં સહાય કરી હતી" તેમણે કહ્યું, "મને આનંદ છે કે તમે દરિયાઈ પ્રવાસમાં અમારી સાથે છો."

શબ્દો તો દેખીતા અતિ સામાન્ય હતા, છતાં મારું હૃદય વસંતમાં કોકિલની જેમ, વર્ષામાં મયૂરની જેમ ગાઈ ઊઠયું.

તે દિવસે જે બીજું કંઈ મને તેમણે કહ્યું, તે મને યાદ આવતું નથી. હું માત્ર એટલું જ જાણું છું કે તે સંતોષથી છલકાતો દિવસ હતો. વાતચીત મજાની હતી. હાસ્ય ફુવારામાં ભીંજાવાનું પણ ઘણું હતું. એ તો સ્પષ્ટ હતું કે તેઓ તેમના પ્રેમમાં પડેલા, ભક્તો હતા. જો કે ઈસુ તેમનાં બધાં જ કાર્યોમાં ભાગ લેતા, અલગ પડી જતા નહિ; છતાં, મંદિરમાં મેં જોયાં હતાં તે જ રાજવીપણું અને ભવ્યતા તે દર્શાવતા.

ગાલીલનું કાપરનાહૂમ લગભગ બસો જેટલાં, વસતીથી ઊભરાતાં, સમૃદ્ધિથી છલકાતાં શહેરો, કસ્બાઓ અને ગામડાંઓનું કેન્દ્ર હતું, કેટલાંક તો એટલાં પાસે પાસે હતાં કે એકની હદ ક્યાં પૂરી થઈ અને બીજાની શરૂ થઈ તે નક્કી કરવું મુશ્કેલ હતું.

અમે પીતરની હોડીમાંથી મધ્યાહ્ન પછી ઊતર્યા, ત્યારે મેં જોયું કે શહેરમાં ભવ્ય ને આલીશાન મકાનો હતાં. શહેરના નીચેના ભાગમાં પૂર્વ દિશામાં મેં જોયું તો સૌથી આગળ પડતું મકાન તે તો નવું ધર્મસ્થાન હતું. ચળકતા સફેદ પથ્થરનું, દરવાજે જ ચાર વિશાળ કોરિંથીઅન સ્તંભોવાળું. તેનો ચળકતો ઘુંમટ આથમતા સૂરજમાં ભવ્ય દેખાતો. ઠીકઠીક ભભકાવાળો રોમન કિલ્લો પણ હતો, અને કેટલાંક મકાનો તો મેં કલ્પેલાં નહિ તેટલાં વિશાળ અને અલંકૃત હતાં.

પિલાતની મને લેખિત સૂચના હતી કે કાપરનાહૂમના કિલ્લાના સૂબેદારનું નામ આર્નેલ્યસ હતું, અને એક સપ્તાહમાં તેને મારા આગમનથી માહિતગાર કરવામાં આવશે. આર્નેલ્યસ મને મોટી વયના સિપાહી લાગ્યા, જો કે તે માયાળુ અને પરોણાગત કરનારા હતા, છતાં તે બેચેન અને દુ:ખી લાગ્યા. અમે સાંજનું વાળુ સાથે કરતા હતા ત્યારે તેણે મને બેચેની અને અસ્થિરતાનું કારણ જણાવ્યું. તેણે કહ્યું, કે "જ્યારથી મને કાપરનાહૂમમાં તમારા આગમનના સમાચાર મળ્યા ત્યારથી હું સૂઈ શકયો નથી. મને લાગે છે કે તમે મને આ જગ્યાથી બદલવા આવ્યા છો."

મેં તેમને ખાતરી આપી, "મારી મુલાકાતને તમારી નિમણૂક કે બદલી સાથે કશો જ સંબંધ નથી," ત્યારે જ તે શાંતિથી જમવા લાગ્યા.

હું બીજે દિવસે પ્રાત:કાળે જાગી ગયો.

હું આનંદનો ઉશ્કેરાટ અનુભવતો હતો. હા, આજે જ હું મીરિયમને મળી શકીશ. ખુશીનો વીજળી-ચમક આઘાત આપી શકીશ. મેં આર્નેલ્યસને પૂછયું હતું, પરંતુ માથ્થી એ ઉત્તરના જિલ્લાના શ્રીમંત દાણી છે એથી વિશેષ કશું જ એ જાણતા નહોતા. મારું ખાસ કાર્યક્ષેત્ર ખાનગી રાખવાનું હોવાથી, અને પિલાતની આજ્ઞાઓનું પાલન કરવામાં ચોકસાઈ રાખવાની હોવાથી, હું સ્વાભાવિક રીતે માથ્થીમાં સ્પષ્ટ રસ ન દર્શાવી શકયો. સર્વોત્તમ માર્ગ તો મારી નોંધ લઈ કોઈ ગિરદીવાળા સ્થળે જવાનો, અને પછી જેમ આગળ વધાય તેમ વધવાનો હતો.

મારા પગ મને વ્યવસાયી વિસ્તારના એક જીર્ણ કે ભાંગી પડેલા વિભાગમાં લઈ ગયા. ત્યાં એક ખુલ્લા ભોજનગૃહમાં હું દાખલ થયો.

થોડાંક નાનાં મેજ એકદમ ગ્રાહકોથી ભરાઈ ગયાં, અને એક દેખાવડો, સારાં વસ્ત્ર પરિધાન કરેલો માણસ મારી નજીકની ખુરસી પર બેઠો. તે વાતોડિયો અને મિલનસાર હતો, અને થોડી જ વારમાં મેં શોધી કાઢ્યું કે તે સુશિક્ષિત હતો. મને આશ્ચર્ય થયું કે આવી વ્યકિત આવી જગ્યાએ કેમ જમવા આવી હશે.

મારું આશ્ચર્ય સમજી ગયો હોય એમ તેણે કહ્યું: "હું આ વિસ્તારમાં સામાન્યત: જમવા આવતો નથી, પરંતુ ઘરની સ્ત્રીઓ આજે મોડે સુધી ઊંઘી રહી છે, નોકરો સાફસૂફીમાં પડયા છે, તેથી અહીંના વેપારીઓ સાથે ધંધાની થોડી વાત સમજી લેવા હું ઘરમાંથી સરકી ગયો."

મેં કહ્યું: "તમારી જેમ હું પણ કારણસર જ અહીં આવ્યો, મને લાગ્યું કે નાસ્તાનો ઓર્ડર આપું તો થોડીવાર બેસવાનું મળે. હું યરૂશાલેમના લશ્કરનો ટ્રિબ્યૂન ક્લોડિયસ લુસાનિયસ છું."

"ટ્રિબ્યૂન લુસાનિયસ!" તેણે આશ્ચર્યથી કહ્યું: "હું માથ્થી, કાપરનાહૂમ જિલ્લાનો કર ઉઘરાવનાર દાણી, સુશાન્નાની એક મિત્ર, અમારી એક મહેમાન, પાસેથી મેં તમારું નામ ઘણી વાર સાંભળ્યું છે." તેની આંખો આનંદથી પલકારા મારવા લાગી, ચમકવા લાગી. "સુશાન્ના તો કયારનીયે તમને મળવા આતુર છે. જો કે મારે કબૂલ કરવું જોઈએ કે મને વર્ણવવામાં આવ્યા છે તેવા નખશિખ સૌંદર્યમૂર્તિ એપોલો જેવા ગુણો હું જોઈ શકયો નથી! જો કે અનુભવથી જાણું છું કે યુવાન કન્યાઓ સ્વપ્નિલ આંખોથી દુનિયાને જુએ છે."

હું પણ હસવામાં જોડાયો. "જો એ એમ ન કરત તો આપણા જેવા સામાન્ય માણસો ભારે મુશ્કેલીમાં આવી જાત."

"તમે કયાં ઊતર્યા છો?" તેણે સહૃદયતાથી પૂછ્યું, કાપરનાહૂમની ધર્મશાળાઓ તો વર્ણન ન થાય તેવી ગંદી છે, મારું મકાન વિશાળ છે, અને તમારું કામ પૂરું ન થાય ત્યાં સુધી મારે ત્યાં તમને રાખવા હું ખુશી છું."

સાચું ધર્મસંકટ! હું તો આ શહેરમાં આ જ વ્યકિતની તપાસ કરવા અને કર ઉઘરાવનાર તરીકેની શંકાસ્પદ કામગીરીની જાતમાહિતી મેળવવા આવ્યો છું.

છતાં, મીરિયમ સાથે રહેવાનું કોને ન ગમે? મેં કલ્પી ન હોય તેવી રીતે તેની સાથે રહેવાની સ્વર્ગદીધી તક અચાનક મળતી હતી.

"હું ગઈ કાલે સૂબેદાર આર્નેલ્યસને ત્યાં ઊતર્યો હતો. તેથી મારે તેમને ત્યાં જઈ આભાર વ્યકત કરી, મારો સરસામાન લઈ આવવો પડે."

મારી આતુરતા જોઈ માથ્થી હસ્યા. "બેસો, બેસો," તેમણે કહ્યું, "છોકરીઓ તો હજુ એક કલાક સુધી ઊંઘતી રહેશે. આપણને થોડો પરિચય કેળવવાની પણ તક મળશે. આર્નેલ્યસ સાથે થોડો સમય તમે રહ્યા તેનો મને આનંદ છે. એ ગુણવાન સજ્જન છે."

"તેમણે મને ગઈ રાત્રે કહ્યું, કે, એ પણ તમારા લોકોના પરમેશ્વરમાં હવે વિશ્વાસ કરે છે, તે અને તેમના ચાકર ઈસુ નામના યુવાનમાં આપનાં બધાં ભવિષ્યકથનો પૂરાં થતાં જોઈ બદલાણ પામ્યા છે."

"હું પણ ટ્રિબ્યૂન, ઈસુ પર વિશ્વાસ કરું છું," માથ્થીએ ખરા દિલથી જણાવ્યું.

"માથ્થી, યરૂશાલેમમાંના મારા પ્રથમ દિવસે મેં એમને મંદિરમાં જોયા, ગઈ કાલે ગદ્રાથી અહીં સુધીની ગાલીલ સમુદ્ર પરની સફરમાં મને તેમની સાથે રહેવાનો લ્હાવો મળ્યો. મેં ઈસુ જેવા બીજા કોઈ માણસને કદી જોયો નથી."

"મેં પણ કયારેય જોયું નથી, એવું અસામાન્ય વ્યકિતત્વ." માથ્થીએ ભાવુકતાથી કહ્યું, "મારે માટે સરલ તો નથી જ, પણ હું હવે દાણી કે કર ઉઘરાવનાર તરીકેની મારી પદવી મૂકી દેવાનો છું, અને જ્યાં કંઈ તે જશે ત્યાં તેની પાછળ જવાનો છું. તે જેમ ઇચ્છે તેવી રીતે મારી સર્વ સંપત્તિ ખર્ચી દેવાનો છું. તેના જ હેતુઓ માટે મને સમર્પિત કરી દઈશ."

"તેના હેતુઓ ક્યા છે? શું તેમણે એવું કહ્યું નથી, કે, 'દિવસને દિવસની ચિંતા કરવા દો?'"

"ટ્રિબ્યૂન, જો તમે મારી સાથે પહાડ ઉપર આવ્યા હોત, અમીવર્ષા સમાં તેનાં બોધવચનો સાંભળ્યાં હોત, તો તમે જરૂર સમજી શકત કે સૂઝ, સમજ, ઊંડું ડહાપણ અને દૈવી જ્ઞાન વગર એકપણ શબ્દ તે ઉચ્ચારતા નથી, એકપણ કામ કરતા નથી."

"તમારી મહત્ત્વાકાંક્ષાઓમાં મૂળભૂત પરિવર્તન લાવનાર એ શબ્દો ફરી સાંભળવા મને જરૂર ગમશે."

માથ્થીએ વિચારપૂર્વક કહ્યું: "જો એ દિવસના ગિરિપ્રવચનમાંથી એક આદેશ કે બોધવચનની મારે પસંદગી કરવાની હોય, તો મારાં સમગ્ર વર્તન-ધોરણોનું પુનઃ મૂલ્યાંકન કરાવનાર માત્ર એક જ ટૂંકું વાકય મને યાદ આવે: 'લોકો તમારી સાથે જે રીતે વર્તે એમ તમે ઈચ્છતા હો તે જ રીતે તમે પણ તેમની સાથે વર્તો.'"

"પણ સાહેબ," મેં વિરોધ કર્યો, "આ ખરેખર સુંદર શબ્દો છે, અને તેમને અનુસરવાથી લાભ જ થાય! છતાં, તમે એમ ન કહી શકો કે આ ઈસુના મૌલિક શબ્દો છે? શું એ સાચું નથી, કે તમારા હિબ્રૂ શિક્ષક, હિલ્લેલે કહ્યું છે: 'તમારા માટે જે ધિક્કારપાત્ર છે, તે તમારા પાડોશી માટે ન કરો.'! અમારા ગ્રીક ફિલસૂફ સોક્રેટિસે તો પાંચ સૈકાં પહેલાં શીખવ્યું છે, બીજાંઓના જે કંઈ કાર્યથી તમને ક્રોધ ચઢે છે તે તમે બીજા માટે કરશો નહિ."

"ટ્રિબ્યૂન, થોડેઘણે અંશે તમે સાચા છો. પરંતુ, ઈસુનું શિક્ષણ અગાઉના ફિલસૂફોના શિક્ષણ કરતાં ઘણું જ જુદું છે. ઈસુના શિક્ષણમાં તો કાર્ય ગર્ભિત છે, તેનો બોધ કાર્યપ્રધાન છે. તમે જણાવો છો તે મહાન વ્યકિતઓ આપણને લૂંટ કે ચોરી ન કરવી તેમ શીખવે છે. આપણે લૂંટી લીધાં છે કે મરી ગયાં તેમ માની તજી દીધાં છે, તેમના ઘા ઉપર તેલ લગાડવાનું, રૂઝાવાનો મલમ લગાડવાનું ઈસુ શીખવે છે; જેથી આપણે પણ ભલા સમરૂની જેમ તેમને વીશી સુધી લઈ જઈ શકીએ, અને ત્યાં વીશીવાળાને પૈસા આપી ઘવાયેલી વ્યકિત કે વ્યકિતઓને તે નીરોગી થઈ જાય ત્યાં સુધી રાખી શકીએ."

"ઈસુના અનુયાયી થવું તે સરળ નથી." મેં કહ્યું, "હું હજુ સમજી શકતો નથી કે તમે કેમ સંપત્તિ તજી દેવાનું જરૂરી માનો છો? શું ઈસુ તેવી આજ્ઞા આપે છે?"

"હું માનું છું, ભાઈ, કે ઈસુ દરેક વ્યકિતને પોતાનો નિર્ણય કરવા દે છે. મેં તેમના પર વિશ્વાસ કરવાનો આરંભ કર્યો, ત્યારે તમે માનો છો તેમ હું માનતો હતો કે, હું મારી સંપત્તિ સાચવી શકીશ, મારો ધંધો ચાલુ રાખી શકીશ, પરંતુ, જ્યારે અર્ધો રસ્તો એ કેટલાકને માટે પૂરતો થઈ પડે, ત્યારે મારા હૃદયમાં હું તેની પૂરેપૂરી સેવા કરું તેમ ઇચ્છું છું. હું આ વિસ્તારમાં એટલે જ આવ્યો છું

કે આ તિરસ્કારપાત્ર ઝૂંપડાંઓ ભાડે આપી મેં જે આવક કરી તે એ ભાડુઆતોને પરત કરવા આવ્યો છું. તમે કહો છો તેમ એ સરલ નથી. જે લોકોને હું ઘણા હલકા માનું છું તેમને નાણાં પાછાં આપી મારી જાતને કંગાલ બનાવતા જવું એ શું મારે માટે સરલ છે?"

હું માથ્થી વાત કરતા હતા ત્યારે તેમનો ઉત્સાહ અને છુપાવેલો ઉશ્કેરાટ ચૂકી જાઉં તે શકય નહોતું. કોઈ તેમને જુવાન કહી શકે નહિ છતાં તેમનામાં બેફિકર યુવાની સાથે સંકળાયેલાં જોશ કે ઉમળકાભર્યો ઊભરો કે તરવરાટ હતાં જ.

હું જોઈ શકયો કે ગેરકાયદે દાણ ઉઘરાવનાર અને ગરીબોને લૂંટનાર માથ્થી માટે હવે કોઈ તપાસ જરૂરી નથી, કારણ કે તેનું અસ્તિત્વ જ રહ્યું નહોતું.

પછીનું સપ્તાહ તો નર્યું, ચોખ્ખું આનંદસપ્તાહ બની રહ્યું. પેલેસ્ટાઈન-માંની મારી ફેરાવાળી આડકતરી મુસાફરી માટેનું સાચું કારણ તો ખૂબ જ કાળજીપૂર્વક ગુપ્ત રખાયું હતું; તે બધું યોજનાર પિલાતને જો ખબર પડે, કે હું માથ્થી દાણીના જ ઘરમાં આનંદથી આરામ લઈ રહ્યો છું, તો તે મારે વિશે શું ધારે તે વિચાર કયારેક મને સતાવતો. હું મારી જાતને કહેતો કે હવે માથ્થી એ કરચોર, દાણચોર રહ્યો નથી, પરંતુ ખુલ્લેઆમ ઈસુનો અનુયાયી બની ગયો છે, અને મારી મુસાફરીનું અંત્યબિન્દુ તો આ જ સ્થળ હતું, તેથી હવે ગુપ્તતા સાચવવાની કોઈ જરૂર નહોતી રહી.

વિગતો પ્રત્યેનું પિલાતનું કાળજીયુકત ધ્યાન, અને તેમણે પાથરેલી જાસૂસોની જાળ હું જાણે કામચલાઉ વિસરી ગયો હતો. કોઈ પણ મહત્ત્વની કામગીરી ધરાવતી વ્યકિતની પાછળ તેમણે આખા દેશમાં ગુપ્તચરો ગોઠવ્યા હતા, જેથી તેની સચ્ચાઈ અને વર્તનની સુગ્રથિતતા અંગે તાત્કાલિક માહિતી મળે. તેથી માથ્થીના આકરા હૃદય પરિવર્તનના અને ધંધાકીય ફેરફારના એક સપ્તાહમાં જ મને પિલાતનો સંદેશો મળી ગયો, કે માથ્થીના પરિવર્તનના સમાચારથી તેમને આનંદ પહોંચ્યો છે, અને હું માથ્થીને ત્યાં જ ઊતર્યો હોવાથી તે ખુશ થયા છે, ત્યારે મને જરાકે આશ્ચર્ય ન થયું.

સંદેશાને અંતે તેમણે લખ્યું હતું, "તમે સારું કામ કર્યું છે. કાપરનાહૂમમાં એક સપ્તાહ રજા ભોગવો. મને જાણવા મળ્યું છે કે તમે યજમાનથી અને યરૂ-શાલેમથી આવેલાં તેમનાં રૂપાળાં મહેમાનથી નાખુશ નથી!" હું મંદમંદ સ્મિત વેરી રહ્યો.

ઈસુ અને તેમના વિશિષ્ટ ઉદ્દેશો માટે પોતાનું બધું સમર્પિત કરી દેવાના નિર્ણયમાંથી માથ્થી જરીકે ડગ્યા નહિ. ઈસુ અને તેમના સાથીશિષ્યો સાથે કાપરનાહૂમ અને તેની આસપાસનાં સ્થળોએ જલદી ઊપડી જવા તે તૈયારી કરતા હતા. દરિયાકિનારા ઉપરનું વિશાળ ઘર હજી હતું જ, અને હું ઇચ્છું ત્યાં સુધી રહી શકું માટેનું તેમનું આમંત્રણ હૃદયની સચ્ચાઈવાળું જ હતું. તે ઘર છોડીને જાય છે તે જાણીને મેં વાંધો ઉઠાવ્યો હતો, કે, જે ઘરમાં કોઈ દેખભાળ કરનાર મોટી વ્યકિત ન હોય, અને બે રૂપાળી કુંવારી છોકરીઓ હોય, ત્યાં એક યુવાન ટ્રિબ્યૂનને રહેવું શોભાસ્પદ નહિ કહેવાય. માથ્થીએ મારી આનાકાની જોઈ, અને હિંમત આપતાં ખભો થાબડયો.

તેણે કહ્યું, "ટ્રિબ્યૂન, તમે સાચા છો. પરંતુ સામાજિક કાર્યપ્રણાલિની બાબતમાં તમારાથી વયમાં મોટા યજમાનને તમે ઓછો નહિ ગણો, પરંતુ કૂતરાની પૂંછડી જેમ જીભ હલાવતા આસપાસના લોકોથી હું વાકેફ છું. તેથીસ્તો, મેં મારી પત્નીની, બાલ્યકાળની સખીને તથા જીવનભરની બહેનપણીને, થોડો સમય અહીં ગાળવા આમંત્રણ આપેલું જ છે. ટ્રિબ્યૂન, તમે પણ એને ચાહવા લાગશો. જો કે, કોઈ કોઈ વાર તે મિજાજ ગુમાવી બેસે છે, પરંતુ તમારે ડર રાખવાની કોઈ જરૂર નથી."

થોમાસીના માસી ઠીક ઠીક વિશાળ કદનાં હતાં, અને ઉપરનું બરછટ વર્તન છતાં, કોઈ તરત કહી શકે કે એમનું હૃદય તો મીણ જેવું પોચું અને મૃદુ છે. છોકરીઓ જેમ તેમને બોલાવતી હતી તેવી જ રીતે 'માસી' કહીને મેં બોલાવવાનું શરૂ કરી દીધું, અને જો કે તે કશું બોલ્યાં નહિ, છતાં તે ખુશ થયેલાં દેખાયાં. માથ્થીએ કહ્યું હતું, તેમ તે છોકરીઓનું અવિરત અને સખત ધ્યાન રાખતાં, છતાં માથ્થીના મહાલયની પાછળના સુંદર ખાનગી કિનારાની સોનેરી સુંવાળી રેતી પર હું અને મીરિયમ દરરોજના સમુદ્રસ્નાન પછી બેસતાં, અને કલાકો સુધી વાતો કરતાં, તેથી તે ખીજવાઈ જતાં નહિ.

મીરિયમ સાથે હું સુખી હતો, ખુશ હતો. મારા સુખની વ્યાખ્યા પણ થઈ શકે તેમ નહોતું. મારા શાળાજીવન દરમ્યાન જેની સાથે પ્રેમમાં પડવાનાં મેં સુખદ દીવાસ્વપ્નો જોયેલાં તેવી ઘણી છોકરીઓ જેવી જ તે હતી. એના હૃદયને કોઈ વાત સ્પર્શી જાય અને અસ્તિત્વનું બધું રૂપ આંખોમાં અને ચહેરા

પર છલકાઈ ઊઠે, એ સિવાય તેને સુંદર ન કહી શકાય. તે બીજું ઘણું બધું નહોતી, પણ એક વાત નિર્ભેળ સત્ય છે કે હું તેની ઉપસ્થિતિમાં અપાર સુખ અનુભવતો.

એના પિતાની અનુપસ્થિતિમાં સુશાન્ના આનંદદાયિની યજમાન બની રહી. હું તેને મળ્યો ત્યારથીજ તે મને ગમવા માંડી હતી, અને તેના ઉત્સાહથી ઊભરાતું આનંદીપણું તેની વિકૃત કે બેડોળ ચાલને ક્યાંય ભુલાવી દેતું. તેના જમણા પગે તે મોટા કદનો બેડોળ બૂટ પહેરતી, જે મીરિયમના જણાવ્યા મુજબ ખાસ તેને માટે યરૂશાલેમમાં બનાવવામાં આવેલો. એના ડાબા પગના નાજુક અને સુંદર સેન્ડલની સરખામણીમાં જમણા પગનો બૂટ ખૂબ વિચિત્ર દેખાતો, પરંતુ એ ક્યારેય એનાથી સભાન બની જતી દેખાતી નહિ, અને એની સમવયસ્ક છોકરીઓ જે કંઈ પ્રવૃત્તિઓ કરી શકે તે કરવામાં કદી પાછી પાની કરતી નહિ.

એક સવારે મીરિયમ શહેરમાં થોડી ખરીદી માટે ગઈ. હું અને સુશાન્ના સમુદ્રતરણ અર્થે સાથે ગયાં, અને મારી જેમ સરળતાથી, સારી રીતે તે તરી શકી. અમે સૂર્યપ્રકાશમાં કિનારે બેઠાં ત્યારે થોડા પ્રશ્નો પૂછવાની લાલચ હું રોકી શક્યો નહિ. પોતાની વેદના વિષે તે શીઘ્રભાવાગ્રહી કે લાગણીશીલ ન દેખાતી હોવાથી, મને શ્રદ્ધા હતી, કે હું તેનામાં રસ લઉં તેમાં તે વાંધો નહિ ઉઠાવે.

"તમે ખૂબ સરસ તરો છો, સુશાન્ના," મેં કહ્યું, "મને વિચાર આવે છે કે તમે નૃત્ય કરી શકો કે કેમ?"

"ચોક્કસ કરી શકું," તેણે મોજથી કહ્યું, "મારો પગ બીજાને ભારેખમ અને બેડોળ લાગતો હશે, પણ એ તો મારા જન્મથી મારી સાથે છે, અને મને તો ડાબા જેવો જ કુદરતી લાગે છે. ક્લોડિયસ, મારા પિતાજી સાચ્ચે જ અદ્‌ભુત છે. મને એમણે કદી લાગવા દીધું નથી, કે હું બીજી છોકરીઓ કરતાં જુદી છું, કે મારે વિશેષ લાડકોડ કે વધુ પડતા જતનની જરૂર છે. સ્વકરુણાની લાગણી મારામાં જન્મે કે મારી વેદનાને જ બીજાં જોયા કરે, એવું કશું જ વર્તન ઘેર કે બહાર, નથી મારા પિતા કરતા કે નથી નોકરો પાસે કરવા દેતા."

"શું તમને એનાથી મુક્ત થવાની કદી ઇચ્છા થતી નથી?"

"ચોક્કસ થાય છે! કોઈપણ સામાન્ય છોકરીને મજા કરવાનું ગમે, છોકરાઓ તેનામાં રસ લે તેવું ગમે, બીજી છોકરીઓ જેમ પહેરવા ઓઢવાનું રહેવાનું ગમે, પણ મેં મારી જાતને કદી દુ:ખી બનાવી નથી કે મારા મિત્રોને બેચેન બનાવ્યા નથી."

"સુશાન્ના, હું પૂછયા વગર રહી શકતો નથી. શું તમારા પિતા વિશ્વાસ ધરાવે છે તેમ તમે પણ ઈસુ પર વિશ્વાસ કરો છો અને જો રાખતાં હો, તો તમને સાજા કરી દેવાનું તેમને કેમ ક્હેતાં નથી?"

સુશાન્ના તેનું મધુર, બીજાંને પણ હસતાં કરી દે તેવું હસી, અને ધીમેથી બોલી, "ક્લોડિયસ, શું તમે કોઈ રહસ્ય ગોપિત રાખી શકો?"

"રહસ્ય સાચવવાં એ તો મારી વિશેષ લાયકાત છે."

"તો પછી સાંભળો. મારા પિતા ઈસુમાં રસ લેતા થયા તે પહેલાં અહીં કાપરનાહૂમમાં સ્ત્રીઓ અને છોકરીઓની એક ટોળી હતી, જે દર અઠવાડિયે અમારી પ્રજાનો ઈતિહાસ અને ભાવિકથનોનો અભ્યાસ કરવા મળતી. અમારે છાનુંછપનું મળવું પડતું, કારણ કે પેલેસ્ટાઈનમાં સ્ત્રીઓ બુદ્ધિમાં પુરુષસમોવડી ગણાતી નથી. આ અભ્યાસવર્તુળ કાપરનાહૂમમાં પોતાની દીકરી સાથે રહેતાં ઈલિઝાબેથ નામનાં આનંદી વૃદ્ધા ચલાવતાં. ઈસુના અનુયાયી પીતરનાં તે સાસુ થાય."

"સુશાન્ના, હું ફરી પૂછું. જો ઉત્તર આપવાની અનિચ્છા હોય તો જરૂરથી ક્હેજો. તમે ઈસુને તમારો પગ બીજા જેવો બનાવી દેવાનું કેમ ક્હેતાં નથી?"

"ક્લોડિયસ, મેં તેમને ક્હ્યું છે."

"તમે પૂછ્યું છે? એમનામાં આટલો બધો વિશ્વાસ રાખવા છતાં તમને એમણે ના પાડી? હું માની શકતો નથી!"

"એ બધું કેવી રીતે બન્યું એ હું ક્હીશ ત્યારે કદાચ તમે સમજશો. ઈલિઝાબેથ દાદીને ત્યાં મળ્યા પછીની એક સવારની વાત છે. મારું હૃદય એ વિશ્વાસથી ઊભરાઈ જતું હતું કે ઈસુમાં બધાં યહૂદી ભવિષ્યકથનો પૂરાં થાય છે. મીખાહના પુસ્તકમાં એમના અદ્‌ભુત જન્મ વિશેની જે વાત છે તે જ અમે વાંચી. અમે હોશિયાના પુસ્તકમાં વાંચ્યું કે મસીહને મિસરમાંથી તેડાવવામાં આવશે. ઘણા પ્રબોધકોએ લખ્યું છે કે તે નાસારી કહેવાશે. મને કોઈ શંકા નહોતી. બીજાંને છોડી હું તેમને મળવા ગઈ. અને માનશો, ક્લોડિયસ? કે હું એકે શબ્દ બોલું તે પહેલાં તેમણે મારી સાથે વાત કરી. મારું નામ ક્હ્યું, અને ક્હ્યું કે, 'તમે આવ્યાં છો તેથી હું ખુશ છું. મારે તમારી મદદની જરૂર છે.'"

"સુશાન્ના," મેં વચમાં બોલી ઊઠતાં ક્હ્યું, "કાપરનાહૂમ આવવા માટે પીતરની મોટી હોડીમાં હું બેઠો ત્યારે મને પણ તેમણે એવું જ કહેલું. ક્હ્યું હતું,

'યરૂશાલેમના મંદિરમાં મારી મદદ કરવા હું તમારો આભારી છું.' ખરેખર, તો મારી કોઈ મદદની એમને જરૂર જ નહોતી!"

"હું માનું છું, ક્લોડિયસ, કે તેમને આપણી જરૂર છે. પોતાની યોજનાઓ અને ઉદ્દેશો પરિપૂર્ણ કરવા બીજું કશું તેની પાસે નથી. તેમણે મારી સાથે ઘણી વાતો કરી. હું પાછી ફરી ત્યારે તેમણે મારો પગ સાજો કરી દીધો હોત તેના કરતાં વધુ ખુશમિજાજમાં હતી, આનંદમાં હતી. હું ઈલિઝાબેથ દાદીને ઘેર દોડીગઈ. મને તેમણે ઘરમાં આવતી જોઈ, અને થમ્પ, થમ્પ, થમ્પનો એ જ જૂનો અવાજ સાંભળ્યો ત્યારે લગભગ રડી પડયાં."

"ઈસુએ કહેલી કેટલીક વાતો મેં તેમને કહી, અને અમે ઘણો સમય ચર્ચા કરી. અમે એ સમજવાનો પ્રયત્ન કર્યો કે ઈસુએ આ બેડોળ પગને કેમ એવો ને એવો રહેવા દીધો, અને અમે આ નિર્ણય પર આવ્યાં. સાજા કરવાના તેમના પરાક્રમ વિશે અમને કોઈ શંકા નથી, એમના મારા વિશેના પિતાતુલ્ય સ્નેહ વિશે પણ કોઈ સંદેહ નથી; પણ અમને લાગ્યું કે મારા જેવી વેદનાવાળા કોઈ અનુયાયીની ઈસુને જરૂર છે. ગમે તેવી મહાન મુશ્કેલી કે ભયંકર વેદના હોય છતાં વિશ્વાસ, શ્રદ્ધા અને શકિતથી ટકી રહે તેવા કોઈક શિષ્યની તેમને જરૂર છે. અમને સોએ સો ટકા ખાતરી છે કે શારીરિક દુ:ખની ભૂમિ પર તે ઘણાંને મળે છે, અને શારીરિક વેદના મટાડવાનું સ્વીકારે છે, છતાં, તેઓ વેદનાને હૃદયના અભ્યંતરથી સ્વીકારનારાંઓને ઝંખે છે. શારીરિક વેદના વેઠવાની હિંમતવાળાં માણસો તેમને જોઈએ છે, તો જ માત્ર વ્યકિતગત સંતોષની પણ પેલે પારનું જે તેમનું દર્શન છે તે સિદ્ધ થાય."

સુશાન્નાએ આગળ ચાલતાં કહ્યું: "અમે શ્રદ્ધાપૂર્વક માનીએ છીએ, ક્લોડિયસ, કે જે વિશ્વાસ અંત સુધી ટકી રહેશે, અને જે આ વિશાળ દુનિયાને બદલી નાખવા પરાક્રમી કે સમર્થ છે, તે જ માત્ર ઈસુને કહી શકે, 'હું માનું છું કે તમે ખ્રિસ્ત, જીવતા દેવના પુત્ર છો, અને જો તમે મને ધન દોલત અને અન્ય દુન્યવી વાનાં આપ્યાં હોત તો હું હૃદયના ઉમળકાથી, ઊંડાણથી તમારો આભાર માનત; પરંતુ જો તમે મને માત્ર ગરીબી, ગરીબી અને ગરીબી જ આપી હોય અને આપવાના હો, તો પણ, હું તમારો આભાર માનું છું અને માનીશ.' જો કે કેટલીકવાર તે આપણી પ્રાર્થનાનો પ્રત્યુત્તર ચમત્કારથી વાળે છે, છતાં તેમને એવાંની પણ જરૂર છે, જે કહી શકે 'જો તમે મને હું માગું છું તે ઉત્તર આપશો

તો હું આભારી થઈશ; પરંતુ જો તમે મારી પ્રાર્થનાનો 'ના' કે નકારમાં ઉત્તર આપશો, અથવા એમ કહેશો કે 'થોભો'; અને કદાચ ધીરજથી વાટ જોતાં હૃદય બીમાર પડી જશે, તો પણ હું તમારામાં વિશ્વાસ રાખીશ, ચોક્કસ રાખીશ.'"

"સુશાન્ના, મને લાગે છે કે તમે અદ્ભુત છો."

"ના, ક્લોડિયસ, હું અદ્ભુત નથી. ઈસુ સાથે વાત કરતાં તે દિવસે મને આ વિશ્વાસની બક્ષિસ મળી. હવે હું વટથી ચાલું છું. લંગડાતાં પણ ડોક ટટ્ટાર રાખું છું, કારણ કે હું માનું છું કે ઈસુમાં મારો વિશ્વાસ તેઓ મારે માટે શું કરી શકે તેના પર આધારિત નથી, પરંતુ કેટલેક અંશે, હું તેમને માટે શું કરી શકું તે પર અવલંબિત છે."

મારી રજાના માત્ર ચોવીસ કલાક બાકી રહ્યા હતા ત્યારે એક ચાકરે વિનયપૂર્વક મારું બારણું ખખડાવ્યું, અને કહ્યું: "આપની હાજરીની સ્તંભપંક્તિમાં — લાંબી પરસાળમાં — જરૂર છે."

હું દાદર ઊતરી પરસાળમાં ગયો. આવતી કાલે માથ્થી, સુશાન્ના, અને મીરિયમને છોડીને હું યરૂશાલેમના લશ્કરમાં પાછો ફરીશ. દુ:ખ હૃદયને ભરી તો ન રહ્યું. પણ હૃદયની સપાટીને ભીંજવી જરૂર રહ્યું.

દાદરને મથાળે દબાવી દીધેલું હાસ્ય સંભળાતાં મેં ઊંચે જોયું તો સુશાન્ના, મીરિયમ અને થોમાસીના માસી સરઘસની જેમ કૂચ કરતાં નીચે ઊતરતાં હતાં. તેમણે પોતાના શ્રેષ્ઠ પોશાકો પરિધાન કર્યા હતા.

મીરિયમે ઊંચો અંબોડો ગૂંથ્યો હતો, વાળના સૌંદર્યમાં વધારો કરતી રેશમી રીબિનો અને મોતીની સેર પણ ગૂંથેલી. ઉત્સાહથી એની વિશાળ, ગહન આંખો ચમકતી હતી. આ શબ્દો મારા મનમાં ફૂલ કળીની જેમ ફૂટ્યા, અને ક્યાંથી ઊગ્યા તે હું જાણતો નથી, અનુભવું છું માત્ર મહેક:

"એ માત્ર મારા જ હોઠ હોય જે એના ટહૂકતા પ્રભાત શા મુખને સ્પર્શે.
એ માત્ર મારો જ સ્પર્શ હોય જે એની ખુશબોથી ભીંજાય, છલકાય."

અમે ચારે આગળના વરંડામાં આવ્યાં ત્યારે શેરીમાંથી એક વ્યક્તિને માથ્થીના ઘર તરફ દોડી આવતી જોઈ. તે પાસે આવી ત્યારે મેં જોયું કે તે તો સૂબેદાર આર્નેલ્યસનો પ્રિય ચાકર એલેક્ઝાંડર હતો, અને તેણે મને એક ચિઠ્ઠી આપી. મને વાંચીને દુ:ખ થયું કે વૃદ્ધ સૈનિક બીમાર પડ્યા હતા, અને મને તત્કાળ મળવા માંગતા હતા. પોતાની યુવાનીના દેવોને તજી દઈ, પોતાના હૃદયને સંતૃપ્ત

કરનાર ઈશ્વરને સ્વીકારવામાં તેમણે બતાવેલી હિંમતને લીધે આર્નેલ્યસનું સ્થાન મારા હૃદયમાં ઘણું ઊંચું હતું.

તે શાંતિથી પલંગ પર સૂતેલા, સંપૂર્ણપણે જાગૃતિમાં અને પીડાના કોઈ બાહ્ય દેખાવ વિનાના. "મારા પુત્ર, તમે આવ્યા તે બદલ આભાર," તેમણે કહ્યું.

"મારે એક મહત્ત્વની બક્ષિસ માગવાની છે, અને મારે જલદીથી કહેવું જોઈએ. મેં એલેકઝાંડર મને કેટલો વહાલો છે તે આપને કહ્યું છે, તેને સ્વાતંત્ર્ય આપવા મેં કાયદેસરનાં કાગળિયાં કર્યાં છે. રોમમાં ગુલામો માટે જે ભારે લાંચ-રૂશ્વતખોરી ચાલે છે તેથી તેને મદદ કરવા અને માર્ગદર્શન આપવા કોઈ હામી કે પુરસ્કર્તા જોઈશે. શું આપ મારે માટે આ કૃપા કરશો?"

"હું ખાતરીપૂર્વક તેમ કરીશ, સાહેબ. તેની સલામતી કે આઝાદી માટે કોઈ અંદેશો આપ કૃપા કરી રાખશો નહિ."

આર્નેલ્યસે ફિક્કું સ્મિત કર્યું. "સરદાર, આપ આપનો દરજ્જો ભૂલી જાઓ છો. કોઈ ટ્રિબ્યૂન સૂબેદારને 'સાહેબ' ન કહે."

હું નીચે નમ્યો અને આર્નેલ્યસનો કરચલીવાળો વૃદ્ધ હાથ મારા હાથમાં લીધો. "તમે સાચા છો, સૂબેદાર, પણ તમારી અને મારી વચ્ચે દરજ્જાનો કોઈ સવાલ ક્યારેય યોગ્ય કહેવાશે નહિ. અલવિદા."

થોડાક જ સમયમાં પિલાતને સૂબેદારના મૃત્યુના સમાચાર આપવા સિઝેરિયા મેં મોકલેલો સંદેશવાહક પાછો ફર્યો. પિલાતના સંદેશામાં મને જણાવાયું, "કાપરનાહૂમના કિલ્લાનો ચાર્જ લેવા કોઈ ઑફિસર છે નહિ, અને રોમથી સામાન્યત: વસંતઋતુમાં જ નવી નિમણૂકો થતી હોવાથી, તમારે શિશિર ઋતુ કાપરનાહૂમમાં જ ગાળવી."

મેં નક્કી કર્યું કે મારાથી આર્નેલ્યસને આપેલું વચન ભૂલી શકાય નહિ, તેથી મારે એલેકઝાંડરને શોધી કાઢી તેના નવપ્રાપ્ત સ્વાતંત્ર્ય માટે કંઈ યોજના વિચારવી તે નક્કી કરી દેવું જોઈએ.

એ શિયાળો અદ્ભુત હતો. મીરિયમ હવે સુથાન્ના સાથે વધુ સમય ગાળતી હતી, અને મને ખાતરી થઈ કે કોઈપણ ઋતુ કે સ્થળનો આનંદ તેના વિના અર્થહીન, નીરસ અને નિષ્પ્રાણ બની જાય છે. અદ્ભુત અને અવર્ણનીય છે આ સ્નેહ!

મીરિયમે અમને કહ્યું, "મારા પિતાને લાગે છે કે તોફાન આવી રહ્યું છે."

સુશાન્નાએ માથ્થીને આ વાત કરી.

"તે જરૂર ભૂલ કરે છે," તેણે કહ્યું, તેનો ચહેરો અચાનક ભયપ્રેરિત અને ફિક્કો પડી ગયો.

"ના, મારી દીકરી," માથ્થીએ કહ્યું: "મને ભય છે કે એક માણસની હત્યા કરવાનું વ્યવસ્થિત આયોજન થઈ રહ્યું છે.

"પિતાજી!" સુશાન્નાએ ચીસ પાડી.

મેં કહ્યું, "હું સમજી શકતો નથી, સાચે જ મારી સમજ બહાર છે, કે કેમ પેલેસ્ટાઈનના ધાર્મિક અને રાજકીય આગેવાનો ઈસુને મારી નાંખવા માંગે છે? જરૂર તેઓ જાણે છે, કે, હજારો માણસો ઈસુને ચાહે છે, અને તેને જ કારણે સમૃદ્ધ અને સુખી બન્યાં છે."

"હું તમારી સાથે સંમત થઈ શકતો હોત તો કેટલું સારું!" માથ્થીએ દુ:ખથી જણાવ્યું. "શકય છે કે લોકોનાં ટોળેટોળાં ઈસુને ચાહે છે એ જ કારણે આગેવાનો ઈસુને ધિક્કારે છે. આપણે યાદ રાખવું જોઈએ કે આ જ લોકોએ વર્ષોથી નિયમો બનાવ્યા છે, પોતાના સ્વાર્થ માટે નિયમોનો ઉપયોગ કર્યો છે. જનતા તેમને જ અનુસરે છે."

"છેલ્લાં બે વર્ષથી ઈસુ અગ્રણીઓની દાંભિક પવિત્રતાનો અંચળો લોકો સમક્ષ ચીરી નાંખે છે, આગેવાનોને ભય લાગે છે કે જનતા ધીમેધીમે જાગૃત થવા માંડી છે; ધર્મનું તેમનું સંગઠન મરણોન્મુખ છે અને પતન પામતું જાય છે. તેમને ભય છે કે ઈસુ કદાચ ધર્મસંગઠનનું એક સંપૂર્ણ નૂતન દ્વાર ઉઘાડી નાંખશે, જે દરેકને માટે ખુલ્લું રહેશે; અને જ્યાં તેઓ એટલે કે આગેવાનોને ઈસુના સૌથી નિમ્ન કક્ષાના અનુયાયીઓ સાથે બેસવું પડશે. તેમના વિશે ભૂલ કરશો નહિ. તમે કલ્પી શકો તે કરતાં તેમની સત્તાના હાથ વધુ લાંબા છે."

ગાલીલનો કરડો શિયાળો જાણે ઝડપથી સમાપ્ત થઈ ગયો એવું લાગ્યું. કાપરનાહૂમમાં રહેવાનો મારો સમય પૂરો થવાની તૈયારી હતી.

હું મારી પથારીમાં એક સવારે આરામથી લેટી રહ્યો હતો ત્યારે એલેકઝાંડરે દ્વાર ઠોકયું. દરરોજની તેની સવારની કુશળતામાં તેને કશુંક ઉમેરવાનું હતું: "સાહેબ, આપ જરા ઉતાવળ કરશો? પ્રોકયુરેટર પિલાતે આપને માટે સંદેશો મોકલ્યો છે."

બેથશેદ્દાની હરિયાળી

મારે તત્કાળ કાપરનાહૂમ છોડવાનો પિલાતે આદેશ આપ્યો હતો. પેલેસ્ટાઈનના ઉત્તર વિભાગમાં કેટલાક નાના કિલ્લાઓ વધુ મજબૂત બનાવવાની યોગ્યતા અંગે તપાસ કરવાનું તેમણે સૂચવ્યું હતું.

આ તપાસ કંટાળાજનક હતી, તેમાં જ ગરમ, સૂકો અને નીરસ ઉનાળો વીતી ગયો.

પ્રવાસના માર્ગના છેલ્લા શહેરમાં આવતાં મેં રાહતનો દમ ખેંચ્યો. પેલેસ્ટાઈનના ઉત્તરને છેડે આવેલું અદ્‌ભુતરસિક, સુંદર શહેર કાઈસારિયા ફિલિપી, યરદન નદીના મૂળ પાસે આવેલું છે.

પ્રવાસીઓ વિદાય થવા લાગ્યા હતા, અને તેથી ઉતારાની સગવડો તરત મળી ગઈ. જે ઢંગધડા વગરની, વર્ણસંકર હોટલોમાં મને ઓરડા મળ્યા હતા તેના કરતાં અહીંનો ખંડ તદ્દન જુદો હતો.

મારો સામાન વ્યવસ્થિત કરી અહીં થોડો સમય વીતાવવાનું મેં નક્કી કર્યું. નજીકના જ ભવિષ્યમાં મારે યરૂશાલેમ પ્રતિની દક્ષિણની મુસાફરી શરૂ કરવી પડશે. બારી પાસે ઊભા રહી હું નીચે જોવા લાગ્યો. મીરિયમની ઝંખના તીવ્રતર બની. મને વિચાર આવ્યો, કોઈ બારી પાસે સાથે સાથે ઊભાં રહી, શબ્દોની આપલે કર્યા વિના, નીચેની સૃષ્ટિને જોયા કરવાનું શું ફરી ક્યારેય નસીબમાં નહિ હોય?

કોઈએ બારણું ખટખટાવ્યું. મારા મિત્ર માથ્થી બહાર ઊભા હતા. મારા આવકારની ઉષ્માએ તેમને ગૂંચવ્યા હશે. મારા જ પિતા હોય એમ હું તેમને ભેટી પડ્યો.

અમે બેઠા ત્યારે તેમણે જણાવ્યું કે છોકરીઓ તો લગભગ છ મહિનાથી નિકોદિમસ સાથે યરૂશાલેમમાં છે. ચાકરો કે થોમાસીના દાદી સાથે યે તેમને રાખવાની તેમની અનિચ્છા હતી, કારણ કે ઈસુ સાથે સંકળાયેલ પ્રત્યેક વ્યક્તિ પર કટોકટીની તલવાર ઝઝૂમતી હતી.

માથ્થીએ પળભર મારી સામે જોયું અને અચકાતાં વાત શરૂ કરી. ઊંડી વિચારણા કરી હોય, મંથન કર્યું હોય એવી કોઈ વાત કહેવા તે માંગતા હતા.

"કલોડિયસ", તેમણે કહ્યું, "ગયે વર્ષે તમે મારા દીકરાની જેમ જ વર્ત્યા છો. મને એ જ રીતે તમે ગમો છો. મીરિયમ સાથેની તમારી પ્રીતિથી હું અજાણ નથી. આ સંબંધના અંત વિશે મને ચિંતા છે. તમે તેને લગ્ન અંગે પૂછશો ત્યારે જે જટિલતા અને મૂંઝવણો ઊભી થશે તે અંગે તમે કશું વિચાર્યું છે?"

"હું તે માટે તૈયાર જ છું. ઘણીવાર તમારી સાથે આ અંગે વિચાર-વિનિમય કરવા મેં નક્કી કર્યું હતું, પણ હિંમત ન ચાલી. મોડી રાત્રે કે ઊગતા પરોઢે હું તેને જ વિશે વિચારું છું. ધૂળભર્યા રસ્તા પર ઘોડે બેઠેલો હોઉં ત્યારે પણ એનું જ રટણ ચાલે છે. મનનો અશ્વ એ જ હરિયાળી પર દોડી જાય છે. હું નિકોદિમસ પાસે મને જતો, અને એમ કહેતો કલ્પું છું, 'હું એક વિદેશી રોમન સૈન્યનો એક ઉચ્ચ અધિકારી, લગ્નમાં આપની પુત્રીનો હાથ માંગું છું.'"

"હું એ પણ વિચારું છું કે મારે મારાં માતપિતાને પણ જણાવી દેવું જોઈએ કે મેં એક યહૂદી કન્યાને પત્ની તરીકે પસંદ કરી છે. જાણે ઇથિયોપિયામાંથી હું કોઈ ગુલામડીને પસંદ કરી લાવ્યો એવું તેમને લાગશે. મને થાય છે કે નિકોદિમસ અને તેમનાં પત્નીને પણ—તેમની લાડલી દીકરી વિશે વિચાર કરતાં—મારે વિશે એવું જ લાગશે."

લાંબા સમય સુધી માથ્થી વિચાર કરતા શાંત બેસી રહ્યા, મને લાગ્યું કે મેં તેમને દૂભવ્યા છે.

"ઉમરાવ વર્ગના યહૂદીઓ ગર્વિષ્ઠ લોકો છે, મારા દીકરા," માથ્થીએ કહ્યું, "તમારા સરદારો જેવા જ. પોતાનાં દીકરા-દીકરીઓનું લોહી પરદેશી લોહીમાં ભળે એવું તેઓ ઇચ્છે નહિ. અમારા ગાલીલમાં તો સામાન્ય પ્રજા વસતી હોવાથી મેં અહીં આંતરધર્મીય—આંતરજાતીય લગ્નોને સુખી અને સફળ થતાં જોયાં છે. પરંતુ, નિકોદિમસ જેવા ઉચ્ચ કુળના અમીર અને તેના કુટુંબ માટે તો આવું લગ્ન તેમને સામાજિક, રાજકીય અને ધાર્મિક વર્તુળોમાં અસ્પૃશ્ય જેવા બનાવી દેશે."

"મને લાગે છે કે હું સુશાન્ના જોડે પ્રેમમાં પડયો હોત તો કેટલું સારું!" મેં હસતાં હસતાં કહ્યું.

માઈથી હસ્યા નહિ. તેમની આંખોમાં દર્દ હતું, તેમણે બહાર જોતાં, ધીમેથી કહ્યું, "મને પણ વિચાર આવે છે."

માઈથી તો ઘસઘસાટ ઊંઘી ગયા, પણ પલંગમાં પડયા પડયા મેં સુશાન્ના વિશે વિચાર્યું.

જો કે હૃદયમાં તો મીરિયમ જ હતી, એટલે વિચારો વળી વળીને એક જ કેન્દ્રમાં ધસી જતા. કેવી અપાર છે આ સ્નેહની માયા! દૂરતાના નૈકટયની અમીછાલકોમાં હું ભીંજાઈ રહ્યો.

યરૂશાલેમમાં પુનરાગમન

માર્થી કાઈસારિયા ફિલિપીમાંથી ચાલ્યા ગયા, અને આ હવા ખાવાના સ્થળમાંથી જાણે દિલચસ્પી ચાલી ગઈ. યરૂશાલેમ પાછા જવાની અને મીરિયમને મળવાની ઝંખના તીવ્રતર બની.

નાના રોમન કિલ્લાઓને વધુ મજબૂત બનાવવાની જરૂર વિશેની પિલાતની યોજના અંગેની મારી કામગીરી સમાપ્ત થઈ હતી. મેં નક્કી કર્યું કે ઝડપથી દક્ષિણમાં પાછો ફરું. મુસાફરી અતિ ધીમી હતી, અને મહિનાઓ પછી હું રાજધાનીમાં પાછો ફર્યો.

શુક્રવારે મધ્યાહ્ને યરૂશાલેમમાં હું ઘોડેસ્વાર થઈ દાખલ થયો. હું જ્યારે પહેલવહેલો આવ્યો હતો તેવાં જ દૃશ્યો પુનઃ નિહાળ્યાં. પાસ્ખા પર્વનાં ટોળેટોળાંથી શેરીઓ છલકાતી હતી, એ ટોળાં મંદિરમાં, દુકાનોમાં, ધર્મશાળાઓમાં જવા માટે ધક્કામુક્કી કરતાં.

બધું જ સરખું હતું, પણ એક તફાવત હતો, અને તે પ્રવર્તતા વાતાવરણમાં. હું આવ્યો તે દિવસે ઉત્સવનો રંગીન આનંદ હતો, આ વખતે એમ નહોતું.

લોકોના મુખ ઉપરની અભિવ્યક્તિમાં આ તફાવત તત્કાળ દેખાતો. ઘણાનાં મોં ઉપર ભય, ઊંડી ચિંતા દેખાતી, જ્યારે બીજાંના મુખ ઉપર કશુંક અવનવું બનવાનો દબાયેલો ઉશ્કેરાટ દેખાતો. જો કે કશું કરુણ બને તેવી આતુરતા નહિ, પણ જો એવું કશું બની જાય તો, એ જે કંઈ રોમાંચકતા લાવે તે અનુભવવાની ઇચ્છા ખરી.

હું ટાવર તરફ ઉતાવળથી ગયો. મારે તો મારી હાજરીની જાણ કરવી હતી. અને મારો રિપોર્ટ ક્યારે આપવો તે અંગે પ્રોક્યુરેટર પિલાતની જો કશી સૂચના હોય તો તે જાણવી હતી. ઝોલ્ડીને ફરીથી જોતાં મેં મિત્રસહજ સાચો આનંદ અનુભવ્યો.

મેં કહ્યું, "શેરીઓમાંથી પસાર થતાં મને ભય અને ઉશ્કેરાટની ચોખ્ખી લાગણી દેખાઈ, એવું લાગ્યું કે જાણે ટોળાં કશું બનવાની વાટ જોઈ રહ્યાં છે. કેટલાક ભયથી કાંપે છે, કેટલાક જાણે રથસ્પર્ધામાં રથ ઊંધા થઈ જતાં જે રોમાંચ અનુભવાય તેવું કશુંક માણી લેવાની વાટ જોતાં લાગે છે."

"લુસાનિયસ, તેઓ ખરેખર રાહ જુએ છે," ઝોલ્ડીએ કહ્યું, "જે લાગણીઓ તેં દર્શાવી તેવી જ રીતે વાટ જુએ છે. હું, બીજા સરદારો, સૂબેદારો, સૈનિકો, બધાં જ વાટ જોઈએ છીએ, પણ જુદા કારણથી. શું બનશે તે અમે જાણતા નથી, એક વાત વિશે ખાતરી છે. જો પાસ્ખાપર્વના સમય દરમ્યાન ઈસુ યરૂશાલેમમાં આવશે તો મુશ્કેલીઓ ઊભી થશે."

"આખું શહેર ખેંચેલી પણછની જેમ તંગ છે. આટલાં વર્ષોમાં આવી તંગદિલી મેં કદી જોઈ નથી. પ્રલયનાં એંધાણ દેખાય છે. જો ઈસુ આવશે, તો જરૂર હુલ્લડો ફાટી નીકળશે. ટોળાં અહીં છે ત્યાં સુધીમાં જો કોઈ તેમની ધરપકડ કરશે તો શેરીઓમાં લોહીની નદીઓ વહેશે."

નિકોદિમસને ત્યાંથી રાત્રિભોજન માટે આમંત્રણ લઈને આવેલા ચાકરે અમારી વાતચીતમાં ભંગાણ પાડયું.

હું ભાગ્યે જ થોભી શકયો. યરૂશાલેમ નજીક અને નજીક આવતું ગયું તેમ મેં મીરિયમ વિશે જ સતત વિચાર્યું હતું. મને લાગતું જ હતું કે તેના હૃદયમાં શું છે તે હું જાણું છું, અને મારા હૃદયમાં શું છે તે મીરિયમ જાણે છે. હું વસ્ત્રો પહેરતો હતો ત્યારે મને થયું કે અમારા બંનેની પશ્ચાદ્ભૂમિકા વચ્ચેની ઊંડી ખાઈ, તેનાં અને મારાં માતાપિતાનો વિરોધ અંગેની વાત તેને કરું. અમારે આશા રાખીને ભાવિ યોજના કરવી કે અમારા હાલના સંબંધોનું સૌંદર્ય અને માધુર્ય, ઉકેલ વિનાના કૂટ પ્રશ્નોનો સામનો કર્યા વિના, ટકાવી રાખવું કે કેમ.

ચાકરે બારણું બોલ્યું ત્યારે માથ્થીના દીવાનખાનામાં ઊભી હતી તેમ જ મીરિયમ વાટ જોતી ઊભી રહેલી. કોઈ શબ્દો ઉચ્ચારાયા નહિ. એની આંખો સુંદરતાની ભીનાશથી, વાસંતી ખુશબોથી ચમકતી હતી. તે કેટલી બધી સુંદર છે એ જ વિચાર મારા મનમાં સર્વોપરી હતો ત્યાં તો એ મારા આશ્લેષમાં ભીડાઈ ગઈ. આકાશના બાહુઓમાં પૃથ્વી જાણે સમાઈ ગઈ! જિંદગીની સુવર્ણ પળ! આનંદના અશ્વો એકસામટા હણહણી રહ્યા, સમયને પાંખો આવી, કે તે પ્રણયપ્રતિમા શો સ્થિર બની થોભી ગયો. કોણ જાણે?

મારે શું કરવું જોઈએ તેની યોજના વિચારો—આ બધું હવે બિનજરૂરી હતું.

મીરિયમ અને તેની મા રાત્રિની નિદ્રા માટે ઉપલા ખંડમાં ચાલ્યાં ગયાં, એ પછી કલાકો સુધી હું અને નિકોદિમસ વાતો કરતા બેઠા. શેરીઓમાં લોકોના મુખ પર જે તંગદિલી મેં નિહાળી હતી તે જ તેમનામાં પણ મેં જોઈ.

"તમે એમના વિશે શું અનુભવો છો તે હું જાણતો નથી, લુસાનિયસ," તેમણે કહ્યું. "પણ પૂરેપૂરા વિશ્વાસથી મારે કહેવું જોઈએ કે તે ખ્રિસ્ત છે, પ્રભુ પુત્ર છે એમ અમે માનીએ છીએ. પણ અમે તેની સેવા કરતા નથી, તેમના અનુયાયી જાહેરમાં બન્યા નથી. અમારામાં હિંમત નથી."

"તમે, લુસાનિયસ, મને ડરપોક ધારો. તમે સાચા છો. હું ઈસુ પર વિશ્વાસ કરું છું, પરંતુ જેમને માટે મેં જિંદગી ખર્ચી નાંખી તે વાનાંનો ત્યાગ કરવાની મારી તૈયારી નથી. સાન્હેદ્રિમની વડી અદાલતમાંનો હોદ્દો હું તજી શકતો નથી. પેલેસ્ટાઈનના હોશિયાર અને સર્વમાન્ય શિક્ષકની પદવી હું છોડી શકતો નથી. યરૂશાલેમ અને રોમમાં જે સામાજિક પદ અને પ્રતિષ્ઠા મારી પત્ની ને પુત્રી ભોગવે છે તે છોડી દઈ તેઓ અસ્પૃશ્ય જેવાં બની જાય એ દૃશ્ય હું સહન કરી શકતો નથી. જે મંદિરમાં અમે જન્મથી ભકિત કરીએ છીએ ત્યાંથી અમને હાંકી કાઢવામાં આવે એ કલ્પના પણ મારે માટે અસહ્ય છે."

નિકોદિમસ વાત કહેતા હતા ત્યારે મીરિયમ સાથેના ભાવિ જીવનની સુખી કલ્પનાઓ મને મૂર્ખાઈભરી અને ક્ષણિક — સરકી જતી — લાગી.

"સાહેબ, તમને ખાતરી છે કે તમને ડર છે તેવું જ વર્તન તમારા મિત્રો કરશે?" મેં પૂછ્યું.

"હા. ગયા જુલાઈમાં ઈસુ માંડવા પર્વ* ઊજવવા યરૂશાલેમ આવ્યા ત્યારે શું બન્યું તે મારે તમને કહેવું જોઈએ. સત્તાધીશો તેમની હત્યા કરવા તેમને શોધતા હતા તેથી તે ચોરીછૂપીથી આવ્યા."

"કહો," મેં કહ્યું, પરંતુ હું દુ:ખી દુ:ખી થઈ ગયો હતો, વધુ સાંભળવાની કોઈ હામ રહી નહોતી.

તેમ છતાં મેં સાંભળ્યું, પ્રસંગોપાત એકાદ પ્રશ્ન વચ્ચે પૂછયા વિના સાંભળ્યું. એકપણ શબ્દ ચૂકી ન જવાય માટે આતુરતાથી ખુરસીમાં આગળ ઝૂકીને સાંભળ્યું.

"આઠમે દિવસે ઈસુ મંદિરમાં આવી ઊભા રહ્યા અને ભેગાં થયેલાં સાંભળી શકે માટે મોટે અવાજે પોકાર્યું, "જે કોઈ તરસ્યો હોય તે મારી પાસે આવે ને તૃષા છિપાવે."

---

* યહૂદી લોકો રણમાં રહેતા તેની સ્મૃતિરૂપે ઊજવાતો આઠ દિવસ ચાલતો ઉત્સવ, જેમાં લોકો ડાળપાંદડાના મંડપમાં રહેતા.

"આશ્ચર્યથી લોકો જાણે ઠરી ગયા. ઈસુ — નાઝારેથનો એક સુથાર, ગાલીલનો પ્રવાસી ઉપદેશક — પર્વના સૌથી પવિત્ર દિવસે પવિત્ર મંદિરમાં જાહેરમાં, ખુલ્લે આમ ઘોષણા કરતો હતો કે તે તેઓની પ્રત્યેક જરૂરિયાત પૂરી પાડી શકે છે. તે કહેતો હતો, 'જે કોઈ મારા પર વિશ્વાસ કરે, તેના હૃદયમાંથી જીવતા પાણીની નદીઓ વહેશે!'"

વરિષ્ઠ અદાલતના મુખ્ય ખંડમાં, એક તાકીદની સભા મળી હતી.

આ છેલ્લા અયોગ્ય વર્તનથી, અનાદરથી, મુખ્ય યાજક અને આગેવાનો ગાંડાની જેમ આવેશમાં આવી ગયેલા. તેમણે ખૂબ ઉતાવળથી કિલ્લામાં એક સંદેશવાહકને દોડાવ્યો, અને માંગણી કરી, કે અફસરો મંદિરમાં જઈ ઈસુની ધરપકડ કરી તેમની સામે લાવે.

તલવારો તાણી અફસરો મંદિરમાં દોડયા.

ઈસુના અવાજ સિવાય મંદિરમાં સર્વત્ર, શ્વાસ પણ સંભળાય તેવી, શાંતિ હતી. નિકોદિમસે કહ્યુ, કે "એવો રિપોર્ટ મળ્યો કે અફસરો પણ પ્રતિમા જેમ સ્થિર ઊભા રહી ગયા અને ઈસુની વાણી સાંભળવા લાગ્યા. વોરંટ બજાવનાર અધિકારીઓને બદલે મંદિરમાં જનાર ભકિતભાવપૂર્ણ ભાવિકો બની ગયા."

પ્રવચન પૂરું કર્યા પછી ઈસુ તેઓની પાસે થઈને ચાલ્યા ગયા. રોમન અફસરો એકે શબ્દ બોલ્યા નહિ, પરંતુ વિશાળ કદના પથ્થરોથી જડિત ફરસબંધી પર થઈને ગંભીરતાથી કૂચ કરતા વડી અદાલતના મુખ્ય ખંડમાં પ્રવેશ્યા.

"કેમ?" વડા પુરોહિત કાયાફાસે પૂછયું. "તે કયાં છે? તમે તેને કેમ લાવ્યા નહિ?"

ઑફિસરોએ કોઈપણ બહાનું બતાવ્યા સિવાય કહી દીધું, "એના જેવું કદી કોઈ માણસ બોલ્યું નથી."

વડા પુરોહિત અને વડી અદાલત — સાન્હેડ્રીમના સભ્યો — ગુસ્સાથી લાલચોળ તાંબા જેવા તપી ગયા. તેમના હુકમોનો અનાદર થયો હતો. દરેકને થયું કે આ તો તેનો પોતાના મોઢા પર સ્વમાનભંગનો, અપ્રતિષ્ઠાનો ખુલ્લેખુલ્લો પ્રહાર થયો હતો.

કડવા કટાક્ષયુકત શબ્દોથી તેમણે પૂછયું: "શું તમે પણ તેનામાં વિશ્વાસ

કરવા લાગ્યા?" અફસરોએ કશો ઉત્તર વાળ્યો નહિ. તેઓ તો અકડાઈથી કૂચ કરતા ટાવરમાં ચાલ્યા ગયા.

"લુસાનિયસ," નિકોદિમસે કહ્યું, "હું જાણું છું કે કેટલાક કોર્ટ સભ્યોએ અમારામાંના કેટલાક માટે શંકા કરી. હું એ પણ જાણું છું કે મારો મિત્ર આરીમથાઈનો યુસફ જેના પર શંકા ઉઠાવાઈ છે તેઓમાં પ્રથમ અને બીજે નંબરે હું હતો. અચાનક ઠંડા કાતિલ ડરથી હું થરથરી ગયો. હું ગભરાઈ ગયો, પણ હું શાંત રહી શકયો નહિ."

"સાહેબ, આપ શું કહો છો?" મેં પૂછયું. મુકદ્દમો ચલાવતો હોઉં એમ મેં શાંતિથી ફરી પૂછયું: "શું કોઈનું સાંભળ્યા વિના, આપણાં નિયમશાસ્ત્રનો કાયદો કોઈનો યે ચુકાદો આપી શકે ખરો?"

તેઓનો ગુસ્સો દડાની જેમ મારી તરફ ફંગોળાયો. તેમણે બૂમ પાડી પૂછયું: "શું મહાન નિકોદિમસ પણ ગાલીલના છે?"

"ક્લોડિયસ, મારા મિત્ર," નિકોદિમસે આગળ જણાવતાં કહ્યું, "મેં એ સુશિક્ષિત, સંભાવિત સદ્ગૃહસ્થો સામે તાકીને જોયું. તેમના મુખ પરની તિરસ્કાર અને ભયની તીવ્ર રેખાઓ નિહાળી. તેઓ તો મસીહ આવે તેમ ઇચ્છતા જ નહોતા! પોતાનો સાદોસૂતરો, સરળ ધર્મ, ક્રિયાકાંડો અને તેમની પચાવી પાડેલી પદવીઓ મૂકી દેવા તૈયાર નહોતા. આ વસ્તુઓ, કોઈપણ ભોગે, છોડી ન દેવાની તેમની જાણે કે દૃઢ પ્રતિજ્ઞાઓ હતી.

"અને છતાં, વિચિત્ર અને આશ્ચર્યજનક તો, એ હતું કે સભાખંડમાં બેઠા બેઠા, તેમની શકિતઓ અને સત્તાનો વિસ્તાર જાણવા છતાં, મને, કોણ જાણે કેમ, ખાતરી હતી, કે, કોઈ મર્ત્ય માનવી ઇસ્રાયલનો અધિકારી, કે રોમન ઑફિસર, ઈસુની પોતાની ઈચ્છા નહિ હોય ત્યાં સુધી ઈસુની ધરપકડ કરી શકશે નહિ."

હું મોડી રાત્રે કિલ્લામાં પાછો ફર્યો ત્યારે પિલાતનો સંદેશો મને મળ્યો કે, 'મારે શુક્રવારે બપોરે મારો રિપોર્ટ તેમને પહોંચાડવો'. મેં તત્કાળ નિર્ણય કર્યો કે બીજો દિવસ હું બેથાનિયામાં માર્થા, મેરી અને લાઝરસ સાથે ગાળીશ.

હું સવારમાં ત્યાં પહોંચી ગયો, અને ત્રણેયે મારું ઉષ્માભર્યું સ્વાગત કર્યું. બધું જ હતું તેમનું તેમ જ લાગતું હતું, છતાં હવામાં કશુંક હતું — કશુંક ધબકતું, ચેતનથી આંદોલિત થતું, થનગનતું.

અમે જમવા બેઠાં ત્યારે હું જાણતો હતો કે અમે કશાકની વાટ જોતાં હતાં. ત્યાં જ મેરી એકદમ બોલી ઊઠી: "હું હવે એકે પળ થોભી શકું તેમ નથી: માર્થા, લાઝરસને જ કહેવા દો."

માર્થા તેની સામે જોઈને હસી: "ભાઈ, તું જ કહે. તારી જ વાત છે. અમે વચમાં નહિ બોલીએ."

લાઝરસ ઊભો થઈ ગયો, અને કહ્યું: "ટ્રિબ્યૂન લુસાનિયસ! મારી સામે જુઓ. મને સ્પર્શો. મારા સ્નાયુઓની તાકાત અનુભવો! હું ચાર દિવસ સુધી મૃતાવસ્થામાં રહેલો માણસ છું. મને તો તંદુરસ્તી, સ્ફૂર્તિ અને શક્તિ સહિતના નવા જીવનમાં સજીવન કરવામાં આવ્યો છે."

"લાઝરસ, કહેવા માંડો," મેં કહ્યું, ઉશ્કેરાટથી જાણે મારું ગળું રુંધાઈ જતું હતું.

"ટ્રિબ્યૂન, વાત આમ બની," લાઝરસે કહ્યું. "હું લગનમાં માર્થાની મદદે ગયો. અચાનક, હું નબળો, ફિક્કો અને માંદો પડયો. ખૂબ તાપને લીધે મેં મારા પહેરણનાં ગળાનાં બટન ખોલી નાંખ્યાં, છતાં કપાળેથી ઠંડા પ્રસ્વેદનાં ટીપાં પડતાં હતાં. પછી તો મેં મારી જાતને પથારીમાં સૂતેલી જોઈ, માર્થા, મેરી અને પાડોશીઓ મને વીંટળાઈને ઊભાં હતાં, હું ત્યાં કેવી રીતે આવી ચઢયો તે જ સમજતો નહોતો."

મેરી વાતમાં જોડાઈ: "લાઝરસ આ પહેલાં કદી બીમાર પડયો નહોતો. માંદગી શેની છે તેની પણ અમને સમજ ન પડી, પણ તત્કાળ અમે ઈસુને શોધી કાઢવા યરદન નદીને પેલે પાર ખેપિયો મોકલ્યો."

"મને શ્રદ્ધા હતી કે ઈસુ મને નીરોગી બનાવશે," લાઝરસે કહ્યું. "મેં વૃદ્ધોને, અપંગોને અને મારા જેવાં મજબૂત શરીરવાળાં ન હોય તેવાંઓને સાજા કરતા ઈસુને જોયા હતા. હું જાણતો હતો કે તે મને મટાડી દેશે."

"અમે વાટ જોઈ. એક દિવસ, બે દિવસ — અને ત્રીજો દિવસ. પ્રત્યેક દિવસે મારી તબિયત બગડતી જતી હતી, અને મને ભય ઉપજતો હતો. હું આટલો કયારેય બીધો નથી. ટ્રિબ્યૂન, હું મરવા માંગતો નહોતો."

માર્થાની આંખોમાંથી ખળખળ આંસુ વહેતાં હતાં, "તે મરી ગયો, ટ્રિબ્યૂન લુસાનિયસ!" તેણે રડતાં રડતાં કહ્યું, "તે મરી ગયો, અને અમે તેને કફનમાં વીંટાળ્યો. અમે તેના શબને કબરમાં મૂક્યું."

"ચોથે દિવસે દોડનારા સંદેશવાહકો બૂમો પાડતા શહેરમાં દાખલ થયા: 'માર્થા! મેરી! ઈસુ આવે છે!'"

મેં ઈસુને જોયા ત્યારે હું મારી કઠોરતા કે કડવાશ છુપાવી શકી નહિ. તેમનો ચહેરો જોઈ મારું હૃદય થોડુંક નરમ બન્યું, પણ પૂરેપૂરું નહિ. "પ્રભુ!" મેં રડીને કહ્યું: "જો આપ અહીં હોત તો મારો ભાઈ મૃત્યુ પામત નહિ!"

"તમારો ભાઈ પાછો સજીવન થશે." ઈસુએ મૃદુતાથી કહ્યું, પરંતુ આથી મને કશો દિલાસો મળ્યો નહિ. મેં તેમને રીસ અને ચીડથી કહ્યું, "હું જાણું છું કે પુનરુત્થાનને દિવસે તે પાછો ઊઠશે."

ઈસુ ધીમેથી, સ્નેહથી અને સ્પષ્ટતાથી બોલ્યા: "પુનરુત્થાન તથા જીવન હું છું. જે કોઈ મારામાં વિશ્વાસ કરે છે, તે જોકે મૃત્યુ પામે, છતાં જીવશે. અને જે જીવે છે, મારામાં વિશ્વાસ રાખે છે તે કદી મરશે જ નહિ. માર્થા, શું તું આટલો વિશ્વાસ રાખે છે?"

"ટ્રિબ્યૂન લુસાનિયસ, એવું જ લાગ્યું કે જાણે આ પહેલાં ઈસુને મેં કદી જોયા જ ન હોય. "હા," મેં પ્રત્યુત્તર વાળ્યો, "હું માનું છું કે તમે ખ્રિસ્ત, જીવતા દેવના પુત્ર છો!"

"ઈસુએ મને મેરીને બોલાવવા મોકલી અને ગામનાં બધાં એકત્ર થવા લાગ્યાં. મેરીને રડતી જોઈને ઈસુનું અંતર વલોવાઈ ગયું. અમે તેમને કબરે લઈ ગયા. આખી મેદની સાંભળી શકે તેવા મોટા અવાજે ઈસુએ બૂમ પાડી: "લાઝરસ! બહાર આવ."

"અને તે સાચ્ચે જ બહાર આવ્યો, ટ્રિબ્યૂન લુસાનિયસ! લાઝરસ બહાર આવ્યો. તે ફિક્કો નહોતો, તે માંદો નહોતો, મૃત્યુની કોઈ નિશાની તેના શરીર પર નહોતી. હવે મને સમજાયું કે કબર તરફ જતાં, મેં ઈસુને કબરની નજીક ન જવાનું કહ્યું હતું, કારણ હવે ચાર દિવસ થઈ જવાથી શબ કદાચ કહોવાઈ જઈ ગંધાતું હશે, એમ હું માનતી હતી.

પરંતુ ઈસુએ કહ્યું, "માર્થા, મેં તને નહોતું કહ્યું, કે તું શ્રદ્ધા રાખીશ તો દેવનો મહિમા જોઈ શકીશ?"

"અમે દેવનો મહિમા નિહાળ્યો છે," મેરીએ કહ્યું. "અમે દેવનો મહિમા નિહાળ્યો છે," લાઝરસે પુનરુચ્ચારણ કર્યું.

તે દિવસે હું મોડે સુધી ઊંઘી રહ્યો, પણ લોકોની બૂમાબૂમથી જાગી ગયો.

હું બારી પાસે ધસી ગયો, અને મેં લોકોને ઉશ્કેરાટથી કહેતાં સાંભળ્યા: "દોડો! દોડો! ઈસુ શહેરમાં આવે છે! તેમણે રાજકર્તાઓને પડકાર ફેંક્યો છે! ખુલ્લી રીતે બહાર આવે છે! ગધેડા પર સ્વાર થઈને આવે છે!"

મારા પ્રવાસો દરમ્યાન ઘણી બધી યહૂદી ભવિષ્યવાણીઓ હું શીખ્યો હતો, અને આ ભવિષ્યકથન પણ, આ બુમરાણ મચાવતાં, ચીસાચીસ કરતાં યહૂદી ટોળાંઓ જેમ જાણતો હતો, "જો, તારો રાજા તારી પાસે આવે છે, તે વિજયી અને પરાક્રમી હોવા છતાં, ગધેડા પર, હા, ખોલકા ઉપર બેસીને, નમ્રતાથી તારી પાસે આવે છે."

મેં ઉતાવળે વસ્ત્રો પહેર્યાં, અને દાદર તરફ દોડયો. પહેલે જ પગથિયે ઝોલ્ડી મળ્યો. "આની જ આપણને ભયંકર ભીતિ હતી" તેણે કહ્યું.

"આશરે એક લાખ માણસોથી શેરીઓ ઊભરાઈ રહી છે, અને ગમે તે પળે હુલ્લડ ફાટી શકે. મેં વ્યૂહાત્મક સ્થળોએ શહેરમાં છે તે સરદારોને, સૂબેદારોને અને મળ્યાં તેટલાં માણસોને ગોઠવી દીધાં છે, પણ આ ખુલ્લા રાજમાર્ગ વિશે અમે વિચાર્યું નહોતું."

"ઝોલ્ડી," મેં કહ્યું, "મારા મિત્ર માથ્થીએ મને કહેલું, કે, એકવાર આટલા જંગી નહિ પણ ઠીકઠીક મોટા, અને આટલા જ ઉશ્કેરાયેલા ટોળાને એણે જોયેલું. એ ટોળું જોરજુલમથી ઈસુને રાજા બનાવવા માંગતું હતું, પણ ઈસુએ જ ટોળાનો કબજો લઈ લીધો; અને હું માનું છું કે તે આ ટોળાને પણ વશમાં રાખશે. જો તે રાજા થવા નહિ ઇચ્છતા હોય તો આ બધી યોજનાઓ અને બધો ઉન્માદ, ધાંધલ નકામાં થઈ જશે."

ઝોલ્ડીએ વિચિત્ર રીતે મારી સામે જોયું. "શું તેં પણ એનામાં વિશ્વાસ મૂકવાનું શરૂ કર્યું, લુસાનિયસ?" તેણે પૂછ્યું.

"હું જાણતો નથી," મેં ઉત્તર આપ્યો. "હું જાણે કશાકની વાટ જોતો હોઉં એમ લાગે છે. જો એ કદાચ આજે પોતાને માથે રાજમુગટ મુકાવા દે, તો કદાચ હું એની જ વાટ જોઉં છું. એક વાત હું માનું છું. તેમના અનુયાયીઓ કહે છે તેમ જો એ આજે જ પોતાનું રાજ્ય સ્થાપવા માંગતા હોય, જેને માટે એમના અભિપ્રાય મુજબ એ આવ્યા છે, તો એ કદાચ કરી શકશે. અને કદાચ તમે

કે હું કે તેમને ધિક્કારતા રાજપુરુષો, અરે, બહાદુર રોમન લશ્કર પણ તેમને તેમ કરતાં અટકાવી નહિ શકે."

"મને લાગે છે કે તું પણ તેનામાં વિશ્વાસ ધરાવે છે, લુસાનિયસ."

"હું ફરીથી કહું છું કે હું જાણતો નથી. હું તેમને જોઉં છું કે તેમને સાંભળું છું ત્યારે મારા હૃદયની તીવ્ર ઉત્કંઠા શાંત થઈ જાય છે, પરંતુ તેમણે પોતા વિશે એવા વિચિત્ર દાવા કર્યા છે, જેનાથી મને ખાતરી થઈ ગઈ છે કે તેનામાં વિશ્વાસ મૂકવાનો કોઈ ઉપરછલ્લો રસ્તો નથી. દૈવી હોયા વિના કોઈ વ્યકિત આવા દાવા કરી શકે નહિ, નહિ તો કદાચ, તે પાખંડી કે ધુતારો હોય."

"હા, હું એક વાત વિશે ચોક્કસ છું. જ્યારે મને પૂરેપૂરી ખાતરી થઈ જશે કે ઈસુ એ ખ્રિસ્ત, દેવપુત્ર છે, ત્યારે કાંતો હું મારા સંપૂર્ણ હૃદયથી તેમના પર વિશ્વાસ કરીશ, અથવા હું જાણી શકીશ કે તે સંપૂર્ણરીતે અવિશ્વસનીય છે."

અમે ત્યાં સુધીમાં તો શહેરમાં પ્રવેશતા પાગલ હાથીઓની જેમ શોરબકોર કરતા વિજય સરઘસ સુધી આવી પહોંચ્યા હતા. વૃક્ષો પરથી તોડેલી ખજૂરીની લીલી લીલી ડાળીઓ લોકો હલાવતા હતા. લોકો ગધેડાના બચ્ચાની આગળ દોડી દોડી પોતાનાં મૂલ્યવાન વસ્ત્રો માર્ગ પર પાથરતા હતા, જેથી ઈસુની સવારી તેમના પર થઈને પસાર થાય. ટોળાંઓ બૂમો પાડતાં હતાં અને ગાતાં હતાં: "હોશાન્ના! દાઊદના દીકરાને જયજયકાર હો! પ્રભુને નામે જે આવે છે તેને ધન્ય હો!"

લોકોની અપેક્ષાઓ સાથે મને ભળી જતો મેં જોયો; અને મને આશ્ચર્ય થયું હતું કે ઈસુ કેવી રીતે પોતાનો રાજ્યાભિષેક ગોઠવશે.

જેટલી નજદીક જઈ શકાય એટલો ઈસુની હું નજદીક ગયો. સરઘસ થોભી ગયું હતું અને ઈસુ સંબોધન કરતા હતા. પોતાનું રાજ્ય તે કેવી રીતે જાહેર કરશે, કેવો રાજવી-ઢંઢેરો તે પ્રગટ કરશે તે હું સાંભળવા ચાહતો હતો. મેં જરૂર સાંભળ્યું, પરંતુ જે શબ્દોની હું અપેક્ષા રાખતો હતો એ શબ્દો તે નહોતા. તે તો સત્તાસૂચક, પ્રભાવશાળી શબ્દો નહોતા, પરંતુ અનંત વેદનાભર્યા શબ્દો હતા:

"ઓહ યરૂશાલેમ! યરૂશાલેમ! જે વાતો શાંતિ લાવે છે એ વાતોની સમજ આજે પણ તને પડી હોત તો કેવું સારું! પણ, હમણાં તો શાંતિને લગતાં વાનાં તારી આંખોથી છુપાવવામાં આવ્યાં છે."

તે શું કહેવા માંગે છે તે હું સમજી શકયો નહિ. એટલું હું સમજી ગયો કે તે પોતાને રાજા બનાવવાના નથી.

પ્યાલામાં ચકરાતું-પિસાતું આકાશ

સોમવારની વહેલી સવારે મેં ઝોલ્ડીનું દ્વાર ખટખટાવ્યું, ગઈકાલે જે બન્યું હતું તેનાથી તે ચિંતાતુર બન્યો હતો, અને સપ્તાહ પૂરું થાય તે પહેલાં શું શું બની શકે એની પણ ચિંતા તેને હતી, એ હું જાણતો હતો.

ઝોલ્ડીએ દ્વાર ખોલ્યું ત્યારે મેં તેને શ્રમિત અને આંખો નીચે કાળાં કુંડાળાં-વાળો, ઝરડાઈ ગયેલો જોયો.

"તું પણ બરોબર ઊંઘ્યો લાગતો નથી?" "તેણે પૂછયું,

મેં કહ્યું: "મને ઈસુની ચિંતા છે, હું આ સપ્તાહ માટે તેમનો અંગરક્ષક થવા માંગું છું, તેમાં મારે તારી અનુમતિ જોઈએ."

"સારું!" તેણે ઉત્સાહથી સંમતિ આપી. "પણ તું સમજે છે ને કે જો હુલ્લડ ફાટી નીકળશે તો ઈસુની તદ્દન નજીકમાં જે હશે તે ભયાનક આફતમાં કે જોખમમાં મુકાશે?"

"મને તેની ખાતરી છે", મેં ઉત્તર વાળ્યો, અને ફરી તેણે વિચિત્ર રીતે મારી સામે જોયું.

ઝડપી નાસ્તા પછી હું એન્ટોનિયાના કિલ્લાની અગાસી પરના એક છજા પર ચઢયો. ટાવર લગભગ પાંસઠ ફૂટ ઊંચો હતો, તેથી મંદિર અને લગભગ સમગ્ર શહેર ત્યાંથી દેખાતું.

બેથાનિયાના નાનકડા ગામ પ્રતિ મેં મુખ ફેરવ્યું, જ્યારે મેં આગ્રહભરી આશા રાખી કે ઈસુ ત્યાં હોય, અથવા તેમણે યહૂદિયાનો પ્રાંત મૂકી દીધો હોય, ગાલીલના પ્રમાણમાં વધુ સલામત ભાગ તરફ જઈ રહ્યા હોય.

મેં મંદિરના વિભાગ પ્રતિ જોયું અને તેની ભવ્યતાથી, વિશાળતાથી અંજાયો. ત્રણ ભાગવાળી દીવાલની બહાર, મંદિરને છેક દક્ષિણ છેડે, કાઉન્સિલ ખંડ હતો. આજ સાન્હેન્દ્રિમની વરિષ્ઠ અદાલતનો બેઠક ખંડ હતો. એ ખંડ તરફ જોતાં, મેં એવું કશું જોયું, જેનાથી હું મંદિરની ભવ્યતા ભૂલી ગયો. મેં તેમાંથી માણસોની એક ટોળીને બહાર નીકળતી, અને દરેક પગલું નિશ્ચયાત્મક રીતે ભરતી

અને મંદિર તરફ પ્રયાણ કરતી જોઈ. કોઈક અશરીરી અવાજે મને કહ્યું કે, સવારની બેઠક-પછી મોકલાયેલું આ પ્રતિનિધિ મંડળ, ઈસુ સાથે સંબંધિત છે. હું જાણે ઊડતો હોઉં એવી ઝડપથી દોડીને દાદર ઊતરી ગયો. યાજકોના સભાખંડમાં લગભગ પ્રવેશ્યો.

અનિર્ણયની એક પળમાં હું સ્થિર ઊભો રહી ગયો, માત્ર યહૂદી પુરુષો માટે જ અનામત રખાયેલા ઈસ્રાયલના ન્યાયાલયમાં હું પ્રવેશવાની હિંમત કરું તો શું થાય? ગંભીર અંદેશામાં મારા ધબકારા અટકી ગયા. ઈસુ એ ખંડમાંથી બહાર નીકળ્યા અને યાજકોના સભાખંડના બાર પગથિયાં ચઢવા લાગ્યા. ઈસુ—ગાલીલના એક ખેડૂત ઉપદેશક—ત્યાં પ્રવેશવા હકદાર નથી. છતાં તે હિંમત કરે તો ચોક્કસ આફત ઊતરે—અને તે પણ ઝડપથી!

તે અંદર પ્રવેશ્યા નહિ. છેલ્લે પગથિયે ઊભા રહી ગયા. નાનામાં નાના યહૂદી નિયમનો તે ભંગ કરવા માંગતા નહોતા.

તંગ, ઉશ્કેરાયેલાં માનવટોળાં હવે ભેગાં થયાં હતાં. ચોક્કસ માહિતી મળી હશે કે ઈસુ મંદિરમાં છે. ઘણાએ અગાઉના દિવસે યરૂશાલેમમાં વિજયવંત પ્રવેશ કરતા તેમને જોયા હશે. યરૂશાલેમમાં ત્રણ વર્ષ પહેલાં, મારા પ્રથમ દિવસે બપોરે, જેમ મેં મંદિરમાંથી વેપારીઓને હાંકી કાઢતા તેમને જોયા હતા, તેમ જ ઘણાએ જોયા હશે.

ઈસુએ હજુ તો ટોળાં તરફ મુખ ફેરવ્યું હશે ત્યાં તો મેં પ્રતિનિધિમંડળને આગળ વધતું જોયું. એકદમ મને સમજાયું કે ઈસુના બોધથી જ આગેવાનો બીતા હતા. ચમત્કારો તો આ પૂર્વીય પ્રદેશમાં અજાણ્યા નહોતા, પરંતુ તેમના શબ્દો, સાદા છતાં ગહન અર્થભર્યા ઉપદેશો, એ જ એવી વાત હતી જેનો સામનો કરવાને ધાર્મિક આગેવાનો અસમર્થ હતા.

પ્રતિનિધિમંડળ લાંબો સમય થોભ્યું નહિ. એક વાક્યમાં જ તેમણે ઈસુને અટકાવ્યા.

"કોના અધિકારથી", તેમણે કડકાઈથી માગણી કરી, "તું આ કામો કરે છે, અને એ અધિકાર તને કોણે આપ્યો?"

"હું તમને એક પ્રશ્ન પૂછીશ," ઈસુએ કહ્યું, "મને તમે જવાબ આપશો તો હું કોના અધિકારથી આ કરું છું તે તમને કહીશ. યોહાન બાપ્તિસ્તનું બાપ્તિસ્મા માણસોથી હતું કે આકાશથી?"

સપાટી ઉપરથી તો આ એક સરળ પ્રશ્ન હતો. પણ તેણે તેમને મૂંઝવણમાં મૂકી દીધા. જો તેઓ એમ કહે કે યોહાનનો સ્નાનસંસ્કાર આકાશથી હતો, તો ઈસુ તેઓને પૂછે કે 'તો પછી તમે કેમ એના પર વિશ્વાસ ન કર્યો?' અને બધાં માણસો જાણતાં જ હતાં કે યોહાન સ્નાનસંસ્કારકે જાહેરમાં ઈસુ વિષે કહું છું એમ કહીને જણાવ્યું હતું: "જે મારી પછી આવે છે તે મારાથી વધુ પસંદ થયેલો છે."

જો એ એમ કહે કે યોહાનનો સ્નાનસંસ્કાર માણસોથી હતો, તો તો લોકસમુદાય તેમની વિરુદ્ધ થઈ જાય, કારણ કે લોકો તો યોહાનને પયગંબર માનતા હતા. તેમને ઉત્તર તો આપવાનો હતો. જનસમુદાય શાંત હતો—વાટ જોતો હતો. "અમે જાણતા નથી," તેમણે કહ્યું.

ઈસુએ પોતાના ઉપદેશની ફરીથી શરૂઆત કરી. તેમણે એવાં દૃષ્ટાંતો કહ્યાં, જેનાથી તેમનાં હૃદયો ભીંજાયાં, તરબોળ થયાં, જેણે તેમના વિચારોને ખળભળાવ્યા.

એક દૃષ્ટાંત એક દ્રાક્ષની વાડી-રોપનાર જમીનદારને લગતું હતું. "તેમણે તે ભાગે કે ઈજારે આપી, અને પછી દૂર દેશમાં ગયા. પાકની મોસમ આવી ત્યારે તેમણે પોતાના ફળોનો ભાગ મેળવવાને ચાકરો મોકલ્યા. પરંતુ ભાડે રાખનારાઓએ એક ચાકરને માર્યો, બીજાને પથ્થરે માર્યો, ત્રીજાને મારી નાખ્યો. ઈસુએ આગળ ચાલતાં કહ્યું કે, આમ બીજી વાર બન્યું, અને પછી માલિકે પોતાના પુત્રને મોકલ્યો, એમ માનીને કે તેઓ તેનું તો માન જાળવશે, પરંતુ ભાગે રાખનારા ખેડૂતોએ માંહો માંહે કહ્યું, "આ તો વારસ છે. ચાલો આપણે તેનું ખૂન કરીએ, એટલે વારસો આપણો થશે."

"પછી" ઈસુએ ગંભીરતાથી કહ્યું, "તેઓએ માલિકના પુત્રને પકડયો દ્રાક્ષવાડીમાંથી બહાર ફેંકી દીધો અને ક્રૂરતાથી તેની હત્યા કરી." ઈસુ ઘણી પળો સુધી થોભી ગયા, અને જનસમુદાય પણ થોભી રહ્યો.

"જ્યારે માલિક પાછો આવશે ત્યારે તે પેલા ખેડૂતોનું શું કરશે?" ઈસુએ પ્રશ્ન કર્યો.

જનસમૂહ હવે ઈસુની સાથે હતો. તેમણે બૂમ પાડી કહ્યું, "તે પેલા દુષ્ટ ખેડૂતોને મારી નાંખશે! મોસમમાં પાકનો ભાગ આપવા માટે તે બીજા યોગ્ય ખેડૂતોને પોતાની દ્રાક્ષવાડી ભાગે આપશે!"

મેં પ્રતિનિધિમંડળના સભ્યોના મુખ પરના ભાવ જોયા. તેઓ સમજી ગયા હતા કે દૃષ્ટાંત તેઓ વિશે જ હતું. તેમને જનસમુદાયની પણ બીક લાગી. તે મંદિરમાંથી નીકળી ગયા, અને મેં તેમને વરંડામાં થઈને સભાખંડમાં જતા જોયા. મને ખાતરી જ હતી કે તે પાછા આવશે અને તે આવ્યા જ.

ફરોશીઓ અને હેરોદીઓ, આ બે કાયમ ઝઘડતા પક્ષોના અગત્યના સભ્યોનું મંડળ આવ્યું, તે ઈસુનો સામનો કરવા માંગતા હતા. તેઓ એક કાયદાની ગૂંચ લઈને આવ્યા હતા, જેનાથી ઈસુને સકંજામાં—શબ્દજાળમાં સપડાવવાની તેમની ઈચ્છા હતી.

"ધર્મોપદેશક," તેમણે કહ્યું, "તમે સાચા છો એ અમે જાણીએ છીએ. તમે ઈશ્વરની વાતો સત્યતાથી પ્રગટ કરો છો અને કોઈ માણસોથી ડરતા નથી, કારણ કે, તેમના હોદ્દાની તમને પરવા નથી. અમને કહો, તમે શું ધારો છો? સીઝરને કર ભરવો તે શું ઉચિત કે કાયદેસર છે?"

"દાંભિકો! મારી કસોટી કેમ કરો છો?" ઈસુએ પૂછ્યું, "મને કર ભરવાનું નાણું બતાવો."

ધર્મઆગેવાનોએ ઝડપથી કાઢીને રોમન સિક્કો (દિનાર) બતાવ્યો. તેમને ખાતરી જ હતી કે આ વખતે ઈસુ છટકી શકશે નહિ.

"આ સિક્કા પર કોની આકૃતિ ને ઉત્કીર્ણ લેખ છે?" ઈસુએ સિક્કો ઊંચે ધરીને પૂછ્યું,

"સીઝરના!" તેમણે પાકા આત્મવિશ્વાસથી બૂમ પાડી,

એકપણ વ્યકિત ઈસુનો સ્પષ્ટ, રણકતો, શ્રદ્ધા જન્માવનાર ઉત્તર ચૂકી ન જાય તેમ તે મોટે અવાજે બોલ્યા: "જે સીઝરનાં તે સીઝરને, અને જે ઈશ્વરનાં તે ઈશ્વરને ભરી આપો."

તેઓ સમજી શકયા નહિ. તેઓ આશ્ચર્યમાં ડૂબી ગયા. તેઓની કપટ-કાબેલ અને દુષ્ટ યોજના માત્ર એક વાકયથી ભસ્મીભૂત થઈ ગઈ હતી. તેમણે જોયું કે હવે તો જનસમુદાયની આંખોમાંથી પણ તેઓ નીચા ઊતરી ગયા હતા.

આમ બીજું પ્રતિનિધિમંડળ પણ આવ્યું અને રસ્તે પડયું.

પિંજરા સાથે પાંખો ફફડાવતા પક્ષીની જેમ મારું હૃદય ધબકતું હતું. હું શિક્ષક તરીકેની ઈસુની કાર્યક્ષમતાથી માહિતગાર હતો. દૃષ્ટાંત-કથનની તેમની

અદ્દભુત કુદરતી રુચિ અને શકિત હું જાણતો હતો. પરંતુ યરૂશાલેમના સૌથી તેજસ્વી મગજો કે બુદ્ધિવાળાં પ્રતિનિધિમંડળોની દલીલોનો પણ સામનો કરવાની તેમની શકિતથી હું પ્રભાવિત થઈ ગયો. જરાકે પ્રયત્ન વગર, માત્ર એક શબ્દ કે વાકયથી તે જે કંઈ આજે કરી શકયા તેનાથી તો મારી નસોમાં લોહી વેગથી વહેવા લાગ્યું.

અચાનક ઈસુ મૃદુતાથી બોલવા લાગ્યા, જેઓ તેમને ચાહતા પણ ઓછું સમજતા તેવા સમુદાયો વિષે, તેમને મૃત:પ્રાય જોવા ઈચ્છનારા વિષે, સાદૂકીઓ, હેરોદીઓ અને ફરોશીઓ વિષે—આતુર અને ઉત્કટ પ્રેમથી કહેવા લાગ્યા.

"ઓ યરૂશાલેમ, યરૂશાલેમ!" તેમણે કહ્યું, "કેટલી બધી વાર, જેમ મરઘી પોતાનાં બચ્ચાંને પાંખો નીચે છુપાવે તેમ મેં તારાં બાળકોને પાંખો નીચે લાવવા ચાહ્યું, પણ તેં ચાહ્યું નહિ!"

જનસમુદાય વિખરાવા લાગ્યો. તે ઠપકાની ભાષા અને કડક ન્યાયચુકાદાના ગર્જના જેવા શબ્દો સમજતા હતા. પરંતુ મિત્રો માટે તેમજ શત્રુઓ માટેની આ કોમળ, સ્નેહયુકત વાણી સમજી શકતા નહોતા. એ તો તેમની સમજશકિતની પેલે પારનું હતું.

વિદેશીઓ માટેના આંગણામાં થઈને હું એન્ટોનિયા ટાવર તરફ જતો હતો ત્યારે કોર્ટખંડ પાસે મેં સેંકડો ફરોશીઓ અને સાદૂકીઓને ઊભા રહેલા જોયા. મને લાગ્યું કે તેઓ બીજા આક્રમણની તૈયારી કરતા હશે.

મંગળવારની સવારે હું જાગ્યો ત્યારે મારી બારી બહાર ધોધમાર વરસાદ પડતો હતો. હું ફરીથી મીરિયમ સાથે ગોષ્ઠિ કરવા આતુર હતો, તેથી નાસ્તો પતાવીને તરત હું નિકોદિમસના મહેલ તરફ લગભગ દોડયો. મને આવકારખંડમાં લઈ જવાયો ત્યારે મેં ત્યાં માથ્થી અને સુશાન્નાને જોયાં, બધાં ગંભીર ચર્ચા વિચારણામાં ડૂબી ગયાં હતાં.

"કલોડિયસ, હું તેમને કહેતો હતો કે, ઈસુ ગઈકાલે બપોર પછી મંદિરમાંથી ચાલ્યા ગયા પછી શું બન્યું," માથ્થીએ કહ્યું.

"ઈસુએ નાનાં બાળકો સાથે વાત કરતા હોય તેમ અમારી સાથે વાતો કરી:" 'તમે જાણો છો, કે બે દિવસ પછી બેખમીર રોટલીનું પાસ્ખાપર્વ છે, અને તે દિવસે માનવપુત્ર ક્રૂસે ચઢાવવા માટે સોંપી દેવાશે..'"

નિકોદિમસે પણ એક આશ્ચર્યજનક વિચિત્ર વાત કહી.

ગઈકાલે ઈસુ મંદિરમાંથી નીકળી ગયા અને ગેથસેમાને તરફ ગયા, ત્યારે પોતાની યોજનાઓ નિષ્ફળ જવાથી મનમાં તીવ્ર નિરાશાથી દાઝે બળતા આગેવાનોએ વડા પુરોહિત કાયાફાસના મહેલમાં સભા ભરી. તેઓ એવી નક્કર અને ક્ષતિહીન યોજના બનાવવા નિશ્ચયી બન્યા હતા, જેમાંથી કોઈ કાળે ઈસુ છટકી ન શકે. છેલ્લાં ત્રણ વર્ષથી તેમની કીમતી રૂઢિઓ અને કર્મકાંડોને, અર્પણના ધૂપ ચઢાવવાના વિધિઓને, બજારમાં થતી તેમની લાંબી લાંબી પ્રાર્થનાઓને ઈસુ ઢોંગી, દંભી અને નકલી પુરવાર કરતા હતા.

"ઈસુએ બતાવ્યું છે," નિકોદિમસે સમજૂતી આપતાં કહ્યું, "જે વસ્તુઓ કે વાનાં વડે તેમણે લોકોને પરવશતામાં કે તાબેદારીમાં રાખ્યા, જેથી તેઓ સત્તાનાં સિંહાસનો પર ચીટકી રહી શકે, તે કેટલાં હલકી જાતનાં અને જીર્ણશીર્ણ ઝભ્ભા જેવાં છે, એવા ઝભ્ભાઓ જેને ઓઢીને આગેવાનો અને વહીવટકર્તાઓ પોતાના નિષ્ઠાઅભાવને અને ઢોંગધતિંગને છુપાવી શકે, 'ઘેટાંના વેશમાં છુપાયેલાં વરુઓ' તરીકે તેમને તેમણે ઓળખાવ્યા હતા."

એક પ્રશ્ન પૂછવા મેં તેમને અટકાવ્યા. "એવું શાથી, નિકોદિમસ, કે સત્તાસ્થાને બેઠેલા, જેઓ તેમને તીવ્રતાથી ધિક્કારે છે—અને તે શું કરી શકશે તેથી ડરે છે—તેઓએ તેમને બનાવટી આરોપ મૂકી પકડયા નથી? શાથી તેમની હત્યા કરાવવા તેઓએ કાવતરું કર્યું નથી?"

"ઈસુને માટે લોક હૃદયમાં જે પારાવાર, અમાપ સ્નેહ છે તેને કારણે જ. ક્લોડિયસ, દરેક વર્ગના લોકો ઈસુને ચાહે છે, અને સત્તાધીશો તેથી અજાણ નથી. તેથીસ્તો ચોરીછૂપીથી જ તેઓ ઈસુને પકડી શકે, અન્યથા નહિ. પોતાનાં કૃત્યોને કાયદાની દૃષ્ટિએ ન્યાયી ઠેરવી શકાય તેવો આભાસ ઉત્પન્ન કર્યા સિવાય તેઓ તેમને મારી નાખવાની હિંમત કરી શકે તેમ નથી."

ગઈકાલ બપોર પછીના બનાવોનું વર્ણન નિકોદિમસે ચાલુ રાખ્યું. વરિષ્ઠ અદાલત—સાહેન્દ્રિમ—ના સભ્યો કાયાફાસના મહેલમાં બેઠા હતા ત્યારે ચર્ચામાં ભંગ પાડતો એક માણસ સંરક્ષકોને હઠાવવા મરણિયા પ્રયાસ કરતો હતો. એ યહૂદા હતો.

"મને અંદર જવા દો!," તેણે આગ્રહ કર્યો. "મને અંદર પ્રમુખ યાજકને મળવા દો! જેની વાટ જોતા તે બેઠા છે એવું કંઈક મારે કહેવાનું છે!"

કાયાફાસે સંરક્ષકોને તેને મુકત કરવાનો ઈશારો કર્યો અને બોલવાની અનુજ્ઞા આપી.

યહૂદાએ એક પળ પણ બગાડી નહિ. "જો હું તેને તમને સોંપી દઉં, પકડાવી દઉં, તો તમે મને શું આપો?"

તેણે ઈસુનું નામ દીધું નહિ, પણ વડા પુરોહિતે તેને આનંદથી ઉત્તર આપ્યો. આખી સભા ખુરસીઓ પર આગળ ઝૂકી ગઈ. આ તો તેમની શેતાની યોજનાઓ અને કુટિલ મનસૂબાઓ કરતાં કેટલું બધું વધારે હતું! ઈસુનો પોતાનો જ એક શિષ્ય, તેમની સાથે કાવતરામાં જોડાવાનો હતો, અને ટોળાં ઈસુની સાથે ન હોય ત્યારે ધરપકડ કરનાર સૈનિકોને તેડવા આવવાનો હતો.

"ચાંદીના ત્રીસ સિક્કા કે મહોર!" કાયાફાસે ઉશ્કેરાટમાં બૂમ પાડી.

આનાથી તો ખુલ્લા બજારમાં કોઈ ગુલામને ખરીદી શકાય. યહૂદાએ તે લીધા, અને ચાલ્યો ગયો.

નિકોદિમસે માથ્થી સામે ખેદથી જોયું. "માથ્થી, યહૂદા વિશ્વાસઘાતી છે."

જેનાં કીમતી અરમાનો અને સ્વર્ગસ્વપ્નાં ભાંગીને ભુક્કો થઈ ગયાં છે તેવો ભાવ માથ્થીની આંસુભીની આંખોમાં દેખાયો. મીરિયમ અને સુશાન્ના અવિરતપણે રૂદન કરતાં હતાં. હું ઊભો થયો, અને કિલ્લા તરફ ચાલી નીકળ્યો. મારા હૃદય ઉપર અને શહેર ઉપર ઊમટેલાં કાળાં કાળાં વાદળો કેટલાં નીચે ધસી આવ્યાં હતાં!

હું ઈસુનો વિચાર કરતો હતો. કોઈ પણ પ્રકારની ધાર્મિક કે રાજકીય મોભા વગરની, જેને માણસો મૂલ્યવાન કે મોટાં કહે છે તેવાં કોઈપણ વાનાં વગરની નમ્ર વ્યકિત, કોઈ વિશિષ્ટ ગુણ વિનાના થોડા અમથા અનુયાયીઓને પહાડ પર કહે છે: "બે દિવસ પછી પાસ્ખા પર્વ આવે છે, અને માનવપુત્ર પકડાઈ જવાનો છે." મને આવનાર શુક્રવારનો ભારે ડર લાગ્યો.

ગુરુવારે માત્ર બપોર પછી સૂરજ વાદળાંમાંથી બહાર આવ્યો. માત્ર થોડા જ કલાકો પછી હું તેને પશ્ચિમાકાશમાં ડૂબતો જોઈશ. તે જ પળે, મહાન દિવસ—મિજબાનીનો દિવસ—સપ્તાહની ઊજવણીનો આરંભ થશે.

આવતી કાલે—મિજબાનીના દિવસે—બલિદાનનાં ઘેટાં મંદિરમાં વધેરાશે.

"મિજબાનીના દિવસે મને મારી નાંખવામાં આવશે," ઈસુએ માથ્થી અને બીજાંઓને કહ્યું હતું. મારા મનમાં યોહાન બાપ્તિસ્તના શબ્દો જોરજોરથી પડઘાવા લાગ્યા: "જુઓ, દેવનું હલવાન!"

આ બધું એકમેકમાં ભેગું થઈ જતું, ભળી જતું લાગ્યું, પણ છતાં મારી પાસે કોઈ જવાબ નહોતો.

હું ભાગ્યે જ સૂતો હોઈશ એવું મને લાગ્યું, ત્યાં તો શુક્રવારની સવારે મારું બારણું કોઈએ જોરશોરથી ખખડાવીને ગજાવી મૂક્યું.

એ માથ્થી હતા. તેમનો ચહેરો અકાલવૃદ્ધ, સફેદ અને મહાભયથી પ્રેત સમો ઉજ્જડ બની ગયો હતો. ધ્રૂજતા એ મારા ખાટ ઉપર બેઠા. તે ડૂસકાં ભરવા લાગ્યા. મેં આ મજબૂત બાંધાના માણસને ક્યારેય રડતા જોયા નહોતા. તે વારંવાર કશુંક કહેતા હતા, છતાં તેમના શબ્દો દુર્બોધ કે અસ્પષ્ટ રહેતા હતા, થોડોક સમય તો મને લાગ્યું કે તેમનું મગજ અસ્થિર બન્યું છે.

છેવટે હું તેમને સમજી શક્યો. "અમે બધાએ તેમનો બેવફાઈથી ત્યાગ કર્યો અને નાઠા," તે કહેતા હતા.

પછી તે થોડા શાંત પડયા. તે વાત કહેવા લાગ્યા. એમના શબ્દો ક્યારેક અસ્પષ્ટ અને અયોગ્ય પસંદગીવાળા જણાતા, છતાં તેમણે દોરેલું ચિત્ર સ્પષ્ટ અને ચોખ્ખું હતું.

ગઈ કાલે, આખો દિવસ, તે રીબાયા હતા. તેમને થયું હતું કે હું ઈસુ પાસે જાઉં, અને યહૂદા વિશે બધું કહી દઉં. તેમને લાગ્યું કે પોતે માણસોમાં વિશ્વાસ મૂકવો જોઈએ. તેમણે પોતાને ખાતરી કરાવી કે યહૂદા આગેવાનોને મદદ કરવા ગયો છે તે જાણીને ઈસુને વેદના થશે.

બપોર પછીના સમયે ઈસુ તેઓને શહેરના એક ગરીબ લત્તામાં એક શાંત ઓરડીમાં લઈ ગયા હતા, જ્યાં તેઓ પાસ્ખા પર્વનું ભોજન સાથે લઈ શકે. ત્યાં, માથ્થીએ કહ્યું, કે તેમની બીક અને અચોક્કસતા ઓસરી ગયાં, તેમને લાગ્યું કે તેમણે કર્યું હતું તે સાચું જ હતું, અને આ પવિત્ર ભોજનમાં ભંગ પડાવવાની કોઈ જરૂર નહોતી.

અચાનક અશુભ શંકાઓથી તેમનું ગળું ભરાઈ આવ્યું. ઈસુ તો ધીમેથી,

નરમાશથી બોલતા હતા, પણ તેમના મુખ ઉપર અનંત વેદના છવાયેલી હતી, અને બોલાયા તે પહેલાં, જાણે કે, માથ્થી એ શબ્દો જાણી ગયા. "તમારાંનો એક", ઈસુએ કહ્યું, "મને દગો દેવાનો છે."

શિષ્યોએ ધાર્યું કે ઈસુ કોઈ દૃષ્ટાંત કહે છે. તેઓ પૂછવા લાગ્યા: "શું તે હું છું?" "શું તે હું છું?" પરંતુ તેમણે તો ઈસુનાં હિંમત અને ધીરજ આપતાં વચનો જ સાંભળ્યાં.

પીતરના આગ્રહથી, યોહાને ઈસુને સ્પષ્ટ પૂછ્યું, "તે કોણ છે?"

ઈસુએ યહૂદાને કહ્યું, "તું જે કંઈ કરવાનો છે તે જલદીથી કર!"

માથ્થી ફરીથી ધ્રુસ્કાં ભરવા લાગ્યા. "તેઓ સમજ્યા નહિ," તેમણે કહ્યું, "તેઓએ તો ધાર્યું કે ઈસુ યહૂદા રાખે છે તે નાણાંની થેલીની વાત કરે છે. જો મેં તેમને પેલી ચાંદીની ત્રીસ મહોરની વાત કહી દીધી હોત, તો તેઓએ યહૂદાને ત્યાંથી જવા દીધો ન હોત. તેઓએ યહૂદાને કાળરાત્રિના અંધકારમાં છટકવા દીધો નહોત. હું ઈસુનું જીવન બચાવી શક્યો હોત!"

"આગળ કહો, માથ્થી," મેં વિનંતી કરી. "પછીથી શું બન્યું તે કહો."

"જાણે કશું જ બન્યું ન હોય તેમ ઈસુ વાત કરવા લાગ્યા. જાણે અમે નાનાં બાળકો હોઈએ તેમ મૃદુતાથી, ધીરજથી, સ્નેહછલકતી આંખોથી વાતો કરવા લાગ્યા. યહૂદા તો વિશ્વાસઘાત કરવા ગયો જ છે એ જાણવા છતાં તેમણે આનંદ વિશે, શાંતિ વિશે અને પ્રક્ષુબ્ધ નહિ તેવા હૃદય વિશે કહ્યું.

પાસ્ખાપર્વનું ભજન ગાયા પછી તેઓ જૈતુન પહાડ તરફ ચાલવા લાગ્યા. તેમણે તો ધાર્યું હતું કે તે બધા બેથાનિયા સુધી જશે, પરંતુ ઈસુ તો માત્ર ગેથસેમાનેના બાગ સુધી જ પહાડ ઉપર ગયા. તે એકલા જ થોડે આગળ ગયા, અને પ્રાર્થના કરવા લાગ્યા. તેમનો પસીનો લોહીનાં મોટાં ટીપાંની પેઠે ભોંય ઉપર ટપકવા લાગ્યો. આકાશનાં આંસુથી ભીંજાયેલા લીલા લીલા ઘાસ પર શિષ્યો આડા પડ્યા, અને થોડી જ વારમાં ઘસઘસાટ ઊંઘી ગયા."

માથ્થીએ કહ્યું કે તે ઊંઘી શક્યા નહિ. તે થોડીથોડી વારે પડખું બદલતા રહ્યા. તે બેઠા થયા: અને અંધારામાં તાકી રહ્યા. જાણે અંધારાના અજગરનો તાગ લેતા ન હોય! તેમને થયું કે તેમણે ઈસુની પાસે જવું જોઈએ, જ્યાં જંગલ જેવી ગીચ

ઝાડી છે ત્યાં તેમને લઈ જઈ છુપાવી દેવા જોઈએ, અને પીતરની એકમાત્ર સસ્તી તલવાર કરતાં વધુ ચઢિયાતાં શસ્ત્રોથી સજ્જ થવું જોઈએ.

"હું બીતો હતો," માથ્થીએ કહ્યું, "અને ત્યાં જ મને મારા ભયનું કારણ સમજાઈ ગયું. પહાડની નીચેથી કૂચ કરતા ટોળાનો અમંગળ, અભદ્ર, અપશુકનિયાળ અવાજ કે હિંસક પશુ જેવો ગડગડાટ આવતો હતો."

"અમે બધા એકદમ ઊભા થઈ ગયા, અને જૈતુન વૃક્ષો વચ્ચેથી અમે તેમને આવતા જોયા. કેવું ભયાનક દૃશ્ય હતું! શહેરના ચોકીદારોમાંથી ધર્મગુરુઓએ લશ્કરી કામ માટે માગેલા તલવારધારી રોમન સૈનિકો, અને લાકડીવાળા, ફાનસો હલાવતા, મવાલીઓ સાથેનું એ ટોળું હતું, અને મોખરે જ હતો જિંદગીનો મોત સાથે સોદા કરનાર યહૂદા! તે આગળ આવ્યો, અને ઈસુને ચુંબન કર્યું."

ઈસુ મૃદુતાથી બોલ્યા: "તમે કોને શોધો છો"

"ઈસુ નાઝારીને", સૈનિકોએ કહ્યું, ઈસુએ સારલ્યપૂર્ણ માત્ર આટલા જ શબ્દો કહ્યા, "હું તે છું!"

"હું તમને કહું છું, ક્લોડિયસ," માથ્થીએ ઉશ્કેરાટ અનુભવતાં કહ્યું, "ઈસુના આ શબ્દો જાણે કે ભયાનક વાવાઝોડાની જેમ ફૂંકાયા, અને યહૂદા, રોમન સૈનિકો તથા શેરીના મવાલીઓ બધા ધરતી પર ધબ્બ દઈને ઢળી પડયા. જાણે કે કોઈએ માર્યા હોય તેમ ભૂમિ પર ઊંધે માથે પડયા."

ફરીથી ઈસુએ પૂછયું: "તમે કોને શોધો છો?" અને તેઓએ ઉત્તર આપ્યો, ત્યારે તેમણે ફરીથી કહ્યું, "મેં કહ્યું કે હું તે છું. આ માણસોને જવા દો."

"મને લાગે છે કે અમને બચાવવાના ઈસુના પ્રયત્નોથી પીતરનું હૃદય ભાંગી ગયું. તેણે તલવાર ખેંચી, અને વડા પુરોહિતના એક ચાકર પર પ્રહાર કરી તેનો કાન કાપી નાખ્યો. આ તો એક નિરુપયોગી, નકામું, વ્યર્થ કૃત્ય હતું, પરંતુ ક્લોડિયસ, એમાં યે કંઈક તો હતું."

"એક કલાક પહેલાં કિદ્રોનની ખીણમાંથી પસાર થતી વખતે જે બહાદુરીનાં બણગાં અમે ફૂંક્યાં હતાં, તેમાંથી એટલું તો થયું."

"ઈસુએ અમને કહ્યું હતું, આજે રાત્રે તમે બધા મારો નકાર કરશો.' પરંતુ પીતરે દૃઢ નિશ્ચયપૂર્વક જણાવ્યું હતું, 'બીજા તો કરશે, પણ હું તો કદી નહિ

કરું!' 'પીતર,' ઈસુએ કહ્યું હતું, 'આજે રાત્રે મરઘો બોલે તે પહેલાં તું ત્રણવાર મને નકારશે,' અને પીતરે ઝનૂનપૂર્વક જવાબ વાળ્યો હતો, 'જો મારે તમારી સાથે મરણને ભેટવું પડે તો ભલે, પણ હું તમારો નકાર નહિ કરું.' અને ક્લોડિયસ, અમારાં મનોએ પણ પીતરના શબ્દોનો પડઘો પાડયો હતો."

"પરંતુ પીતરના આ એક સંકેત કે અર્થસૂચક પગલા સાથે અમે ગોઠવેલી બહાદુરીનો અંત આવ્યો. પછી તો સૈનિકો આગળ ધસ્યા, અને નિ:શસ્ત્ર ઈસુને મુશ્કેટાટ બાંધ્યા. ઈસુને દોરડાં બાંધીને, જાણે હજુએ બીતા હોય તેમ લઈ ગયા."

ફરીથી માથ્થીના સંવેગોએ તેમનો કબજો લીધો, અને તે ફરીથી ડૂસકે ચઢી ગયા. "અમે બધાએ તેમનો ત્યાગ કર્યો!" "અમે બધા તેમનો ત્યાગ કરી નાઠા!"

મેં તેમનો હાથ ધીમેથી પકડયો અને તેમનું મસ્તક ઊંચું કર્યું. "સાહેબ, પોતાના પર અંકુશ રાખો," મેં સખ્તાઈથી કહ્યું, "આપણે ઈસુને શોધી કાઢવા હમણાં જ જઈએ."

અમે ઉતાવળે દાદર ઊતર્યા. પ્રમુખ યાજકના મહેલમાંની સભા અંગે નિકોદિમસે મને કહ્યું હતું, અને તેથી અમે શહેરના એ ભાગ પ્રતિ વળ્યા.

અમે મહેલે પહોંચ્યા ત્યારે મહેલની બધી બારીઓમાંથી પ્રકાશ બહાર આવતો હતો, અને ચોગાનના દરવાજા પાસે પણ બત્તીઓ સળગતી હતી, લોકોનાં ટોળાં ભેગાં થવા લાગ્યાં હતાં. મને બીક લાગી કે જો માથ્થી અંદર આવે તો કદાચ જોખમમાં મુકાય, તેથી મેં તેમને ત્યાં જ થોભવાનું સૂચવ્યું, પરંતુ હવે તેમની હિંમતનો પારો ઠીકઠીક ઊંચે હતો, અને હું આંગણામાં પ્રવેશ્યો ત્યારે મારી પાછળ જ આવવાનો આગ્રહ કર્યો.

વસંતના ઊગતા પરોઢમાં આ પૂર્વીય પ્રદેશમાં હાડકાં સોંસરવી ઊતરી જતી કાતિલ ઠંડી હતી. મેં જોયું કે વડા પુરોહિતના ચાકરોએ આંગણાના મધ્યમાં જ અગ્નિ પેટાવ્યો હતો, અને તેની આસપાસ ઊભા ઊભા તાપતા હતા.

એમની સાથે જ, તાપણી પાસે, ઊભો હતો પીતર. તેણે માથ્થી સામે અને મારી સામે એક દૃષ્ટિ ફેંકી, અને જાણે અમારી સાથે સંકળાવા ન માગતો હોય તેમ બાજુ પર જોઈ ગયો. તેમ છતાં, ગમે તેમ તેણે, અમારે માટે ઝાંપો ઉઘાડનાર નાની ચાકરડીનું ધ્યાન ખેંચ્યું, અને જાણે કોઈ મોટી શોધ કરી હોય એમ

દાસીએ એકાએક બુમરાણ મચાવ્યું. પીતરની સામે આંગળી ચીંધી, તેણે અવાજમાં ઉશ્કેરાટ સાથે કહ્યું, "તું પણ નાસારેથના ઈસુ સાથે હતો!"

ચોકમાં થતી વાતચીત બંધ પડી ગઈ. બધાંએ પીતર સામે જોયું. મેં પીતરને ગણગણતો સાંભળ્યો, "તું શું કહેવા માગે છે તે હું સમજતો નથી."

તાપણીના ઝળહળતા પ્રકાશમાંથી તે દ્વારમંડપ નીચેના ઝાંખા પ્રકાશમાં જઈને ઊભો, પણ ત્યાં બીજા એક નોકરે ફરીથી તહોમત મૂક્યું. "તું ગાલીલનો છે!" તે સ્ત્રી ચાકરે ભારપૂર્વક કહ્યું, "તારી બોલચાલ પરથી હું કહી શકું છું. તું જરૂર ઈસુ અને પેલા બીજા સાથે હતો!"

મેં પીતરના મુખ પર પડેલો ધ્રાસ્કો જોયો. મેં તેને બોલતો સાંભળ્યો—આ વખતે મોટા અવાજે—"હું નહોતો!"

તેની પાસે જ વડા પુરોહિતનો એક ચાકર ઊભો હતો, તે પીતર પાસે ગયો, અને તેની આંખોમાં બારીકાઈથી જોયું. તેણે પોતાનો હાથ ધમકી આપતાં વીંઝયો અને બૂમ પાડી: "શું મેં તને ત્યાં ગેથસેમાનેના બગીચામાં નહોતો જોયો? મારા સંબંધી માલ્કસનો કાન શું તે નહોતો ઝટકાવી નાંખ્યો? તું ઈસુ સાથેનો જ છે!"

હવે પીતરનો બધો આત્મસંયમ પરપોટાની જેમ ફૂટી ગયો. તે મહાભયથી થથરી ગયો, અને બૂમો પાડવા લાગ્યો. તે શ્રાપ દેવા અને સમ ખાવા લાગ્યો. તેણે કહ્યું, "હું તે માણસને ઓળખતો જ નથી!"

ચોગાનને છેડે એક પાળેલા કૂકડાએ કૂકરેકૂક કર્યું.

બસ તેજ પળે મહેલનાં તોતિંગ દ્વારો ઊઘડયાં, અને પ્રમુખ યાજક, અન્ય યાજકો, અને આગેવાનો બહાર આવ્યા. તેમની વચમાં ઈસુ હતા. તેમના ગાલ પર ઉઝરડા પડેલા, અને તેમના મુખ પર થૂંકના ડાઘા હતા. ગુનેગારની જેમ તેમના હાથ બાંધેલા હતા. છતાં મેં તેમનામાં ઉચ્ચ ભવ્યતા, અને રાજવી સમતુલા નિહાળી. તેમને ઘેરાઈ વળેલા ધર્માધિકારીઓથી જાણે તે અભાન, અજાણ હતા. તેમનું ધ્યાન તો વિશ્વાસ કે શ્રદ્ધા નહિ, પણ થોડોક વખત બહાદુરી ગુમાવનાર એક ભયભીત શિષ્યમાં હતું.

ઈસુ ફર્યા અને પીતર સામે જોયું. એ દૃષ્ટિમાં કોઈ નિંદા કે સજા નહોતી, પરંતુ તેમાં તો સૌમ્યતા, સમજશકિત, મહાન કૃપા અને દયા છલોછલ હતાં.

કદાવર, મજબૂત, બડાઈખોર પીતર ચોગાનની દીવાલ તરફ ગયો, અને માથું હાથ પર ઢાળીને, પોક મૂકીને રડયો.

વરિષ્ઠ અદાલત સાન્હેદ્રિમના સભ્યોમાંના જે હજુ સુધી મહેલની અંદર ટહેલતા હતા તે, હવે ચોગાનમાં આવ્યા. ચાલતાં ચાલતાં તેઓ વાતો કરતાં મસ્તકો ધુણાવતા હતા, બિહામણાં મહોરાંની જેમ તેઓના મુખ પર સંતોષ લીંપાયેલો હતો. કોઈપણ વ્યકિત કહી શકે, કે તેઓએ વહેલી સવારનું ઉત્તમ કાર્ય કર્યું છે, એમ તેઓને લાગે છે. તેમને ખાતરી થઈ ગઈ હતી કે તેમના સરળ અને લાભદાયી સ્થાનો માટે હવે કોઈ જોખમ નહોતું. તેઓના સ્વસંતોષી, અહંજન્ય ચહેરાથી મને લાગ્યું કે ઈસુના હકમાં તેમણે કંઈ સારું નહિ કર્યું હોય.

મને આશ્ચર્ય થવા લાગ્યું કે અદાલતની સભામાં મળવા માટે નિકોદિમસ કેમ આવ્યા દેખાતા નથી, ત્યાં તો મેં તેમના મિત્ર, આરીમથાઈના યોસેફ સાથે, ઊંડી ચર્ચાવિચારણા ચલાવતા, બહાર આવતા જોયા. મને જોતાંની સાથે જ, હું ઊભો હતો ત્યાં જાણે અકસ્માત આવતાં હોય તેમ આવ્યા, અને મંદ અવાજે કહ્યું, "એકાદ મિનિટ થોભો, ને ક્લોડિયસ, પછી મારે ત્યાં આવો. મારે તમને કહેવાનું ઘણું છે, પણ વરિષ્ઠ અદાલતનો હાલનો મિજાજ જોતાં, આપણને વાતો કરતાં કોઈ જુએ તે ઇચ્છનીય નહિ હોય."

હું જાણું છું કે નિકોદિમસ કોઈ બીકણ માણસ નથી, અને છતાં યહૂદી લોકોના વહીવટકર્તાઓનાં વ્યાપક બનેલી લાગણીની તીવ્રતાનું મને નિકોદિમસની સાવચેતીને કારણે ભાન થયું, અને ફરી એકવાર મને ખાતરી થઈ કે, શિક્ષક અને ધર્મશાસ્ત્ર વિશારદ તરીકેનું પોતાનું કીમતી સ્થાન છોડી દેવું પડે એવું કશું તે કયારેય નહિ કરે.

નિકોદિમસને ઘેર હું પહોંચ્યો ત્યારે, નોકરે બારણું ઉઘાડતાં જ મને પરિસ્થિતિની તંગદિલી અને તાણનું ભાન થયું. "જલદી અંદર આવો," નોકરે કહ્યું.

તે મને ગ્રીષ્મ બેઠકખંડમાં ઉપર લઈ ગયો, અગાશી ઉપરની એ નાનકડી મેડી માત્ર કુટુંબના સભ્યો જ ઉપયોગમાં લેતા.

મેં જોયું કે નિકોદિમસ, તેમનાં પત્ની, મીરિયમ અને આરીમથાઈના યોસેફ, ખુરસીઓ તદ્દન નજીક ઢાળી બેઠાં હતાં. મીરિયમની કાળી આંખો આંસુથી છવાયેલી હતી.

નિકોદિમસે મને ઉષ્માભર્યો આવકાર આપ્યો, અને ચાકરને મારે માટે બેઠક લઈ આવવાનું કહ્યું.

"ક્લોડિયસ," નિકોદિમસે ધીમેથી બોલતાં કહ્યું, "રોમન લશ્કરમાંના તમારા હોદ્દાને કારણે, અને આ દિવસ સમાપ્ત થાય તે પહેલાં તમારી સહાયની અમારે જરૂર પડશે તેમ મને લાગતું હોવાથી, મેં તમને અહીં આવવાનું કહ્યું, જેથી યોસેફ અને હું, અમારા મિત્રો અને અમારા લોકોનું અભૂતપૂર્વ વર્તન તમારી સમક્ષ ઉઘાડું પાડી શકીએ. અમે પણ હજુ તે માની શકતા નથી."

જ્યારે તે વહેલી પરોઢમાં જે બનાવો બન્યા હતા તેનું વર્ણન કરવા લાગ્યા, ત્યારે મને પણ તે માનવાનું મુશ્કેલ લાગ્યું.

પરોઢ ફાટે તે પહેલાં આ બધું બનવા માંડેલું. વડા પુરોહિત કાયાફાસે મોકલેલા એક સંદેશાવાહકને લીધે યોસેફ અને નિકોદિમસને ઊંઘમાંથી જગાડવામાં આવેલા, અને વરિષ્ઠ અદાલતની એક મહત્ત્વની સભામાં હાજર થવાનું ભારપૂર્વક કહેવામાં આવેલું.

આવી કાર્યપ્રણાલી કદી ન સાંભળી હોય તેવી, અજોડ હતી. યહૂદી નિયમ-શાસ્ત્ર પ્રમાણે માત્ર દિવસના પ્રકાશ દરમ્યાન જ આ સભા બોલાવી શકાતી, બીજા સમયે બોલાવવાની મનાઈ હતી. તે બંને અસ્વસ્થ અને ચિંતાતુર બન્યા, છતાં ગયા. કોઈ હુકમનો અનાદર ન કરે.

તેઓએ જોયું કે વરિષ્ઠ સભાના બધા સભ્યો હાજર હતા.

"મેં ત્યાં બંદીવાન ઈસુને જોયા. તે હાથે અને પગે દોરડાથી બંધાયેલા હતા. છતાં તે એવી શાંતિ અને ભવ્યતામાં ડૂબેલા, વીંટળાયેલા હતા, કે મને થયું કે, જો તે ચાહે તો, અમારા બધા તરફ પીઠ ધરીને, બારણામાંથી ચાલ્યા જાય, અને અમારા-માંનો કોઈ તેમને અટકાવી ન શકે."

"વડા પુરોહિત દેખીતા જ મૂંઝાયેલા, હાંફળાફાંફળા અને ડઘાયેલા હતા, એવા જ હતા બધા સભ્યો, પરંતુ સંપૂર્ણ સ્વસ્થતા અને દૃઢતા સિવાય કેદીમાં બીજું કશું દેખાતું નહોતું."

રિવાજ તો એવો હતો, નિકોદિમસ અને યોસેફ બંને સંમત થયા, કે અદાલતના વડા, કાર્યવાહીના પ્રથમ તબક્કા તરીકે આરોપી સામે આરોપનામું

મૂકે, તેમ છતાં કાયાફાસે સાક્ષીઓને બોલાવવા માંડ્યા. ખંડમાંની દરેક વ્યક્તિ કારણથી માહિતગાર હતી. મુખ્ય યાજક પાસે કોઈ આરોપનામું હતું નહિ, કોઈ તહોમત મૂકવાનું નહોતું.

સાક્ષીઓની જુબાનીઓમાં મેળ બેસતો નહોતો. એક એક વસ્તુ કહેતો, બીજો બીજું જ કંઈ કહેતો, પરંતુ કાયાફાસ મૂકી દે તેમ નહોતા. છેવટે તે બે એવી વ્યક્તિઓને શોધી લાવ્યા જે એક જ વાત સમપૂર્વક કહેવા તૈયાર હતા. તેઓએ પ્રતિજ્ઞા લઈને કહ્યું, "આ માણસે કહ્યું, કે, 'હું આ દેવના મંદિરનો વિનાશ કરી શકું અને ત્રણ દિવસમાં પાછું બાંધી શકું.'"

"બધા જાણતા હતા કે આરોપ માત્ર હાસ્યાસ્પદ, મૂર્ખામીભરેલો છે, તેને તો કોર્ટનાં બધાંએ હસી કાઢવો જોઈએ, પણ એટલું જ તો તેઓ પાસે હતું. હવે, તેઓને લાગવા માંડયું, કે કેદી સામે આરોપ છે! હવે તેને જવાબ આપવાની ફરજ પાડી શકાશે, પણ ઈસુ એકે શબ્દ બોલ્યા નહિ."

"કાયાફાસ ક્રોધથી રાતાચોળ થઈ ગયા. તે પોતાની બેઠક, એટલે વરિષ્ઠ અદાલતના પ્રમુખ ન્યાયાધીશની બેઠક પરથી ઊભા થઈ ગયા. ખંડ વીંધીને જ્યાં ઈસુ ઊભા હતા ત્યાં ગયા, તેમની બરોબર સામે ઊભા રહી બૂમો પાડી. તે તો કેદીને બોલાવવા માંગતા હતા! તે તેમની પાસે બધા યહૂદીઓ પરિચિત હતા તેવી સાન્હેડ્રિનની કાયદેસરની પ્રતિજ્ઞા લેવડાવવા માંગતા હતા."

"જીવતા દેવના નામે હું તને આગ્રહપૂર્વક વિનંતી કરું છું, કે, જો તું ખ્રિસ્ત, દેવપુત્ર હોય તો કહે."

વડા પૂરોહિતે પૂછેલો પ્રશ્ન કોઈ સજીવ વસ્તુની જેમ સભાખંડમાં તોળાઈ રહ્યો.

ઈસુ નિયમ જાણતા હતા, યહૂદી પ્રતિજ્ઞાની પવિત્રતાથી જાણકાર હતા, અને તેમણે ઉત્તર આપ્યો.

બસ બે જ શબ્દો, પણ તેમણે તો કોર્ટખંડને ઝનૂની ટોળામાં પલટી નાખ્યો.

"હું છું." ઈસુએ કહ્યું.

"હવે આપણે બીજા સાક્ષીઓની શી જરૂર છે?" વડા પુરોહિતનો વિજયવંત તીણો અવાજ ચારે બાજુ ગાજી રહ્યો. "તેણે કહ્યું તે તમે સાંભળ્યું છે! આ તો દુર્ભાષણ છે! તમારો ચુકાદો શો છે?"

"તે મૃત્યુની સજાને પાત્ર છે," તેઓએ બૂમ પાડી.

ન્યાયાલયમાં એક પણ માણસ એવો નહોતો, જે આ નિયમથી અજાણ હોય, કે કાયદો જે દિવસે ગુનેગાર પકડાયો હોય તેજ દિવસે ચુકાદો આપવાની મના ફરમાવે છે. પરંતુ, હવે તેઓ જંગલી, આદિમ માણસો બની ગયા હતા. તેમની સલામતી માટે લડતા અને હેતુઓની પરિપૂર્ણતા અર્થે સાધન કે સાધ્ય કશાની પણ પરવા ન કરનારા. દિવસ ચડી જાય અને લોકટોળાં ભેગાં થવા માંડે તે પહેલાં તેમણે ન્યાયની કાર્યવાહી પૂરી કરી દેવી જોઈએ એવું તે જાણતા હતા. હવે તેને પિલાત પાસે લઈ જવો જોઈએ.

'સદ્નસીબનો ભારે ઝપાટો!' તેઓએ એકબીજાને કહ્યું. કારણ કે પર્વ નિમિત્તે પિલાત યરૂશાલેમમાં હતા, કારણ કે રોમન પ્રોક્યુરેટર કેસની પુનઃવિચારણા ન કરે, અને ચુકાદો ન આપે ત્યાં સુધી મોતની સજાનો અમલ થઈ શકે નહિ. પિલાત, હાલમાં ગાલીલના એલચી વિભાગમાં હતા, કારણ કે, ગઈકાલે જ તેમણે ત્યાં બે ભયંકર ગુનેગારો પર કામ ચલાવ્યું હતું, અને દિવસ પૂરો થાય તે પહેલાં તેમને ક્રૂસે ચઢાવવાના હતા. તેમણે ઈસુને પિલાત પાસે લઈ જવા જોઈએ.

નિકોદિમસ અને યોસેફ પોતાની હૃદયવ્યથાનો, દર્દકથાનો અંતભાગ કહેતા હતા.

મને સમજાયું કે મારી ફરજ હવે ગાલીલના એલચી વિભાગમાં તાત્કાલિક પહોંચી જવાની હતી અને હું ઊભો થઈ ગયો.

અંધારાં ઊતર્યાં

હું એલચી વિભાગમાં પહોંચ્યો ત્યારે સાન્હેડ્રિમ ન્યાયસભાના સભ્યો બહાર ઊભા હતા, અને પાછળ હતાં નીચલા વર્ગના લોકોનાં ટોળાં. ઈસુ તો ક્યાંયે દેખાતા નહોતા. પહેલાં તો મને થયું, કે કદાચ પિલાતે આ બધાને અંદર દાખલ કરવાનો જ નન્નો ભણ્યો હશે, પરંતુ યહૂદીઓની શુભેચ્છા જીતવાની પિલાતની આતુરતા જાણતો હોવાથી, એ શકયતાની સંભવિતતા ઓછી લાગી.

એથેન્સમાં મેં મારાં માતપિતા સાથે હાઈકોર્ટની ઘણી બેઠકોમાં હાજરી આપી હતી. અમે ઘણા વિચિત્ર અદાલતી મુકદ્દમા જોયા હતા, પણ આટલો વિચિત્ર કેસ તો કોઈ નહોતો.

હું નિરીક્ષણ કરતો હતો ત્યાં જ મેં જોયું કે પિલાતે પોતાનું ન્યાયાસન ઝરૂખામાં ગોઠવડાવ્યું. પ્રોક્યુરેટરના શાહી મહેલની એક બારીમાંથી તે ઝરૂખો બહાર નીકળતો હતો.

મુકદ્દમો શરૂ થવાની તૈયારી જ હતી, ત્યાં પિલાતની મારા પર દૃષ્ટિ પડી, અને પોતાની સાથે ઝરૂખામાં આવી જવાની મને નિશાની કરી.

"ટ્રિબ્યૂન, એક મિનિટ અંદર આવો," પિલાતે કહ્યું, "મારે એ જાણવું છે કે પેલેસ્ટાઈનના તમારા પ્રવાસો દરમ્યાન તમે નાસારેથના ઈસુ વિશે શી મુદ્દાસર અને સમર્પક માહિતી એકઠી કરી છે? ગમે તે કારણસર આ જુવાન ઉપદેશકનો મુકદ્દમો ચલાવવાનું હું ધિક્કારું છું. આવનાર મસીહ વિષેના વિશિષ્ટ ખ્યાલો ધરાવતા યહૂદી તો તમે નથી, કે નથી સહેલાઈથી ઉશ્કેરાટ અનુભવનાર. મને કહો, તમે શું ધારો છો?"

મને અચંબો થયો કે પિલાત મારો અભિપ્રાય માંગે છે. પરંતુ આ વસ્તુઓ વિશેનો મારો આશ્ચર્યભાવ, મેં ટ્રિબ્યૂન ક્લોડિયસ લુસાનિયસે, વિદેશી, બિનયહૂદી, વારસાથી ફિલસૂફે, પિલાતને ઉત્તર આપીને જે આશ્ચર્યભાવ અનુભવ્યો તેની વિસાતમાં તો કંઈ જ નહોતો. જાણે કે મારે બદલે હું બીજા જ કોઈનો અવાજ સાંભળતો હતો.

"નામદાર, મને લાગે છે કે ઈસુ ઉપર આપને કોઈ અધિકાર નથી. મને

વિશ્વાસ છે કે, આ મુકદ્દમો, આ દિવસનો નિષ્કર્ષ કે તેને અંતે આવતું પરિણામ સંપૂર્ણ રીતે તેમના જ હાથમાં છે."

"તમે આવું માનો છો, સરદાર?"

"હું માનું છું, નામદાર."

"તો અહીં મારી સાથે રહો. ન્યાયખંડની અંદર એવી રીતે ઊભા રહેજો કે કોઈ તમને જોઈ શકે નહિ"

પિલાત ઝરૂખામાં પાછા ફર્યા, અને ઝાંખા પ્રકાશવાળા ખંડમાં ઊભેલા માણસ પ્રતિ મેં આંખો ફેરવી. ઈસુ મારા પ્રતિ સ્મિત કરતા ઊભા હતા, અને તેમની આંખોમાં ગાલીલના સમુદ્ર પર સફર કરતી વખતે મેં જે ઉષ્માભર્યો આવકાર જોયો હતો એ જ ભાવ હતો, ભીનાશ હતી. છેલ્લાં ત્રણ વર્ષથી કોઈ સંદિગ્ધ જરૂરિયાત, હું સમજી શકું તેથી વિશેષ ડહાપણ અને પરાક્રમની ઉત્કટ ઝંખના, મારા હૃદયમાં ખળભળતી હતી. મારા પિતાનું તત્ત્વજ્ઞાન એની તાકીદને, અગત્યને શાંત કરી શકતું નહોતું, અને બિનયહૂદી દેવો સંતોષ આપી શકે તેવો ઉત્તર પૂરો પાડી શકતા નહોતા. ઘણીવાર હું મને કહેતો કે જો ઈસુ પાસે ઉત્તર હોય, તો મેં નિહાળ્યા છે તેથી વધુ પ્રચંડ અને આશ્ચર્યચકિત કરનાર ચમત્કારને પરિણામે મને કોઈ મહા ક્રાન્તિકારક બનાવ મળશે, જે મારા મનમાંથી સદાને માટે શંકા અને અચોક્કસતાને હઠાવી દેશે.

તે ત્યાં ઊભા હતા, રોમન સામ્રાજ્યના સામર્થ્ય અને સત્તાથી વીંટળાયેલા, યહૂદી સત્તા અને બળની વચ્ચોવચ—એક કેદી—છતાં મને સમજાયું, મને લાગ્યું કે તેમને પણ, કે તેમનું આ સ્વાગત હોડી પરના સ્વાગત કરતાં ઘણું વિશેષ ગહન અને અર્થપૂર્ણ હતું.

આ તો દૂર દેશ ગયેલા અને પાછા ફરેલા પુત્રને માટે પિતાનું સ્વાગત હતું.

"સાહેબ, જો આપને મારી જરૂર હોય તો હું આપનું રક્ષણ કરવા અહીં જ છું." મેં કહ્યું.

હવે મુકદ્દમો શરૂ થતો હતો. પિલાત બહાર ઊભેલા સમૂહને પૂછતા હતા—મુખ્ય યાજકો, આગેવાનો અને તેમની પાછળ ઊભેલાં ટોળાને—"આ માણસ વિરુદ્ધ તમે કયાં તહોમતો મૂકો છો?"

પળભર વૃક્ષનું એક પર્ણ હલે તોયે સંભળાય તેવી શાંતિ છવાઈ ગઈ. આ

વાતની જ તેમને મુશ્કેલી હતી. તેમની પાસે તો કોઈ ન્યાયી તહોમતો નહોતાં, તેથી યાજકોએ પ્રશ્નનો ઉત્તર ટાળ્યો. તેમણે કહ્યું, "જો આ માણસ ભૂંડાઈ આચરતો ન હોત, તો અમે આપને સોંપ્યો ન હોત."

પિલાતના મુખ પર રાહતની લાગણીની મૃદુ લહર હું જોઈ શક્યો. તેમની પાસે ઈસુ વિરુદ્ધ કોઈ આરોપ હતો નહિ, તેથી તે આ મુકદ્દમો લેવાની ના પાડી દેશે. તેમણે યાજકોને તોછડાઈથી ઉત્તર આપ્યો, અને બોલતાં બોલતાં મોં ફેરવ્યું, "તમે જ તેને લઈ જાઓ. તમે તો યહૂદી ન્યાયપંચ (ટ્રિબ્યૂનલ) છો. તેને લઈ જાઓ અને તમારા કાયદાથી તેનો ન્યાય કરો."

પરંતુ તેઓ એટલી સરળતાથી ચાલ્યા જાય, વિખરાઈ જાય તેમ નહોતા, અને તેઓએ ઝનૂનથી બૂમો પાડી મૂકી. પિલાત મહેલમાં અદૃશ્ય થઈ જાય તે પહેલાં જાણે આકાશ ગજાવી દીધું. "કોઈ માણસને મૃત્યુદંડની સજા આપવાનું અમારે માટે કાયદેસર નથી!" તો વાત એમ હતી! તેઓ તો આ માણસને મૃત્યુદંડની સજાનો ઠરાવ પાસ કરાવવા આવ્યા હતા!

પિલાતને સહાયની જરૂર હતી, પણ ક્યાંથી મળે? તેમની માગણીઓ અંગે તેમણે વિચારવું જ પડશે, અને અંત સુધી મુકદ્દમો ચલાવવો પડશે, પણ તેમણે ટોળાંને થોભી જવાનો ઈશારો કર્યો, અને ન્યાયાલયમાં ગયા. મને લાગ્યું કે કદાચ તે કેદી પાસેથી સહાય મેળવશે.

મને સમજાયું કે પિલાત કદી ઈસુને મોઢામોઢ થયા નહોતા, તેથી ઈસુને જોતાં જ તેમને થયેલું આઘાતજનક આશ્ચર્ય હું જોઈ શક્યો. તે તો ટેવાયેલા હતા, પગે પડી ખુશામત કરતા, પાંદડાની જેમ ધ્રૂજતા, દયાની યાચના કરતા કેદીઓથી માંડી ગર્વિષ્ઠ, બાંયો ચડાવીને ઊભેલા, અવજ્ઞા કરનારા ગુનેગારોથી, જે તેમને થાય તેટલું ભૂંડું કરી લેવાનો પડકાર ફેંકતા; પણ મેં જોયું કે આ સીધાસાદા, રાજા જેવા જુવાન, તેમના ચુકાદાની ધીરજથી રાહ જોતા સ્ફટિક શા પારદર્શક વ્યકિતત્વવાળા માણસની તેમણે જરાયે કલ્પના નહોતી કરી.

પિલાતે સીધો સવાલ પૂછયો: "શું તું યહૂદીઓનો રાજા છે?"

ઈસુએ પ્રશ્નથી જ ઉત્તર આપ્યો: "શું તમે તમારી મેળે જ કહો છો કે બીજાઓએ મારે વિશે તમને એવું કહ્યું છે?"

આ વ્યથિત, અનિશ્ચિત, મૂંઝાયેલા માણસને બૂમ પાડીને કહેવાનું મને મન થયું, "પિલાત, એજ મહત્ત્વનો પ્રશ્ન છે. મેં આજે જ ઉત્તર મેળવ્યો છે. એ કાંઈ મને માથ્થી કે લાઝરસ કે સુશાન્ના કે પ્રાણથી વધુ પ્રિય મીરિયમ દ્વારા કહેવાયું નથી. હું ઈસુ વિષે શું માનું છું તે સર્વોપરી મહત્ત્વનું છે. દરેક માણસે પોતે જ એ પ્રશ્ન પૂછવો જોઈએ, અને પોતે જ જવાબ મેળવવો જોઈએ." પરંતુ મને ખબર હતી કે પિલાત મને ન પૂછે ત્યાં સુધી મને બોલવાનો કે કશું કહેવાનો અધિકાર નથી.

પિલાત હવે ગુસ્સે થયા: "શું હું યહૂદી છું?" તેમણે ઈસુને તીખો કટાક્ષ કરી પૂછયું, "તારા પોતાના લોકો તને અહીં લઈ આવ્યા છે! તેં શું કર્યું છે?"

ઈસુએ પિલાતને મૃદુતાથી ઉત્તર આપતાં કહ્યું, "મારું રાજ્ય આ જગતનું નથી. જો હું કોઈ દુન્યવી રાજવી હોત તો યહૂદીઓના હાથમાં મને પડવા ન દેવા મારા ચાકરો લડત આપત."

"તો શું તું રાજા છે?" પિલાતે પુનઃ પૂછયું,

"એને જ માટે હું જન્મ્યો છું, એને જ માટે આ દુનિયામાં આવ્યો છું, જેથી સત્ય માટે સાક્ષી પૂરી શકું."

પિલાત દૂર ખસી ગયા. "સત્ય શું છે?" તેમણે કડવાશથી પૂછયું.

હું પિલાતને મદદ કરવા માંગતો હતો. એક વિદેશી અને બિનયહૂદીના દીર્ઘ, કઠોર માર્ગે થઈને હું ઈસુ પર વિશ્વાસ કરતો થયો હતો, છતાં હું તેને પહોંચી શકતો નથી એ હું જાણતો હતો. મને રાહત થઈ, કારણ કે મને લાગ્યું કે મુકદ્દમો પૂરો થયો છે. મને ખબર જ હતી કે યહૂદી આગેવાનો ઈસુ સામે કોઈ વાજબી અને કાયદેસરનું તહોમત મૂકી શકયા નથી એ પિલાત સમજી શકયા છે. હવે તે ઝરૂખામાં જશે, અને ચુકાદો આપશે. તેમણે તેમ જ કર્યું. તે પગથિયાં ચડયા, પોતાનો હાથ ઊંચો કર્યો, એકદમ પ્રગાઢ શાંતિ પથરાઈ ગઈ.

"હું આ માણસમાં કોઈ અપરાધ જોતો નથી," તેમણે પાકી ખાતરી, નિષ્ઠા અને નિર્ણયાત્મકતાથી જણાવ્યું.

મેં મારી જાતને કહ્યું કે જે દિવસ વિશે હું મોટો ભય સેવતો હતો તે તો હકીકતમાં ભવ્ય દિવસ પુરવાર થયો. ઈસુને જેવા છે તેવા હું ઓળખતો થયો હતો. મુકદ્દમો ખતમ થયો છે, "ગુનેગાર નહિ" નો ચુકાદો અપાયો છે. પરંતુ એક

સેંકડમાં જ આગેવાનોના જબરજસ્ત ફ્લાંગો ભરીને હવામાં ઊછળતા અવાજો ન્યાયખંડમાં વાવાઝોડાની જેમ પછડાયા, પડઘાયા.

"તે લોકોને ઉશ્કેરે છે! તે પોતાને રાજા જાહેર કરે છે! તે કહે છે કે અમારે સીઝરને કર ભરવો જોઈએ નહિ! ગાલીલથી યરૂશાલેમ સુધી તે આવું જ શીખવે છે!"

તેઓ જૂઠું બોલ્યા. મેં જ તેમને મંદિરમાં એક પછી એક પ્રશ્નોની ઝડી વર્ષાવતા, ઈસુને જાળમાં ફસાવવાની કોશિશ કરતા જોયા હતા. અને ઈસુએ તો સ્પષ્ટ કહ્યું હતું: "જે સીઝરનાં તે સીઝરને અને ઈશ્વરનાં તે ઈશ્વરને આપો." તેઓ હવે આગળ વધ્યા હતા. પહેલાં તો તેમણે જૂઠા સાક્ષીઓ ઊભા કરેલા. હવે તેઓ જાતે જૂઠાણું ઓકવા લાગ્યા.

પિલાત સમજતા હતા કે તે સકંજામાં આવ્યા છે. તે પોતાના ચુકાદાને વળગી રહેવાની હિંમત કરી શકે તેમ નહોતા. પણ, બૂમાબૂમ અને શોરબકોરમાં સાંભળેલા એક શબ્દે તેમનામાં આશા જન્માવી. એ તો ગાલીલના પ્રાંતનો ઉલ્લેખ હતો. પિલાત જાણતા હતા કે તેમનો પુરાણો શત્રુ હેરોદ પાસ્ખાપર્વ નિમિત્તે યરૂશાલેમમાં છે. જો તે આખો કેસ હેરોદને સોંપી દે, તો હેરોદને થોડુંક મહત્ત્વ મળે, અને તેમના દુભાયેલા સંબંધો દૃઢ બની શકે, અને ઈર્ષ્યાળુ કાવતરાંખોરોએ ઊભો કરેલો કેસ ચલાવવામાંથી પોતાને મુકિત મળે.

તે પહેલી વાર મારા તરફ ફર્યા, "શું આ ઈસુ ગાલીલનો વતની છે?" તેમણે પૂછયું; મેં હકારમાં ઉત્તર આપ્યો. તેમણે ઈસુને હેરોદના મહેલમાં લઈ જવાનો હુકમ કર્યો. મુખ્ય યાજકો, આગેવાનો અને લોકટોળાં ત્યાં જ થોભ્યાં. હું ઈસુ સાથે જવા માંગતો હતો. મને હેરોદ પર વિશ્વાસ નહોતો. પણ મેં જોયું કે પિલાત હું તેમની સાથે રહું એમ ઈચ્છે છે.

પિલાતની રાહત ક્ષણજીવી નીવડી. એક રક્ષકે આવી પિલાતને ચિઠ્ઠી આપી: વાંચતાની સાથે જ તેમણે ઉદ્‌બોધન શરૂ કર્યું. "મારું સાંભળો," પિલાતનો તીખો અને તીણો, મોટો અવાજ ગાજી રહ્યો. "તે લોકોને ભરમાવે છે કહી તમે આ માણસને લઈ આવ્યા, અને તમારી ઉપસ્થિતિમાં તેની તપાસ કર્યા પછી, તમારા એક પણ તહોમતમાં મને તે ગુનેગાર માલૂમ પડયો નથી; હેરોદને પણ તે અપરાધી લાગ્યો નથી, તેથી તો તેણે તેને પાછો મોકલી આપ્યો. જુઓ, મૃત્યુની શિક્ષા ફરમાવવી પડે એવું કશું તેણે કર્યું નથી. તેથી હું તેને નસિયત કરીશ, અને છોડી મૂકીશ. તમે સારી

રીતે જાણો છો કે આ દિવસે રોમન સરકાર તમારા કોઈ એક માણસને મુક્તિ આપે છે. આજે હું નાસારેથના ઈસુને મુક્તિ આપીશ!"

ત્રીજો ચુકાદો, મેં વિચાર્યું. ત્રીજી વખત "નિરપરાધી" નો નિર્ણય લેવાયો છે. પરંતુ તેમના લોહી તરસ્યાં પશુઓ જેવા શોરબકોરમાંથી મેં સાંભળ્યું કે આ ચુકાદાઓની તેમના પર કોઈ અસર થઈ નથી. તેઓ તો આ માણસનું મોત જ ચાહે છે, અને તેનાથી ઓછું કશું જ તેમને ખપશે નહિ. આખું ટોળું એક માણસની જેમ, મોટે અવાજે બૂમો પાડવા લાગ્યું: "તેને ખતમ કરો! બરબ્બાસને આઝાદ કરો!"

મેં બરબ્બાસ વિશે સાંભળ્યું હતું. તે હતો અઠંગચોર અને જલ્લાદ ખૂની. રીઢો-ગુંડો. ઈસુ સામે બરબ્બાસ! ઓહ!!

થાકી ગયેલા અને પરાજિત થયેલા માનવીનો ભાવ પિલાતના મુખ પર દેખાયો. એક સૈનિકે તેને ચિઠ્ઠી આપી. તેમણે તે વાંચી અને તે સાથે જ તેમનો ચહેરો વધુ ફિક્કો અને અસ્વસ્થ બન્યો. એકે શબ્દ બોલ્યા વગર એ ચિઠ્ઠી તેમણે મને આપી. એ તો ક્લોડિયાની હતી; પિલાતપત્ની ક્લોડિયા, જેમણે સત્તા અને ધનદોલતને બીજા બધા કરતાં વધુ કીમતી માન્યાં છે, જેમની મહત્ત્વાકાંક્ષાનો ચાબુક કાયમ પતિની પીઠે વીંઝાયા કર્યો છે! ચિઠ્ઠી લાંબી નહોતી. તેમાં તો લખ્યું હતું, "આ ન્યાયી માણસને કશું કરશો નહિ. કારણ કે સ્વપ્નમાં મને તેના અંગે ઘણી વેદના થઈ છે." ક્લોડિયા પણ પિલાત ઈસુને મુકત કરે તેમ ઇચ્છે છે! મેં એકદમ પિલાતના મુખને પ્રકાશતું અને ચમકતું જોયું. જાણે કે કોઈ વજનદાર બોજમાંથી તેમને મુક્તિ મળી હોય.

પિલાતે ફરીથી અગાઉ પૂછયો હતો તેજ પ્રશ્ન દોહરાવ્યો. "હું તમારે માટે કોને મુકત કરું, બરબ્બાસને કે ઈસુને?"

"બરબ્બાસને!" ટોળાંએ જાણે ચીસ પાડી.

પિલાતે પોતાનો હાથ ઊંચો કર્યો; તેમણે એક બીજો પ્રયત્ન કર્યો. "તો પછી," તેમણે પૂછયું, "ઈસુ જે ખ્રિસ્ત કહેવાય છે તેને હું શું કરું?"

ટોળાંએ વધુ ભયાનકતાથી, વાઘના વીંઝાતા પંજા જેવી હિંસકતાથી, બૂમ પાડી: "તેને ક્રૂસે જડો!" "તેને ક્રૂસે જડો!"

પિલાત ન્યાયાધીશ તો હતા, છતાં આ ખૂની ટોળાંનો સામનો કરવા, પત્ની ક્લોડિયાની ચિઠ્ઠી ખિસ્સામાં હોવા છતાં, પૂરતા મજબૂત નહોતા.

પિલાતને હવે સમજાવા માંડયું કે તે કશું કરી શકશે નહિ. તેમણે મારા તરફ ફરી નિ:સહાયતાથી કહ્યું: "કોઈ સૈનિક પાસે વાસણમાં પાણી મંગાવી આપો."

તે લોકટોળાં સમક્ષ ઊભા રહ્યા, અને પોતાના હાથ ધોયા.

પોતાની પ્રક્ષુબ્ધ અવસ્થામાં આંગળીએ પહેરેલી મોટી હીરાની વીંટીથી તે કપાઈ ગયા. મોં પર મહાભય અને કમકમાટી સાથે તે હાથ પરના લોહીને જોઈ રહ્યા. તે લોકો તરફ ફર્યા અને ચીસ પાડીને કહ્યું, "આ માણસના લોહી વિષે, એના ખૂન વિષે હું નિર્દોષ છું. તમે એ જાણો."

ટોળું જીત્યું હતું. તે વિજેતાના નશામાં ગાજી ઊઠયું: "એનું લોહી અમારે માથે, અમારાં સંતાનોને માથે!"

પિલાતે હવે ઈસુને છોડયા, અને મહેલની આસપાસ ચોકી કરતા સામાન્ય સૈનિકોને સોંપી દીધા. સૈનિકોએ ઈસુના ખભાની આસપાસ જાંબુડિયા રંગનો ઝભ્ભો વીંટાળ્યો, મહેલની દીવાલો પર ઊગેલાં કાંટાળાં ઝાંખરાંમાંથી એક મુગટ ગૂંથી કાઢયો, અને કપાળ સુધી જોર કરી પહેરાવી દીધો. બરુની ડાળી ભાંગી તેની સોટી ઈસુના હાથમાં મૂકી, ઠઠ્ઠામજાકમાં ઈસુની આગળ ઘૂંટણે પડી મસ્તકો નમાવ્યાં, અને કહ્યું "યહૂદીઓના રાજાને પ્રણામ!"

પિલાતે એકાદ પળ ધ્યાનથી જોયું, પછી રક્ષકને મોકલી ઈસુને ન્યાયખંડમાં તેડાવી લીધા. તે જાતે ઝરૂખામાં ગયા, અને પોતાનો હાથ ઊંચો કર્યો. ટોળાં શાંત પડયાં ત્યારે તે જાણે ઈસુને તેમની સમક્ષ લઈ ગયા. મને લાગ્યું કે બંદીવાનની રાજા જેવી ભવ્યતા નિહાળવાનું તેઓ ચૂકશે નહિ એવી તેમને આશા છે; ચોળાયેલા ઝભ્ભા છતાં, રક્તબુંદો ટપકાવતા મુગટ છતાં, તેઓ કેદીની સૌમ્યતા, દિવ્ય સુંદરતા સમજવાનું ચૂકશે નહિ. ઈસુના મુખ ઉપર, પોતાને માટે નહિ, પણ તેમને માટે જે અનંત સ્નેહ અને વેદના લીંપાયેલાં છે, તેની લિપિ જરૂર તેઓ હૈયાસૂઝથી ઉકેલશે, એમ પિલાતે ધાર્યું.

"આ માણસને જુઓ!" પિલાતે લગભગ ચીસ નાંખી, જાણે કે તે હુકમ કરતા હોય. પરંતુ તેનો કશો અર્થ નહોતો.

ટોળાં સામેથી ચીખ્યાં, "અમારે નિયમો છે. એ નિયમ મુજબ, તેણે પોતાને દેવપુત્ર કહ્યો હોવાથી, તેણે મરવું જ જોઈએ."

પિલાત હવે મસ્તકથી પગ સુધી ધ્રૂજતા હતા. તે બીતા હતા. તે ગભરાતા હતા કે ઈસુ ખરેખર ઈશ્વરપુત્ર છે. તે હાથ પકડી ઈસુને ન્યાયાલયમાં પાછા લઈ આવ્યા.

તેમણે જાણે મરણિયા બની પૂછ્યું, "કોણ છે તું?", પરંતુ ઈસુએ ઉત્તર આપ્યો નહિ.

ટોળાં સામે બૂમ પાડી હતી તેવી જ બૂમ ઈસુ સામે પિલાતે પાડી, "તું મને કેમ કહેતો નથી? શું તું જાણતો નથી કે તને મુક્તિ આપવાનો અને ક્રૂસે ચઢાવવાનો અધિકાર મને છે?"

ઈસુ હવે બોલ્યા, પિલાતના મરણિયા અવાજ કરતાં ભિન્ન અવાજે, તેના શત્રુઓના લોહીતરસ્યા અવાજ કરતાં જુદા અવાજે; એવો અવાજ કે જેણે મારું ઊકળતું હૃદય શાંત પાડયું.

"તમને મારા પર કોઈ અધિકાર ન હોત," ઈસુએ મૃદુતાથી કહ્યું, "જો એ તમને ઉપરથી અપાયો નહોત તો. તેથી જેમણે મને તમને સોંપ્યો છે તેમણે વધુ મોટું પાપ કર્યું છે."

ઈસુના શબ્દોથી પિલાત વિચિત્ર રીતે આશ્વાસન પામ્યા હોય તેવું દેખાયું. તે છેલ્લી વાર ઝરૂખામાં ગયા. લોકોએ જ્યારે પ્રોક્યુરેટરને જોયા ત્યારે બૂમો પાડવા લાગ્યા. તેમને બીક હતી કે હજુએ તેઓ પોતાના મુકદ્દમામાં હારી જાય. હવે તેઓએ એક નવો અભિગમ શોધ્યો હતો. તેઓ કહેતા હતા; "જો તમે આ માણસને છોડી દેશો તો તમે સીઝરના મિત્ર નથી."

પિલાતે થોડી ધીરજના દેખાડા સાથે પૂછ્યું: "શું હું તમારા રાજાને ક્રૂસે ચઢાવું?"

"અમારે સીઝર સિવાય કોઈ શહેનશાહ નથી," ટોળાંએ ગર્જીને કહ્યું.

પિલાતે ઈસુને ખૂની ટોળાને સોંપી દીધા; અને તેમણે શહેરની દીવાલો બહારની 'ખોપરીની જગા' નામે ઓળખાતી તે આકારની ટેકરી તરફ ભયાનક પ્રયાણ શરૂ કર્યું. હિબ્રૂ માં તે માટેનો શબ્દ છે 'ગુલ્ગથા' અને ગ્રીકમાં 'કાલવરી.'

એ શુક્રવારની સવારે જ્યારે તેઓ ઈસુને લઈ ગયા ત્યારે અમારામાંના જેઓ એ શોકાતુર સરઘસમાં જોડાયા હતા, તેઓને માટે વિશેષ નામનો કોઈ જ અર્થ નહોતો.

અમે થોડું આગળ ચાલ્યા હોઈશું ત્યાં મેં ઈસુને થોભતા જોયા. હું ધક્કાધક્કી કરી આગળ ધસી ગયો, અને મેં માર્ગની ધારે કેટલીક સ્ત્રીઓના એક સમૂહને જોયો. મેં પીતરનાં સાસુ ઇલિઝાબેથનો આંસુથી ખરડાયેલો ચહેરો જોયો. મેં મીરિયમ અને સુશાન્નાના અશ્રુબિંદુઓથી તરબોળ, અતિ કરુણ ચહેરા જોયા, દુઃખિત થોમાસીના માસીએ બંને હાથ બેઉ કન્યાઓની કમરે વીંટાળ્યા હતા. મીરિયમની અને મારી આંખો મળી. ઊભરાતાં આંસુઓએ હૈયામાં ભંડારેલી કેટકેટલી વાતો એકમેકને કહી દીધી! ઈસુએ બધાં તરફ કોમળતાથી નિહાળ્યું.

"યરૂશાલેમની પુત્રીઓ," તેમણે તેઓને કહ્યું, "મારે માટે રડો મા. તમારે માટે અને તમારાં બાળકો માટે રડો."

મહેલના ચોગાનમાં લોહી તરસ્યાં, પાષાણહૃદયી ટોળાં મને સાંભર્યાં, તેઓએ તો બૂમ પાડી હતી: "તેનું લોહી અમારે માથે, અમારાં સંતાનોને માથે!"

ઈસુ આગળ વધ્યા. જે અનિવાર્ય કે અવશ્યંભાવિ છે તેની શરણાગતિ સ્વીકારતા પરાજિત યુદ્ધવીરની જેમ નહિ, પરંતુ પરમેશ્વરનાં સનાતન મંત્રી-મંડળોમાં નક્કી કરાયેલી અને સંપૂર્ણ થયેલી યોજનાઓને અમલમાં મૂકનારની શાંત દૃઢતાથી.

હું સ્ત્રીઓના સમૂહ તરફ ગયો, મીરિયમનો હાથ મારા હાથમાં લીધો અને કહ્યું, "મારી સાથે આવો."

યરૂશાલેમની શેરીઓમાંથી હું અને મીરિયમ પસાર થતાં હતાં ત્યારે જાણે કોઈ ભયાવહ દુઃસ્વપ્નમાંથી પસાર થતાં હોઈએ તેવું લાગ્યું, જેમાંથી અમે જાણતાં હતાં કે થોડા જ વખતમાં જાગીને જીવનના પ્રવાહને એમ જ વહેતો જોઈશું. સૂર્ય હવે તેજસ્વિતાથી પ્રકાશતો હતો, અને મહાન બનાવને માટે શહેર પોતાને તૈયાર કરતું હતું. મોટા ભાગના પ્રવાસીઓ જાગી ગયા હતા, અને આ ધમાલ કે થનાર વિધિઓ જોવા બહાર ઊમટયા હતા. અમે મંદિર પાસેથી પસાર

થયા, ત્યારે મેં ધર્મગુરુઓને છેલ્લી તૈયારીઓ માટે ક્રમબદ્ધ પ્રવેશતા જોયા. હજુ તો નવ જ વાગ્યા છે એમ કોણ માની શકે? જૈતુનના પહાડ ઉપર ઈસુની ધરપકડના સમાચાર લઈને આવેલા માથ્થીએ મારું દ્વાર વહેલી પરોઢે ખખડાવ્યું તેને જાણે કે દિવસો વીતી ગયા હતા. અમે આગળ વધતા હતા ત્યારે દેખાતા દરેક ચહેરામાં, આંખોમાં હું જે કંઈ બની ગયું છે તે તેઓ જાણે છે કે કેમ તે જોવા માંગતો હતો, અને હવે જ શહેરના કોટની બહાર બનેલા બનાવોનો અંત આવવાનો હતો.

એક મુખ્ય પુરોહિતે મંદિરમાં પ્રવેશતાં, મીરિયમને જોઈ, અમને અટકાવ્યા.

"મીરિયમ," તેમણે કહ્યું, "હવે આપણા ઈશ્વરને મળેલ પડકારનો, ધમકીનો અંત આવ્યો છે. આજે દુષ્ટતાને, ભૂંડાઈને આપણે નિર્મૂળ કરી છે. આપણે નાસારેથના ઈસુ વિશે હવે બીજું કશું સાંભળીશું નહિ! આ 'ઈશ્વર-પુત્ર' હવે રોમન ક્રૂસે ઊંચકાવાનો છે.' તેણે બીજાઓને બચાવ્યા, પણ તે પોતાને બચાવી શકયો નહિ! એના શિષ્યો ભાગી છૂટયા છે, અદૃશ્ય થયા છે. તેમની કોઈ નિશાની જડતી નથી, કારણ કે, અમે તો મંદિરના સિપાઈઓ દ્વારા તેમની શોધ ચલાવીએ છીએ."

તેમની આંખો દુષ્ટતાને વાગોળતી ટકટક જોતી હતી. એક ભૂંડા વિજયથી જાણે કે તેના શબ્દો પણ અસંબદ્ધ બની ગયા હતા. "અમે તેમાંનો એક કયાં છે તે જાણીએ છીએ! પણ તે કશી મુશ્કેલી ઊભી નહિ કરે. તેનું નામ યહૂદા છે."

"જ્યારે આ માણસ ઈસુ ક્રૂસે લટકયો હશે ત્યારે જો તે શહેરની પેલી તરફ જોશે તો તે ત્યાં પોતાના એક મહામૂલા શિષ્યને એક દુષ્ટ વૃક્ષ નીચે દોરડાથી લટકતો જોઈ શકશે. હવે આપણે શાંતિમાં જીવી શકીશું. મીરિયમ, હું તમારા પિતા, તમે અને આપણે સૌને ઈસુ વિષે હવે બીજું કશું કયારે ય સાંભળવાનું રહેશે નહિ!"

મીરિયમ કે મેં તેમને કશો ઉત્તર આપ્યો નહિ. ધ્રૂજતા હાથોમાં હાથ પરોવી અમે એકબીજાને હિંમત અને આશ્વાસન આપી રહ્યાં.

અમે નિકોદિમસને ગૃહે આવ્યાં. પેલેસ્ટાઈનનાં મારાં ત્રણ વર્ષ દરમ્યાન જે દીવાનખંડમાં હું બેસતો હતો ત્યાં અમે મીરિયમનાં માતપિતા સાથે

બેઠાં. અમે વાતો કરવાનો પ્રયત્ન કર્યો. જાણે એ સામાન્ય દિવસ હોય, જાણે ખોપરી જેવા આકારની ટેકરી ઉપર કશું જ બનતું ન હોય, એમ અમે વાતો કરવાનો પ્રયત્ન કર્યો, પરંતુ અમારામાંનું પ્રત્યેક સભાન હતું કે જેનાથી હૃદયો ભરાઈ ગયાં હતાં તે વાતો હોઠ પર લવાતી નહોતી. યોસેફ પણ બપોર પહેલાં આવ્યા, અને સ્વાભાવિક વર્તન કરવાનો બહાદુરીભર્યો પ્રયત્ન કર્યો.

નિકોદિમસે યહૂદી શાસ્ત્રોનું એક ઓળિયું લીધું, અને તેમાંથી વાંચવા લાગ્યા.

"વાંચો પિતાજી," મીરિયમે કહ્યું, "યશાયામાંથી વાંચો."

નિકોદિમસ વાંચવા લાગ્યા : "પણ આપણા અપરાધોને લીધે તે વીંધાયો, આપણાં પાપોને લીધે તે કચડાયો, આપણને શાંતિ પ્રાપ્ત કરાવવાને તેને શિક્ષા થઈ ને તેના સોળથી આપણને સાજાપણું મળ્યું છે. આપણે સર્વ ઘેટાંની પેઠે ભટકી ગયા છીએ, દરેક પોતપોતાને માર્ગે વળી ગયો છે, અને યહોવાએ તેના પર આપણાં સર્વનાં પાપનો ભાર મૂકયો છે."

તેમણે ઓળિયું મેજ પર મૂક્યું. તે ઝડપી નિર્ણય પર આવ્યા હોય તેવું દેખાયું.

"યોસેફ," તેમણે કહ્યું, "તમે અને હું આપણે માર્ગે ગયા છીએ. એ તો ધનદોલત, મોજમજા, સત્તા અને પ્રતિષ્ઠાનો માર્ગ છે. આપણે ઈસુ પર વિશ્વાસ કર્યો છે, અને તેમની વિરુદ્ધ કશું કર્યું નથી, પણ તેમના પક્ષે પણ કશું કર્યું નથી, કારણ કે પેલાં વાનાં ગુમાવવાનું આપણે ધિક્કારીએ છીએ. આપણે હવે વધુ વખત નામર્દ રહી ના શકીએ. આપણે એવું કશું કરવું જોઈએ જેથી આપણે સાન્હેદ્રિમના સભ્યોને, વડા પુરોહિત કાયાફાસને અને વૃદ્ધ આન્નાસને બતાવી આપી શકીએ કે આપણે ઈસુ તે જ ખ્રિસ્ત છે, ઈશ્વરપુત્ર છે, તેમ માનીએ છીએ, અને આજ ઘડીએ ઈશ્વર આપણાં પાપનો ભાર તેમના પર મૂકે છે."

તે બોલતા હતા ત્યાં તો શહેર પર આંધીનાં વાદળો ચઢી આવ્યાં. હજુ તો બપોર થયા હતા છતાં આકાશ મધ્યરાત્રિ જેવું કરાલશ્યામ બની ગયું.

શહેરમાં ગયેલો એક ચાકર ગભરાયેલો, શ્વાસ ચઢી ગયેલો, દોડતો આવ્યો, અને કહ્યું, "મંદિરને ધરતીકંપનો જાણે આંચકો લાગ્યો, અને પરમપવિત્ર સ્થાન તથા પવિત્ર સ્થાનને અલગ રાખનાર સુંદર પરદો ઉપરથી તે નીચે સુધી ફાટી ગયો છે."

તોફાન પૂરું થયું, ત્યારે સુશાન્ના અંદર આવી. તેના મુખ પર ઊંડી ચિંતા હતી. "હું સમજી શકતી નથી," તેણે જણાવ્યું, "થોમાસીના માસી અને મેં દરેક સ્થળે તપાસ કરી. પણ પિતાજી કે બીજા કોઈને શોધી શકયાં નહિ. ઈસુને લઈ ગયા પછીની થોડી જ મિનિટોમાં માસી થોમાને મળ્યાં હતાં, તેમની સાથે વાત કરી હતી. પણ તેમણે જણાવેલું કે થોમા ભયથી જાણે ખવાઈ ગયો હતો." થોમાએ કહ્યું હતું, "તે, મારા પિતા માથ્થી અને બીજા શિષ્યોને ખાતરી છે કે સત્તાધીશો તેમને શોધી કાઢશે, તેમના પર ઝડપી મુકદ્દમા ચલાવશે, અને ઈસુને માટે જે ભયાનક હુકમનામું ફરમાવ્યું તે જ તેઓ માટે ઠરાવશે. અમે એક સંતાવાનું સ્થળ શોધી કાઢયું છે, હું તમને પણ તે વિશે કહીશ નહિ, અને યહૂદીઓની બીકથી અમે બારણાં બંધ કરી અંદર પુરાઈ રહીશું". મારા પિતા પણ ડરથી સંતાઈ જાય તે હું માની શકતી નથી."

"સાબ્બાથદિનને શરૂ થવાને માત્ર થોડા જ કલાકો બાકી છે. ઈસુની આજુ-બાજુ ક્રૂસે ચઢાયેલા બંને ગુનેગારોનાં સગાંવહાલાં તેમના મૃતદેહોને નીચે ઉતારવા આવી પહોંચ્યાં છે, તેઓ તો કાયદો જાણે છે કે સાબ્બાથને દિવસે કોઈ મૃતદેહને ક્રૂસ ઉપર લટકેલો રાખી શકાય નહિ. થોમાસીના માસી તો શરીરે મજબૂત છે. તેઓ કહે છે કે 'જો કોઈ પુરુષો નહિ આવે તો હું ઈસુના શરીરને ક્રૂસ ઉપરથી ઉતારીશ.' પરંતુ, અમે જાણીએ છીએ કે તે શકય નથી."

"થોમાસીના માશી!"

"હા, તેમણે તો પોતાની આંખોથી ઈસુને મૃત્યુ પામતા જોયા. તેમના મનમાં હવે કોઈ શંકા નથી."

નિકોદિમસ અને યોસેફ એક નિશ્ચય કરી ઊભા થયા અને દ્વાર તરફ ગયા. તેઓ ત્યાં પહોંચ્યા ત્યારે નિકોદિમસે પાછા ફરી સુશાન્નાને ખભે હાથ મૂકયો.

"દીકરી, બીશ નહિ," તેમણે કહ્યું, "યોસેફ પાસે એક નવી કબર છે, જેમાં કોઈને સુવાડવામાં આવ્યું નથી. હું પિલાત પાસે જઈશ, અને યોસેફ તથા હું ઈસુને ક્રૂસેથી ઉતારીશું."

હું તેમને બારણામાંથી બહાર જતા જોઈ રહ્યો. હું સમજયો કે એજ ક્ષણે તેમણે ધનદોલત, સત્તા, પ્રતિષ્ઠા એ બધાં તરફ પીઠ ફેરવી છે, કદાચ સલામતી તરફ પણ. પરંતુ તેમનાં મુખ પરનો, નિષ્ઠાજનિત આનંદનો જવલંત ઝબકારો હું

જોઈ શક્યો. ઈસુને માટે કંઈક કરવાનું તેમણે શોધી કાઢયું હતું. શનિવાર યહૂદી સાબ્બાથ. રાત્રિ જેવો જ દિવસ વિચિત્ર લાગ્યો. પરોઢ પહેલાં પથારી ઘસવાથી કરચલી પડી ગયેલી ચાદરો અને દબાઈ ગયેલાં ઓશિકાં છોડી હું એન્ટોનિયાના કિલ્લાની ઉત્તરની અગાસીમાં ગયો હતો.

શહેરની દીવાલોની બહારની ટેકરી પરના ત્રણ સૂના ક્રૂસ પ્રતિ મેં ઉતાવળે દૃષ્ટિ ફેંકી અને પાછો ફરી ગયો.

દાદરનાં પગથિયાં ચઢતાં સેન્ડલનો ટપટપ અવાજ મેં સાંભળ્યો. એ પિલાત હતા. "ધીમેથી બોલજો," તેમણે કહ્યું, "આ યહૂદીઓનું થઈ શકે એટલું બધું મેં સહન કર્યું છે!"

પિલાતના મુખ પરની તંગદિલી થોડી ઘટી હતી. આટલી વહેલી પરોઢે કિલ્લાની ઊંચી દીવાલ પરની અગાસીમાં આવવાનું કારણ કહેતાં તે થોડું હસ્યા પણ ખરા. સાન્હેડ્રિમની વડી અદાલતના સભ્યોએ તેમની પાસે મુલાકાત માંગી હતી.

"હવે તેમને શું જોઈએ છે?" મેં પૂછ્યું.

"જે કબરમાં ઈસુને મૂકવામાં આવ્યા હતા તેને શાહી સીલ મારવાની અને તેના દ્વાર આગળ એક પ્રચંડ શિલા મૂકવાની તેમની માંગણી છે. સંપૂર્ણ શસ્ત્ર-સજ્જ રોમન જવાનોની એક ટુકડી પણ ચોકી માટે મુકાય એમ ઇચ્છે છે."

"લુસાનિયસ! તેઓ ડરે છે!" પિલાતે કહ્યું, "હું તેમનાં મુખ પર ડર ડોકાતો જોઉં છું. તેમના દુષ્ટ અને મલિન ઇરાદાઓ પાર પાડયા પછી, ઈસુને ક્રૂસે લટકેલા જોયા પછી, આરીમથાઈના યોસેફે અને નિકોદિમસે કફનનાં વસ્ત્રોમાં વીંટાળીને ઈસુને ક્રૂસ પરથી ઉતારી કબરમાં મૂકયો તે જોયા પછી, તેઓ ડરે છે!"

"તેમણે મને કહ્યું, નામદાર, તે ઠગ જીવતો હતો ત્યારે તેણે કહેલું, "હું ત્રણ દિવસ પછી પાછો ઊઠીશ." તેથી ત્રીજા દિવસ સુધી તો કબરને મજબૂત રીતે બંધ કરી દેવી જોઈએ, જેથી તેના શિષ્યો આવે, અને ચોરીછૂપીથી તેને લઈ ન જાય, અને લોકોને ન કહે, "તે મૂએલાંમાંથી પાછો ઊઠયો છે. નહીં તો આ છેલ્લો દગો તો પહેલાં કરતાં પણ વધુ ભયંકર થશે."

મેં તેમને સખ્તાઈથી કહ્યું, "તો તમે જ જાઓ, અને કબરને મજબૂત રીતે બંધ કરી આવો."

પિલાતના હાથમાં ચર્મપત્રનો એક વીંટો હતો. "તમારી ત્રણ વર્ષની અદ્‌ભુત કામગીરી અને સેવાની પ્રશંસાનું પ્રતીક. મેં એક એથેન્સમાં તમારે ઘેર પણ મોકલાવ્યું છે. એનાથી તમે સેવાનું તમારું બીજું કાર્યક્ષેત્ર પોતે જ પસંદ કરી શકશો. ઉત્તરીય વિભાગમાંથી તમે પાછા ફર્યા ત્યારે મેં તે તૈયાર કરાવ્યું હતું. હવે તમે જવાનું શું કરશો તે હું જાણતો નથી."

રવિવાર આવ્યો. અઠવાડિયાનો પ્રથમ દિવસ. ઝોલડીએ મારાં દ્વારની બહાર ઊભા રહી ઠોક્યું. હું જાગતો જ હતો. કાલે રાત્રે મોડે સુધી અમે નિકોદિમસના ઘરમાં વાતો કરતાં બેઠાં હતાં, અને વાતો પણ કેવી અદ્‌ભુત! સુશાન્ના, યોસેફ અને થોમાસીના માસી પણ હતાં.

આંસુ વહ્યાં નહોતાં, શોકના શબ્દો બોલાયા નહોતા. મને લાગ્યું કે અમારા બધાંમાં પરમ આનંદની, ઊંડા ઉલ્લાસની લાગણી હતી, જાણે કોઈ મહાન વિજય મેળવ્યો હોય, કોઈ પ્રચંડ સિદ્ધિ હાંસલ કરી હોય.

અમે ઈસુ વિષે વાતો કરી. એવી રીતે વાતો કરી જાણે તેની હાજરીથી ખંડ ભરાઈ રહ્યો હોય. જાણે અમે તેમને હાથ મૂકીને સ્પર્શી શકીએ.

"કદાચ, તેમના મનમાં એ જ અર્થ હશે," મીરિયમે કહ્યું, "પાછા ઊઠવા વિશે. કદાચ, આ નૈકટય — તે અહીં હાજર છે તેની સભાનતા — જે આપણાં હૃદયોમાં અત્યારે છે, અને બધા વિશ્વાસ કરનારાંઓનાં હૃદયોમાં સદાસર્વકાળ રહેશે."

"ના," સુશાન્નાએ નિશ્ચિતપણે કહ્યું, "એટલું જ નથી. આવતી કાલે ત્રીજો દિવસ છે. આવતી કાલે પોતે કહ્યું છે તેમ જ ઈસુ મૂએલાંમાંથી પાછા સજીવન થશે."

"ઈસુએ કહ્યું હતું, 'મને મારું જીવન મૂકી દેવાનો અને તેને પાછું ઉઠાડવાનો અધિકાર છે.' મને ઈસુના શબ્દોમાં શ્રદ્ધા છે."

"દીકરી, એ તો પુનરુત્થાનને, છેલ્લે દિવસે," નિકોદિમસે દયાથી કહ્યું.

"ના', સુશાન્નાએ ફરીથી કહ્યું, "આવતી કાલે જ. હું તમને સમજી શકતી નથી. તમે કહો છો કે તમે તેમનામાં વિશ્વાસ રાખો છો, તે ખ્રિસ્ત છે તેમ

માનો છો, છતાં તેમના શબ્દોને સત્ય તરીકે સ્વીકારતા નથી. મારા પિતાજી અને તેમના અને બીજા ઘણા શિષ્યો જેઓ તેમને ત્રણ વર્ષથી ચાહતા અને અનુસરતા હતા તે ઈસુને વધસ્તંભે જડનાર યહૂદીઓના ડરથી આજે બંધ બારણે છુપાઈ રહ્યા છે. આખા શહેરમાં એવા માણસો ઠેરેઠેર છે, જેઓ ઈસુ જ્યારે તેઓનાં બીમારોને સ્વાસ્થ્ય બક્ષતા, અંધો અને અપંગોને સાજા કરતા, ત્યારે ટોળેટોળાંના રૂપમાં ઈસુની આસપાસ ઊમટતા; હવે તે જ ફાવે તેની સાથે સંતાઈ, ડરથી ફફડી રહ્યા છે, નથી બોલતા, નથી ખાતા, નથી નિદ્રા લેતા; માત્ર તેજહીન, અભિવ્યક્તિહીન આંખોથી એકબીજા સામે જોઈ રહે છે, જાણે કે જેની તેમણે આશા રાખેલી અને સ્વપ્નાં જોયેલાં તેના અંતભાગે તે પહોંચી ગયા છે."

સુશાન્ના આવેશમાં ઊભી થઈ ગઈ, તેના ભારેખમ પગ ઓછા લાચાર દેખાયા. "હું કહું છું કે એ વાત સાચી નથી", તેણે કહ્યું, "આ તો અંત નથી, આરંભ છે. મેરી મેગ્દેલીન અને બીજી કેટલીક સ્ત્રીઓ સૂર્ય ઊગે તે પહેલાં હમણાં જ ઈસુના મૃતદેહને તેલ ચોળવા મસાલા તૈયાર કરે છે. હું કહું છું તેઓ ભૂલ કરે છે. તેમણે તો ખરેખર ઈસુના સજીવન શરીર માટે સુંદર ઝભ્ભો અને પગ માટે પગરખાં તૈયાર કરવાં જોઈએ! ત્રીજા દિવસના આગમન માટે આખી દુનિયાએ બરોબર કમર કસી કટિબદ્ધ થઈ જવું જોઈએ!"

મારું મન આજ સંસ્મરણોથી છલકાઈ રહ્યું હતું ત્યારે ઝોલ્ડીએ દ્વાર ખખડાવતાં, મેં ખોલ્યાં, "મને આનંદ છે કે તું જાગે છે." તેણે કહ્યું, "મારે ઘણું ઘણું કહેવું છે. હું ગૂંચવાયેલો છું, આધારહીનતા અનુભવું છું, જાણે કે મારું મન વિરોધાભાસી, વિસંગત લાગણીઓ અને માન્યતાઓથી આમતેમ ખેંચાય છે, તણાય છે."

ઝોલ્ડી બોલતો હતો ત્યારે મેં ઉશ્કેરાયેલા અવાજો ચોગાનમાંથી આવતા સાંભળ્યા. અમે દાદર પરથી ઝપાટાબંધ ઊતર્યા, અને ઊગતા પરોઢના ઝાંખા પ્રકાશમાં મેં મીરિયમ અને સુશાન્ના અને થોમાસીના માસી — અને પોંતિયૂસ પિલાતનાં પત્ની ક્લોડિયાને જોયાં.

"ક્લોડિયસ! ઉતાવળ કરો!" મીરિયમે આવેશથી કહ્યું. "કેટલીક સ્ત્રીઓ કબરે ગયેલી. ત્યારે વિશાળ શિલા હઠાવી દીધેલી જોઈ! યહૂદી વહીવટ-કર્તાઓએ કબરના મુખ પાસે મૂકેલો એ વજનદાર પથ્થર! એ તો ગબડી ગયેલો. ક્લોડિયસ! અને જે રોમન સૈનિકોને સાન્હેદ્રિમના પ્રતિનિધિ મંડળના

આગ્રહથી પિલાતે ગોઠવેલા તે તો લગભગ મૃત સ્થિતિમાં બેભાન થઈ જમીન પર ગબડી પડયા હતા! તેમની ચળકતી તલવારો તેમની પાસે પડી હતી."

"એ સત્ય છે!" મેં સુશાન્નાના અવાજમાં આનંદનો થડકો સાંભળ્યો, "મને વિશ્વાસ હતો એમ જ છે! તેમણે કહ્યું હતું તેમ જ ઈસુ ઊઠયા છે!"

"ઈસુએ તેઓ સાથે વાત કરી," મીરિયમે વાત ચાલુ રાખી, "તે કોઈ વિચિત્ર શબ્દો બોલ્યા નહિ. તે તો એવી રીતે બોલ્યા જાણે એ કદી દૂર ગયા જ ન હોય."

અચાનક દુ:ખની એક અભિવ્યકિતએ જાણે ચંદ્રને વાદળ ઢાંકી દે તેમ સુશાન્નાના ચહેરાના પ્રકાશને ઢાંકી દીધો. તેણે કહ્યું, "પુરુષોએ તેમની વાત માની નહિ. મારા પિતાજી અને બીજાઓએ ધાર્યું કે સ્ત્રીઓ માત્ર કપોળ કલ્પિત વાતો કહે છે, પણ હવે તેઓ પણ માને છે! પ્રથમ પીતર અને યોહાન, અને પછી મારા પિતા અને બીજા કબરે દોડી ગયા. તેમણે જોયું કે તે સાચ્ચે જ ખાલી હતી. નિકોદિમસે ઈસુના મૃત શરીર પર જે વીંટયા હતા તે લાંબાં, જટિલ વેષ્ટનો ત્યાં જ પડેલાં તેમણે જોયાં, અને માથા પર બાંધેલો નાનો ટુવાલ બાજુ પર પડયો હતો. કશું જ આડુંઅવળું નહોતું! તેમણે કહ્યું હતું તેમ જ થયું! ઈસુ ખ્રિસ્ત મૂએલામાંથી સજીવન થઈ ઊઠયા છે!" આટલું કહેતામાં જ તેનો ચહેરો ખુશીના સુવર્ણ ફૂલ શો ઝળકી ઊઠયો.

અરુણોદય

ક્લોડિયસ લુસાનિયસ, ઈસુ ખ્રિસ્તના સેવક તરફથી.........તેના પિતા સન્માનનીય મારકસ લુસાનિયસ, ગ્રીસના એથેન્સ શહેરના તત્ત્વજ્ઞાનના પ્રખ્યાત અધ્યાપકને..........................

આપને અને મારાં અતિ સ્નેહાળ માતૃશ્રીને પ્રણામ :

મેં છેલ્લાં લખ્યું તેને સાત સપ્તાહ વીતી ગયાં છે. એ તો અદ્‌ભુત અને આશ્ચર્યજનક, ન માની શકાય એવાં સાત સપ્તાહ છે. કહો કે, તારાઓના ગીતમાં કૂંપળતા પ્રભાતને અમે જોયું છે. અમે સજીવન થયેલા ઈસુને જોયા છે. તેમના હાથપગમાં મારેલા ખીલાના ઘાને અને છાતીના જખમને જોયો છે. અમે તેમને પોતાના શિષ્યો સાથે જમતા જોયા છે, અને તેમને રોમન ક્રૂસે મારી નાખ્યા તે પહેલાં તે જેવી રીતે વાત કરતા અને શીખવતા તેવી જ રીતે વાત કરતા અને શીખવતા જોયા છે, અમે અંધારાંને ઉલેચાતાં અને લાખો સૂર્યોને જાણે કે એકસાથે ઊગતા જોયા છે.

હવે તે તેમને મૂકી ગયા છે. સાત દિવસ પહેલાં મેં માર્થા, મેરી અને લાઝરસની મુલાકાત લીધી હતી. અને જૈતુન પહાડ પર થઈને હું યરૂશાલેમના શહેરમાં પાછો ફરતો હતો ત્યારે મેં એક આશ્ચર્યજનક, અને વિલક્ષણ માનવસમૂહને જોયો. આકાશોમાં સ્થિરતા અને સ્તબધતાથી તાકીને જોતા તે લોકો ઊભા હતા. પહેલાં તો હું તેમને ઓળખી શક્યો નહિ — માથ્થી અને ફિલિપ, યોહાન અને યાકૂબ, પીતર અને થોમા, નાથાનાએલ અને બીજાંઓને. તેઓએ કહ્યું, "હવે અમે તમારી સાથે જ આવીશું." ઈસુ તેઓને છોડી ગયા હતા, પણ તેમણે તેઓને યરૂશાલેમ જઈને વાટ જોવાનું જણાવ્યું હતું. તેઓ પર ઊતરનાર એક નવા જ પરાક્રમની વાત તેઓને કહી હતી.

તેઓ ગાલીલમાં પાછા ફરી, પોતાનું જૂનું, પરિચિત જીવન ફરી જીવવા માંગતા હતા. પણ ઈસુએ તેમને માત્ર યરૂશાલેમના મહાન શહેરમાં જ નહિ પણ સમરૂનમાં, અને પૃથ્વીના છેડા સુધી પોતાના સાક્ષીઓ બનવાનું જણાવ્યું હતું. તેઓએ હવે વાટ જોવી જ રહી. કશુંક બનવાનું હતું. કશુંક અવનવું આગળ હતું.

તેઓને જોઈને મારું હૃદય ધાસ્તી કે ડરથી ભરાઈ ગયું. મને થયું કે શું ઈસુએ દુનિયા માટે જે યોજના કરી હશે, આશાઓ અને અભિલાષાઓ રાખી હશે, તે હવે આ ખરબચડા, શ્રમથી ઘસાયેલા હાથોવાળા, અશિક્ષિત મનોવાળા, અને વિશ્વાસ કરવામાં પણ મંદ એવા આ માણસોથી સંપૂર્ણ કરાશે? તેઓ જરૂર મારા મિત્રો હતા, અને જે કંઈ સારામાં સારું કોઈ તેઓ વિશે કહી શકે તો તે આ હોય કે ત્રણ દિવસ ઈસુ કબરમાં રહ્યા ત્યારે તે રડયા હતા, વિલાપ કર્યો હતો અને બંધ ઓરડીમાં સંતાઈ ગયા હતા. જ્યારે સ્ત્રીઓ તેમને ઈસુના પુન્રુત્થાનની વાત કહેવા ગઈ ત્યારે તેમણે તે વાતોને દીવાસ્વપ્નો જેવી વાહિયાત માની હતી. હવે તેઓ જાણતા હતા કે ઈસુ સજીવન થયા છે, પરંતુ મેં તેમને પહાડી રસ્તા પર મુશ્કેલીથી ડગ માંડતા જોયા ત્યારે મેં ઈસુને ક્રૂસે ચઢાવવા માટે લઈ જવાતા જોયા હતા તે પછી પ્રથમ જ વાર આ બગાડથી, એ મહાન મૃત્યુની નિરુપયોગિતાથી મારું મન ભરાઈ આવ્યું. પહેલી જ વાર જાણે મેં પરાજયની હતાશા અનુભવી; એવું લાગ્યું કે ઈસુના શત્રુઓ છેવટે જીત્યા છે અને તેમનું જીવવું અને મરવું અર્થહીન, શૂન્ય બન્યું છે.

અમે શહેરના કોટમાં દાખલ થયા ત્યારે તરત જ મેં મારી જાતને કહ્યું કે મારે મીરિયમને શોધવી જ જોઈએ. વેદનામાં પાંગરેલા પ્રણયપુષ્પની ખુશ્બો એ જ હવે જાણે જિંદગીની એક માત્ર મૂડી હતી.

અમે જ્યારે સુપરિચિત દીવાનખંડમાં ભેગાં થયાં ત્યારે મેં મારો ડર તેની સમક્ષ વ્યકત કર્યો. "મીરિયમ, હવે શું થશે?" મેં પૂછ્યું. "આ ખૂબ નાનો દેશ છે. પેલા અગિયાર જણા ખૂબ નબળા અને અસ્થિર છે, અને તેમના ઉપર જ ઈસુ એ ઈશ્વરપુત્ર જ છે એ માન્યતા પુરવાર થવાનો આધાર રહેલો છે ઈસુએ તેમને વાટ જોવાનું, થોભવાનું કહ્યું છે, જેથી તેઓ કોઈ નવું પરાક્રમ પ્રાપ્ત કરી શકે, પણ થોભવું કઠિન છે. જો તેઓ ધૈર્ય ગુમાવે, અશાંત અને ક્ષુબ્ધ બને, અને થોભે નહિ તો શું થાય?"

"ધાર કે તેઓ બધું મૂકી દે અને પોતાનાં ખેતીનાં, મચ્છીમારીના અને કર ઉઘરાવવાનાં કાર્યોમાં પુન: જોડાઈ જાય, અને પેલેસ્ટાઈનના પ્રદેશમાં જે ત્રણ અદ્ભુત વર્ષો ઈસુ જીવ્યા અને જે મહાન શહાદતને તે ભેટયા તે તો માત્ર એક આખ્યાયિકા કે દંતકથા બની જાય; અને આખી દુનિયામાં જે આજે જીવે

છે, અને જે હવે પછીનાં સૈકાઓમાં જીવવાનાં છે, તે કદાચ ઈસુ વિષે કયારેય સાંભળશે નહિ!"

મીરિયમ મારી સમક્ષ ઘૂંટણે પડી અને તેણે મારા હાથ અતિ સ્નેહથી તેના કોમળ હાથમાં લીધા.

"ક્લોડિયસ, મારું સાંભળો," તેણે મૃદુતાથી, ધીમાશથી કહ્યું, "એ સમજવું કે ઈસુ ખ્રિસ્ત, પરમેશ્વરના પુત્ર, જે અનંતતાથી અનંતતા સુધી છે અને રહેશે, જેમણે બ્રહ્માંડની આ નાનકડી સૃષ્ટિનું સર્જન કર્યું છે, જે આપણે જેમ ઢળેલું દૂધ લૂછી નાંખીએ તેમ આ સૃષ્ટિનો નાશ કરી શકે છે, તે ઈસુ ખ્રિસ્તને પણ માનવીઓની જરૂર છે એ વસ્તુ જ કેટલી ધ્રુજાવી નાંખનારી અને અદ્‌ભુત છે! તેમણે જ આ અગિયારને પસંદ કર્યા છે, જે અગિયાર આપણને કેટલા નબળા, અસ્થિર અને બિનકાર્યક્ષમ લાગે છે, તેમને પસંદગી આપનાર તે જ છે, અને તે ભૂલ ન કરે. તે તેમનામાં એવી સુષુપ્ત શકિતઓ જુએ છે, જે નથી આપણે જોઈ શકતા કે નથી તેઓ જાતે જોઈ શકતા. ઈસુને તેમની જરૂર છે, અને તેઓ નિષ્ફળ નહિ જાય."

"જે દુન્યવી રાજ્ય, જે દુન્યવી સત્તાની તેઓ આશા રાખતા હતા તે કદી જ બનવાનું નથી. આજ પછી પેલેસ્ટાઈનમાં ઈસુના અનુયાયી થવાનો અર્થ છે રખડપટ્ટી, સતાવણી, કેદ, અને કદાચ મૃત્યુ પણ; પણ તેઓ પીછેહઠ કરશે નહિ. સમગ્ર માનવકુળ સુધી તેમની યોજનાઓ પહોંચાડવા ઈસુને સ્ત્રીઓ તથા પુરુષોની જરૂર છે. ક્લોડિયસ, હું માનું છું કે ઈસુને તમારી જરૂર છે, અને મને લાગે છે કે મારી પણ જરૂર છે."

મારું ક્ષુબ્ધ હૃદય શાંત થઈ ગયું. હું નીચો નમ્યો અને મેં હૃદયસમ્રાજ્ઞી મીરિયમને ચુંબન કર્યું. દીર્ઘ આશ્લેષમાં જાતિની, ધર્મની, સંસ્કૃતિની બધીયે દીવાલો કકડભૂસ થઈને તૂટી પડી. હવે હતાં અમે બે જ — એક યુવાન અને એક યુવતી, આંખો સામે જ ઊગ્યો હતો — અંધારાંને ઉલેચતો સ્નેહનો અને સત્યનો સૂર્ય. ઓતપ્રોતતાની સુવર્ણ છોળોમાં અમે તરબોળાઈ રહ્યાં.

હું આ લખું છું ત્યારે તમારા ચહેરા કેવા થયા હશે તે સમજવા પ્રયત્ન કરું છું. મેં જે લખ્યું છે તેની યથાર્થતા કે સત્યતા વિશે તમને શંકા છે?

તમે, બાપુજી, જ્ઞાનને જ્ઞાન માટે ચાહો છો, વાસ્તવિકતાના સિદ્ધાંતોને તપાસનાર વિજ્ઞાનમાં તમારી ઊંડી સૂઝને લઈ તમે જ્ઞાનને ઝંખો છો; અને તમે વહાલી માતા, તમારો ઉછેર કોમળ અને જીવન સુરક્ષિત છે. શું તમને પણ શંકા છે કે જે વ્યકિતએ અહીં ત્રણ વર્ષ સુધી અવિસ્મરણીય શિક્ષણ આપ્યું, જે રોમન ક્રૂસ પર શરમજનક મૃત્યુને આધીન થઈ, તે ખ્રિસ્ત, ઈશ્વરપુત્ર, હોઈ શકે અને છે? શું તમારામાંના એકને એનો શક પડે છે? તમારે એવો કોઈ શક રાખવાની કે શંકા ઉઠાવવાની કંઈ જરૂર નથી.

મને એક સંપૂર્ણપણે ખાતરીજનક પ્રકરણ ઉમેરવા દો — એ તો મારા મિત્રો, માથ્થી અને બીજા શિષ્યો, જે અગિયાર માણસો ત્રણ વર્ષ સુધી ઈસુની સાથે હતા, જેમણે તેમનો ઉપદેશ સાંભળ્યો, જેમણે તેનું પરાક્રમ નિહાળ્યું. જે, જ્યારે કસોટીકાળ આવ્યો ત્યારે નબળા, ડરપોક અને વિશ્વાસ વિનાના હતા, મેં આજે એ માણસોને જોયા છે.

મારી સાથે પોતાને અહીં, યરૂશાલેમના શહેરમાં, કલ્પી લો. આ જ શહેરમાં છ સપ્તાહ પહેલાં ધરપકડ, મુકદ્દમો અને ક્રૂસારોહણના બનાવો બન્યા. કશું જ બદલાયું નથી. એ જ માણસો આજે પણ સાન્હેદ્રિમની વરિષ્ઠ અદાલતમાં ઊંચે સ્થાને બેઠા છે. વડા પુરોહિત કાયાફાસ પણ ત્યાં જ છે, અને તેમનો દુષ્ટ શ્વસુર આન્ના અને તેના ગોઠિયાઓ પણ છે જ. તેઓ બદલાયા નથી, કદાચ વધુ કડવાશવાળા, વધુ કઠોર અને વધુ આશાભંગ બન્યા હશે. તેઓ ઈસુનું મોત ઉપજાવવામાં સફળ બન્યા છે, પણ તેમનું શિક્ષણ અને તેમનામાં મુકાતા વિશ્વાસને ઘસીને કાઢી નાંખવામાં સફળ થયા નથી.

મારી સાથે જ્યાં સાન્હેદ્રિમની સભા ચાલુ છે તે કાયાફાસના મહેલમાં ચાલો. પીતર, અને યોહાનને પકડવામાં આવ્યા છે. 'સુંદર' નામે ઓળખાતા દરવાજાની બહાર તેમણે એક લંગડા માણસને સાજો કર્યો છે, અને આખું શહેર ખળભળી ઊઠ્યું છે.

તમારાં હૃદયોમાં ભય સાથે તેમને નિહાળો. પીતરને જુઓ — જેમણે ઈસુ વિષે — સમ આપીને, શ્રાપ દઈને — કહ્યું હતું. "હું એ માણસને ક્યારેય ઓળખતો નથી!" યોહાનને જુઓ, જેમની શકિતને કદી કસોટીની એરણે ચઢાવવામાં આવી નથી. મારી જેમ તમને પણ થશે કે અંત આવી ગયો.

કાયાફાસને અવાજમાં ક્રોધ સાથે ગર્જતાં સાંભળો, "કોને નામે અને કોને અધિકારે તમે આ કર્યું?"

પીતર ઉત્તર આપે છે તે ઊંડો શ્વાસ લઈને સાંભળો: "નાસારેથના ઈસુ ખ્રિસ્તના નામમાં, જેમને તમે ક્રૂસે ચઢાવ્યા, જેમને ઈશ્વરે મૂએલાંમાંથી પુનઃ સજીવન કર્યા! એમના થકી જ આ માણસ સાજો થઈને તમારી સમક્ષ ઊભો છે."

પીતર અને યોહાનને ન્યાયાલયમાંથી કાઢી મૂકતા આગેવાનોને નિહાળો. તેઓ પહેલાં તો ગુસપુસ કરે છે, પછી શું કરવું જોઈએ, તે માટે, ગુના અંગે આંખમીંચામણાં કરવા, આંખ આડા કાન કરવા વધુ ને વધુ મોટેથી બોલતા જાય છે. તેમના ક્રૂર ચહેરાઓ પર આશા મૂકી દીધાનો ભાવ છે તે જુઓ. તેઓ પૂછે છે: "આ માણસોનું આપણે કરીશું શુ?" તેમના દ્વારા એક વિખ્યાત ચમત્કાર બન્યો છે તે યરૂશાલેમના બધા રહેવાસીઓને માલૂમ છે. આપણે તેનો ઇન્કાર કરી શકતા નથી. કદાચ, જો આપણે તેમને ધમકાવીએ, ધાક ધમકી આપીએ, તો તેઓ પોતાના આગેવાનને યાદ કરે! તેમને પાછા બોલાવો!"

કાયાફાસને આમ કહેતાં સાંભળો: "અમે તમને ગંભીરતાથી આદેશ આપીએ છીએ કે ઈસુના નામમાં તમારે કંઈ કહેવું નહિ કે પ્રબોધવું નહિ."

તેઓનો ઉત્તર સાંભળો: "અમે જે કંઈ જોયું છે, જે કંઈ સાંભળ્યું છે તે કહ્યા વિના અમે રહી શકવાના નથી જ."

તેઓ બીજા શિષ્યોને મળે છે ત્યાં આવો. આ માત્ર બે જ છે એવા વિચારથી — ભયથી તમારું હૃદય કદાચ ધ્રૂજી જાય — બીજા કદાચ એવા બળવાન નયે હોય. તેઓ આતુરતાથી જે પ્રશ્ન પૂછે છે તે સાંભળો: "તેમણે શું કહ્યું? તેમણે શું કર્યું?" પીતર અને યોહાનને ધમકીઓને ફરીથી કહી બતાવતાં સાંભળો.

તેઓ પ્રાર્થના કરવા માંડે ત્યારે એકદમ શાંત અને સ્થિર ઊભાં રહો.

તેમના શબ્દો સાંભળો ત્યારે વિજયના આનંદોલ્લાસથી તમારાં હૃદયોને ગાઈ ઊઠવા દો:

"સર્વોપરી સ્વામી, તમે તો આકાશ અને પૃથ્વી અને સમુદ્ર અને તેમાં જે કંઈ છે તે સૃજ્યું છે. તમારા પુત્ર ઈસુની વિરુદ્ધ આ પૃથ્વીના રાજાઓ ઊભા

થયા, હેરોદ અને પોંતિયૂસ પિલાત, ઇસ્રાયલના લોકો અને વિદેશીઓ પણ સામા પડયા. અને હવે હે પ્રભુ, અમને અપાયેલી તેમની ધમકીઓ જુઓ, અને અમને પૂરેપૂરી હિંમતથી, સંપૂર્ણ જુસ્સાથી બોલવાની શકિત આપો!"

તમારાં હૃદયોને કહેવા દો કે, "અમે સૌથી મહાન ચમત્કાર નિહાળીએ છીએ." એ અગિયાર માણસોનો ચમત્કાર, જેઓ બીતા હતા અને આજે બહાદુરીથી ભરપૂર છે, નિર્ભયતાનાં પૂરથી છલકાય છે; જેઓ નિર્બળ હતા અને આજે પરાક્રમનાં ઊર્ધ્વ શિખરો સમા છે. અગિયાર માણસો જેઓ તેજશિખા શી વાણીથી બોલવાના છે! અગિયાર માણસો જેઓ આખી પૃથ્વીને ઊથલપાથલ કરવાના છે!

મેં, ક્લોડિયસ લુસાનિયસે, તેમણે જે વાનાં નિહાળ્યાં છે તે નિહાળ્યાં છે. જે વાતો તેમણે સાંભળી છે તે મેં પણ સાંભળી છે.

મારે પણ પૂરેપૂરી હિંમતથી, ઈસુ વિશ્વાસથી, શ્રદ્ધાટંકારથી, બોલવું જ રહ્યું! મીરિયમના ઉષ્માભર્યા, પ્રેરણાત્મક સાથમાં ધરતીની પ્રીતિ અને આકાશની મહેક ચારે દિશામાં પ્રસરાવવી જ રહી!

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીનાં પ્રકાશનો

(૧) ક્રોસ અને કવિ (કાવ્ય સંગ્રહ) રૂા. ૨-૫૦ — યોસેફ મેકવાન

(૨) ઈસુ જીવન દર્શન—ભાગ ૧ ⎫ સચિત્ર રંગીન
(૩) ગીદુ ગધેડો બેથલેહેમમાં ⎭ બાળવાર્તાઓ દરેકના રૂા. ૨-૫૦

(૪) બેનહૂર (નવલકથા) પ્રેસમાં — ભગવતપ્રસાદ ચૌહાણ

(૫) પરોઢિયે પ્રાણાર્પણ (નવલકથા) પ્રેસમાં — ડૉ. હેમિલ્ટન સત્વેદી

(૬) સ્ત્રી-પુરુષસંબંધ I MARRIED YOU નો
અનુવાદ (પ્રેસમાં) — ભગવતપ્રસાદ ચૌહાણ

(૭) વેદના અને વિજય (નાટક)

(૮) બોધ કથાઓ (પ્રેસમાં) — સેમ્યુઅલ ત્રાજકર

(૯) જીવન જીવી જાણનારાં અર્પણો — જયવંતીબહેન ચૌહાણ

(૧૦) ઈસ્રાયલ—એક અનોખી પ્રજા — રેવ. જયાનંદ ચૌહાણ